કુમાર

સંસ્થાપક · રવિશંકર રાવળ

આવતી કાલનાં નાગરિકોનું માસિક · એપ્રિલ · ઈ. સન ૧૯૭૧
વર્ષ ૪૮મું · અંક ૪થો
સળંગ અંક ૫૬૮




કલગીધારી કુંજ (ક્રાઉન્ડ ક્રેન) સામાન્યતઃ ત્રણેક ફૂટ ઊંચું આ પંખી મધ્ય આફ્રિકામાં નદી-સરોવરની પાસે ઘાસવાળાં મેદાનોમાં ટોળાંબંધ રહે છે.
ફોટો · જિતેન્દ્ર એમ. શાહ

તંત્રી · બચુભાઈ રાવત



નર્તકી · ચિત્રકાર વાસુદેવ સ્માર્ત

ગઈ સદીની છેલ્લી પચ્ચીસીથી યુરોપ (અને પછી અમેરિકા)માં વાસ્તવદર્શી–આબેહૂબ–કલાનિરૂપણ કરવું છોડીને મન પર પડેલી છાપને કે કલ્પનામાં ઊઠેલા ચિત્રને, તાદૃશતાના બંધન વિના, આકૃતિઓ અને રંગના મુક્ત વિન્યાસથી નિરૂપવાની જે શરૂઆત થઈ તેમાં વિવિધ પ્રતિભાઓએ અવનવી શૈલીઓ સર્જી. ભારતીય કલામાં પણ અજંટાથી માંડીને ગુજરાતની તળપદી ચિત્રકલા તથા લોકકલા સુધીમાં એવી અનેક શૈલીઓ છે. પશ્ચિમની આધુનિકતાના મોહમાં તણાયા વિના એવી એતદ્દેશીય શૈલીઓને પચાવી નિજી નિદર્શનો કરનારા કલાકારોમાં શ્રી વાસુદેવ સ્માર્ત 'કુમાર'ના વાચકોને પરિચિત છે. એવી એક શૈલીના એમના આ ચિત્રમાં રંગ અને આકૃતિઓની સપાટ રચના છે. મુખ્ય ચિત્રવિષય નર્તકીને મોટા કદમાં દર્શાવીને પ્રેક્ષક રાજા તથા વાદ્યકારોને અલગઅલગ ચોકઠાંઓમાં નાનાં દર્શાવ્યાં છે. નર્તકીના સમૃદ્ધ વસ્ત્રાલંકારોને એવા જ તેજ લાલ રંગની ભૂમિકા આપી, ઉપર નીચેના આસમાની પટ્ટા તથા ચોકઠાંઓની પ્રમાણભારવાળી સંયોજનાથી ચિત્રને એવો ચોટદાર ઉઠાવ આપ્યો છે કે લાંબા સમય સુધી તે નજર આગળથી ખસે નહિ.



('કુમાર' અંક ૫૬૮ · એપ્રિલ ૧૯૭૧)

એપ્રિલ ૧૯૭૨ · અંક ૫૬૮

તંત્રી: બચુભાઈ રાવત ∞ ઉપતંત્રી: બિહારીલાલ ટાંક

કોઈ આકસ્મિક કારણે અંક મોડો ન થયો હોય તો 'કુમાર' દર માસની ૧૫મી તારીખે બહાર પડે છે; એટલે તે અરસામાં અંક ન મળે તો તરત તેની ફરિયાદ કરવી. અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી તો પહોંચી વળવાનો અમે પ્રયત્ન કરીએ છીએ; પરંતુ એવા ગુમ થએલા કોઈ પણ અંકો ભરપાઈ કરી આપવાનું કશું બંધન અમારે માથે રહેતું નથી.

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક: બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન: કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ
વાર્ષિક લવાજમ: રૂ. ૧૭-૦૦, પરદેશ: રૂ. ૨૮; શિ૦ ૩૦; ડૉ. ૪. છૂટક નકલ: રૂ ૧-૭૫

વાચકો લખે છે

ડિસેમ્બર અંક સોનામાં સુગંધ જેવો અંક છે. તેમાં પણ ચાર્લ્સ ડિકન્સનું જીવન-ચરિત્ર સારું છે. પણ કંઇક ભૂલ થતી હોય તેવું લાગ્યું. ૧૯૬૨ના માર્ચમાં શ્રી વસંત જોશીએ લખેલ ચરિત્રમાં ડિકન્સનો જન્મ ૧૮૬૨માં જણાવેલ છે. ઉપર પૂર્વભૂમિકાની લાઇનમાં ૧૫૦મી જન્મજયંતી જણાવી છે. તેથી જન્મ ૧૮૧૨માં હોય અથવા ૧૦૦મી જયંતી હોય.

તેવી જ રીતે આ ડિસેમ્બરના અંકમાં ૯મી જૂન ૧૮૭૦માં મૃત્યુ થયું તેમ જણાવ્યું છે (પૃ. ૪૬૪)ને પૃ. ૪૬૫ પરના ફોટોમાં ૧૮૮૮માં તેની તસ્વીર છે, તો પછી તે ૧૮૭૦માં મર્યો ન હોય અથવા ૧૮૮૮ના બદલે બીજી સાલ હોય.

(અંજાર-કચ્છ) —ભારતી શાહ, વૃંદા મહેતા

[* શ્રી વસંત જોશીવાળા લેખમાં જન્મ સાલની છાપ ભૂલ હતી (૧૮૧૨ જોઇએ), અને આ ડિસેમ્બર અંકમાં છબિની નીચે ૧૮૬૮ને બદલે ૧૮૮૮ પણ છાપભૂલ છે, જે યંત્ર ઉપર ધ્યાન ખેંચાતાં તરત સુધારી લેવાઈ હતી. આપને ભૂલવાળી પ્રત મળી તે માટે દિલગીર છીએ.]

Anyone wanting penfriends in Germany, Europe or other continents of the world may write to me either in English or German and enclose a self-addressed envelope together with several International Reply Coupons which can be bought and date-stamped at the local post-office or G. P. O I welcome letters from individuals of either sex, all ages, all walks of life, any creed or colour. All your readers are invited to penfriendship. —(Miss) A. M. Braun, International Correspondence Bureau, D-8 Muenchen 15, Lindwurm-Str. 126-A, Western Germany

મારે વર્ષ ૧ થી ૧૦ તથા વર્ષ ૧૫ (સળંગ અંક ૧-૧૨૦ ને ૧૬૯-૧૮૯)ની ફાઇલો જોઇએ છે. કોઈને તે કાઢી નાખવી હોય તો મને લખશો.


(વાંકાનેર) —છોટાલાલ માનસિંગ કામદાર

ઍડ્રેનલ કે સુપ્રારીનલ ગ્રંથિઓ

(કાયા-કરામત-૩૫)



માણસના બંને મૂત્રપિંડો પર ઉપર દર્શાવ્યા પ્રમાણે બે ઍડ્રેનલ ગ્રંથિઓ હોય છે. નીચે વચ્ચે ગોળાકારમાં દર્શાવ્યા પ્રમાણે તેના બે ભાગ છે: બહારનો 'કૉર્ટેક્સ' અને અંદરનો 'મેડુલા'. મેડુલામાંથી 'ઍડ્રેનલીન' સ્રાવ સ્રવે છે. ક્રોધ ભય કે ચિંતામાં એનું પ્રમાણ વધતાં શ્વાસનળીઓ પહોળી થાય છે, કેશવાહિનીઓ સંકોચાય છે અને લોહીનું દબાણ વધે છે. પ્રાણીઓમાં એમની આંખની કીકીઓ પહોળી થઈ આંખના ડોળા આગળ આવી જાય છે ને શરીર પરના વાળ ઊભા થઈ જઈ એમનો દેખાવ ડરામણો બની જાય છે. (જુઓ બિલાડી) ઍડ્રેનલીન હૃદયની માંસપેશીઓને પુષ્ટિ ને ઉત્તેજન આપે છે. એની ઓછપથી થાક, નિરુત્સાહ ને ચીડ વરતાય છે તો વધુકા પ્રમાણથી વાચાળતા, ઝનૂન અને તરવરાટ. કૉર્ટેક્સનો સ્રાવ 'કૉર્ટિન'. એના વધારાથી બાળકમાં અકાળે પુખ્તતા ને સ્ત્રીઓમાં પુરુષત્વનાં લક્ષણો દેખાય છે. એની ઊણપથી 'એડીસોનિયન ઍનીમિયા' થાય છે. વય વધવા છતાં આ ગ્રંથિઓનું કાર્ય મંદ પડતું નથી. શરીરમાંથી 'મેડુલા' કાઢી લઈએ તો બહુ હાનિ ન થાય પણ કૉર્ટેક્સ વિના દસ દિવસમાં જ મૃત્યુ આવે. નીચે જમણી બાજુ ઍડ્રેનલ ગ્રંથિનો થોડોશો ભાગ બહુ મોટો દર્શાવી તેના કૉર્ટેક્સ ને મેડુલાની અટપટી રચનાનો ખયાલ આપ્યો છે.



વન-પ્રવેશે / જયન્ત પાઠક

·પૃથ્વી સૉનેટ·

હરેક પગલું હવે વન ભણી, અજાણ્યા વને.
ન તે વન રમ્યા ભમ્યા સપન સંગ જ્યાં શૈશવે:
પતંગપરીઓ, હવાલહર, ભૃંગગુંજારવે
પ્રસુપ્ત કળીઓ કશી ખીલતી રંગના વૈભવે!

ન તે વન કુંવારું કો હરણકન્યકાના ગીતે
છલી વહતું વાંકીચૂંકી ગતિએ ફીણાળા સ્મિતે
ભરી કુહર, ધોધ થૈ પડતું પથ્થરોની પીઠે;
યુવા-વન ન તે ઘટામુખર પંખીગીતે મીઠે.

હરેક પગલું હવે વન ભણી, અજાણ્યા વને;
લીધેલ વયભાર લૈ, ચરણથાક લૈ ચાલવું;
પ્રલંબ પથધાર કોરી, તૃણપંક્તિ ન્હેરાયલી,
દિશા-ક્ષિતિજનું દગે જીરણ ઝાંખુંઝાંખું થવું.
ખરે પરણ: શૂન્યતા ગળતી જાય ન્હોળાયલી
હરેક પળને, હરેક પદચિહ્નને ને... અને.

આ બંને ચૌદહાર સૉનેટોમાં વાર્ધક્યનો વિષાદ નિરૂપ્યો છે. ઝૂમઝૂમતા બાળપણનું અને હણહણતા યૌવનનું સ્મરણ કરીને, સૂકા પાન જેવા થઈ ગયેલા, વયભારના થાકથી ઘસડાતાં ઘસડાતાં શૂન્યતામાં સરી રહેલા જીવનનું એમાં કરુણ ગાન છે: જાણે પોતે જ પોતાનો ડાઘુ હોય!

અવધિ / જશવંત લ. દેસાઈ

·શિખરિણી સૉનેટ·

હું જાણું છું મારી અવધિ અવ પૂરી: નયન જે
શિશુકાલે વાર્તા ચકલી શુક ને શ્વાનની સુણી,
નર્યા હર્ષોલ્લાસે છલછલ જતાં મુગ્ધ છલકી,
હવે તે મૂર્તિ શાં અચલ સુણીને ચંદ્રવિજય.

હું જાણું છું મારી અવધિ અવ પૂરી: હૃદય જે
અહો! પંખાળા કો હય સમ નિહાળી ક્ષિતિજને
અધીરું ઊઠતું હણહણી, રહેતું થનગની,—
સમેટી અંગાંગો ભયભીત હવે કૂર્મ સરખું.

હું જાણું છું મારી અવધિ અવ પૂરી: સ્મરણની
અહો! અંધે ચીડી મઘમઘ થતી ડાળ પર જે
જતું ઊડી, ઝૂરી મધુરજનિની માણુત મઝા,—
હિયાની એ પાંખો ખરી ગઈ સૂકા પર્ણ સમ હા!

પૂરી થૈ છે મારી અવ જીવનયાત્રા, હું મૃત છું;
હું દેખાઉં છું તે વહત મુજને ડાઘુજન છું.

ઝૂઝે / ધીરુ પરીખ

·કટાવ·

અન્ધકારના અજગર કેરા
કસાઈ ભરડે ભીડી
આખી અવની ઝૂઝે:
રહીરહીને હાંફે,
ફરીફરીને ચીખે,
ક્ષુબ્ધ ચડેલી ધરણી કણસે.

વારે વારે વ્હેતી લ્હેરે
શ્વાસ અને નિશ્વાસ મહીં
શી એક વેળની ઝાકઝમાળી
દશા જ વણસે.
એમ લાગતું ઝગમગ ઝગમગ
ખાતો આ શો ગ્રામણદીપ કૈં બૂઝે!
અવની આખી ઝૂઝે!

ઝૂઝી ઝૂઝી રોમેરોમે
બાઝયાં કૈં પ્રસ્વેદ-ટીપાં
ઝાકળનાં ઝળકે.
લાલ અધર-પ્રાચીથી સોનલ
જય કેરું સ્મિત સળકે!

ઝૂરે / ભગવતીકુમાર શર્મા

·ગઝલ·

પાંદડાંની આડમાં કિરણો ઝૂરે;
છાંયડાની ધાર પર તડકો ઝૂરે.
સાંઢણી તો વેગથી ચાલી ગઈ;
રણની રેતીમાં ચરણચિહ્નો ઝૂરે:
બંધ બારી બ્હાર સૂરજ સમસમે;
ને અહીં નિશ્ચેષ્ટ થઈ પરદો ઝૂરે.
આંખડી ઝડપી ગઇ અવસર મધુર;
ધ્રૂજતા હોઠો ઉપર શબ્દો ઝૂરે.
ફૂલને તો ઠેસનો રોમાંચ છે;
કિન્તુ અટકેલો આ હિંડોળો ઝૂરે.
ક્યો, હજી વર્તાય પાંખોનો હિલોળ!
સાવ ખાલી નીડમાં ટહુકો ઝૂરે.

પંખીડાં / માણેકલાલ પટેલ

·ચોપાઈ·

પંખીડાં ઓ ઊડયાં જાય,
પાંખે જંગલ લેતાં જાય.
આગળ ઊડે રૂપલા હાર,
પાછળ ખરતી રેખ હજાર.
રેખરેખથી ઊતરે વ્યોમ,
હળુહળુ શ્વાસે લોટે લોમ.
વ્યોમલોમનો ભીનો વાન,
ભીને વાને ફૂટે પાન.
પાને પાને ઊડે ગાન,
ગાને ગાને ઝૂલે ધાન!

ત્રણ હાઇકુ / ધીરુ પરીખ

જાતે જ તોડી
રમકડાં પોતાનાં
રડતું બાળ.

ચંદન કાષ્ઠે
જલતું શબ: પૂછે
બાટી રંધાય.

છૂટયા ગાંગળે
ધોરી; હાંફતા જુએ
ભરેલું ગાડું!

ઉપલાં ત્રણ કાવ્યો પૈકી પહેલામાં ઝૂઝવાનો ને બીજામાં ઝૂરવાનો ભાવ છે, તો ત્રીજામાં છે સાદી બાનીમાં રમ્ય નિસર્ગદર્શન. પહેલામાં ઝૂઝવાને અંતે જયનું સ્મિત સળકે છે; બીજામાં છે ઝૂરવાની વેદનાનો કલ્પનારંગી વ્યાપ.

પીડિતોમાં પ્રભુનાં દર્શન કરવાની આત્મદીક્ષા પામીને ભારત આવેલા માનવસેવક મરમી



દીનબંધુ ઍન્ડ્રુઝ

આ વર્ષ એમના જન્મની શતાબ્દીનું છે અને આ (એપ્રિલ) માસ છે એમના મૃત્યુની પુણ્યતિથિનો.

લેખક
કનુભાઈ જાની

'પિતાને મેં છેતર્યા! હું ચૂપ કેમ રહ્યો!' બળબળતા હૈયે વારંવાર શબ્દો ઊઠતા હતા. ૧૯ વર્ષના ચાર્લ્સ ફ્રીઅર ઍન્ડ્રુઝે શાળાજીવન સમાપ્ત કર્યું હતું. કૉલેજની શિષ્યવૃત્તિ એ જીત્યો હતો. પિતા ખુશ હતા. સાંજે ફરવા જતાં, વર્ષોની પોતાની મહેચ્છા એમણે પુત્ર પાસે વ્યક્ત કરી હતી: 'હવે તું પાદરી થઈશ...' ને ચાર્લી ચૂપ રહ્યો હતો! 'ત્યારે જ કહેવું જોઈતું હતું કે હું લાયક નથી. મારાથી...'

અને આપણને 'મામૂલી' લાગે તેવાં અનેક 'મોટાં' પાપો એને યાદ આવ્યાં: 'દેવળમાં જાઉં છું, પણ અંતર ક્યાં સ્વચ્છ હોય છે? યાંત્રિક રીતે પ્રાર્થના થાય છે.'... 'જોકે વર્ષો થયાં, પણ તે દિ' મારા જ ભાઈને મેં કેવી ભયંકર ગાળ દઈ દીધેલી: You fool!'... 'ને પેલા સટનવૂડ્ઝમાં કળણ વચ્ચે એકલા જઈ આવ્યાનું પરાક્રમ બતાવવા, બરુનાં ઠૂંઠાં વચ્ચેના માળામાંથી ચારે ય ઇંડાં ઘેર લઈ આવેલો! તો ય બા-બાપુ વઢ્યાં નહોતાં! પણ બિચારી પંખિણીને શું થયું હશે?'... 'ને સૌથી મોટું પાપ...'

અને એણે મનમાં નજર કરી તો ત્યાં જાણે કે એક ચાઠું હતું! એ પ્રસંગ એને યાદ આવ્યો. માતાના એક સગા સાથે, પિતાની રજા લઈ, સૌ બાળકો લંડન ગયાં હતાં. રાત્રે પાછાં આવવાની સૂચના હતી. 'અરે, પ્રદર્શનની રોશની જોયા વિના જવાય?'–પેલા સગાનો આગ્રહ હતો. અને એમણે તાર કર્યો કે ગાડી ચૂકી જવાને કારણે બાળકો રોકાઈ ગયાં છે. આ બહાનામાં પોતાની સંમતિ હતી! તે પછી યે પોતે આ વાત પિતાથી છુપાવી તેનું ચાર્લીને દુઃખ હતું. 'ને આજે પિતાએ એમની મહેચ્છા પ્રગટ કરી ત્યારે તો મારે બોલવું જ જોઈતું હતું ને?!...'

એની વેદના વધતી જતી હતી. આ મંથને, આખરે, એવું રૂપ લીધું કે એ 'ચાર્લી'માંથી 'દીનબંધુ' પ્રગટ્યા. એ પ્રાગટ્ય જોઇએ તે પહેલાં આવું મંથન આવડા છોકરામાં પ્રગટાવનાર પરિબળો ક્યાં હતાં તે જોઈએ.

માતા: પ્રેમ · ભક્તિ · પરિશ્રમ

૧૨મી ફેબ્રુઆરી ૧૮૭૧માં ઈંગ્લૅન્ડના ન્યૂ કૅસલમાં ચાર્લ્સ (ચાર્લી)નો જન્મ. એ સાત વર્ષનો થયો ત્યાં સુધીમાં તો કુટુંબે ચાર સ્થળાંતરો કર્યાં: ન્યૂ કૅસલ, કાર્લાઈલ, પાછું ન્યૂ કૅસલ અને બર્મિંગહામ. (પાછળથી ઍન્ડ્રુઝને એક નૉર્વેજિયન વિદ્વાને The Wandering Christian કહ્યા છે. એ ભ્રમણ જન્મતાં જ શરૂ!) અગિયાર ભાઈ-ભાંડુઓથી સભર કુટુંબને માતા મેરી શાર્લોટ અત્યંત પરિશ્રમે, પ્રેમથી પાળતી. પિયરના સંસ્કાર પ્રમાણે સ્કૉટલૅન્ડના બહારવટિયાનાં કથાગીત, ભજન, વાર્તા—આ રોજનું હતું. બાઈબલની આખ્યાયિકાઓ પણ. એમાં બાળ ઈશુને સંહરવાની ઇચ્છાવાળા રાજા હૅરૉડની વાર્તામાં, પૂર્વથી આવેલા ત્રણ ડાહ્યા પુરુષોનું ચિત્ર તો આ હૂબહૂ ખડું કરતી. રાતદિ', ટાઢ-તડકો જોયા વિના, રણો પાર કરીને, એકમાત્ર તારકની એંધાણીએ પોતાનો માર્ગ કાપીને એ આવી ચડેલા. એમાંનો એક ભારતનો હતો.


ચાર્લી પૂછતો: 'બા, બાપુ કહે છે કે ભારતમાં સૌ ભાત ખાય છે, હેં?'

'હા,' માતા કહેતી. 'તો તું ય કરને. કોક વાર મારે જવાનું થાય તો...' એ કહેતો. 'તું તો ગાંડો છે ગાંડો', કહીને માતા એ વાતને હસી કાઢતી. ગળથૂથીમાંથી મળ્યા હતા એને પ્રેમ, પરિશ્રમ, ભક્તિ, પરાક્રમના સંસ્કાર.

છ વર્ષની ઉંમરે ચાર્લી ઉપર 'ર્‌હુમૅટિક ફીવર'નો પ્રાણઘાતક હુમલો થયો. છ માસ તે પથારીવશ રહ્યો. માતાની અથાક પરિચર્યાથી જ એ બચ્યો. એ દરમિયાન પ્રભુ, પ્રાર્થના, ઈશુ વગેરે વિષેના વિચારો આવતા ને માતા એને પુષ્ટ કરતી. એક વાર તો જીવવાની આશા સૌએ ગુમાવી દીધેલી. સવારે ચાર્લીએ આંખો ખોલી, તો સામે એક મજાનું સફેદ ફૂલ! 'It's beauty touched me with a rare joy.' માંદગીએ ચાર્લીને અંતર્મુખ બનાવ્યો. કલ્પનાના આંતરવિશ્વને સાચું માનવાની ટેવ બચપણથી એને પડી. દેવળે અપાતી ભક્તિસંગીતની તાલીમ લઇને સાંજે ઘેર પાછા ફરતાં, વચમાં આવતા કબ્રસ્તાનના સફેદ પથ્થરો જોઇને, 'ખ્રિસ્ત પ્રગટશે ત્યારે મડાં યે બેઠાં થશે' એ શ્રદ્ધાસંસ્કારોને કારણે, લાગતું કે 'આ હમણાં જાગ્યાં! ભાગો.' ને મૂઠીઓ વાળી, એ ઘેર આવી પૂગતો! માંદગી દરમિયાન પડેલી આદતથી વૉલ્ટર સ્કૉટની નવલો ને કાવ્યોનું સમજ્યે-વણસમજ્યે, વાચન કર્યું. (વર્ષો પછી રવીન્દ્રનાથના મોટા ભાઈ 'બડોદાદા' ને ઍન્ડ્રુઝ વચ્ચે બંધાએલા અજોડ સ્નેહસંબંધનું આ એક મોટું કારણ બની ગયું.) એકલતા અને સ્વપ્નકલ્પનાવિહારની આદત પડી. એમાંથી જ, આગળ જતાં, આંતરજગતના સૌંદર્યની સૂઝ પ્રગટી.

પિતા: નીતિનિષ્ઠા · નિર્મળતા · સરળતા

પિતા પાદરી, ધર્મપ્રેમી, શિક્ષક હતા. નાનપણમાં ચાર્લીને આંગળીએ વળગાડી ફરવા લઈ જતા ત્યારે રસ્તે આડી આવતી ઝીણી-મોટી વસ્તુઓ


Charlie Andrews was simple like a child, upright as a die and shy to a degree. For the biographers the work has been a labour of love. A life such as Andrews' needs no introduction. It is its own introduction.
New Delhi M K Gandhi
8-12-'47



મથાળે: દક્ષિણ આફ્રિકામાં ગાંધીજીની પાછળ ઊભેલા ઍન્ડ્રુઝ (ડાબી બાજુ) અને પીઅર્સન.
← ઍન્ડ્રુઝના જીવનચરિત્ર માટે ગાંધીજીએ લખેલા 'પ્રવેશક'-પત્ર (એમના હસ્તાક્ષરોમાં)
ઍન્ડ્રુઝનો કનુ દેસાઈએ કરેલો સ્કેચ. →



બાજુએ મૂકતા. નાનકડો ચાર્લી પૂછતો: 'કેમ આ બધું વીણો છો?' તો કહેતા: 'નાની વસ્તુઓ તો મોટી હરકતો ઊભી કરે.' ને, છો પર પડેલી નારંગીની નાની પેશી ઉપર પગ આવવાથી, લપસી પડવાને કારણે દાદાજીનું અકસ્માત મૃત્યુ થએલું એ યાદ કરાવતા. એ દાદાજીનું એક મોટું તૈલચિત્ર દીવાનખાનામાં હતું. એકલો પડતાં નાનકડો ચાર્લી ઘણી વાર એની સાથે વાતે વળગતો. દાદાને ઇર્વિંગનો પંથ સાચો લાગતાં, ગરીબી અને અન્ય યાતનાઓની પરવા કર્યા વિના, જાનને જોખમે, એ સ્વીકારેલો. એ કટોકટીના કાળમાં જ ચાર્લીના પિતા જ્હૉન એડવિન જન્મેલા.

જ્હૉન ધર્મનિષ્ઠ અને ભલા હતા. સૌમાં ભલાઈ છે એવી એમની શ્રદ્ધાથી, અનેક લોકોએ એમને છેતરેલા; છતાં એમની આ શ્રદ્ધા અતૂટ રહેલી. એનું એક દૃષ્ટાન્ત બહુ જાણીતું છે. ઍન્ડ્રુઝનાં માતાને લગ્નટાણે સારો દાયજો મળેલો. એનું ટ્રસ્ટ કરી, એનો વહીવટ જ્હૉને પોતાના એક મિત્રને સોંપેલો. એમાંથી જરૂર પડ્યે પૈસા મળ્યે જતા હોવાથી મોટું કુટુંબ, ટૂંકી આવક છતાં, નિર્વિઘ્ને ચાલતું હતું.

ચાર્લી ત્યારે ૯–૧૦ વર્ષના. એક સવારે પિતાને ચેતવતો પત્ર આવ્યો: પેલા ટ્રસ્ટીએ બધા પૈસા ડૂલ કર્યા હતા! પિતાએ લાગતાવળગતાને તાર કર્યા. એના ઉત્તરો આવતા ગયા તેમતેમ આ ખબર સાચા હોવાની ખાતરી થતી ગઈ. આખરે, બધું જ ગયાનું સ્પષ્ટ થયું. જ્હૉનના અંતરે મિત્રદ્રોહ કર્યાનું દુઃખ હતું. માતા પણ અત્યંત ગંભીર હતી. સાંજ પડી. પ્રાર્થનાનો સમય થયો. સૌ ગોઠવાયાં. ચાર્લી માતાની સોડમાં ભરાઈને બેઠો. પિતાએ મિત્રદ્રોહને લગતી એક હિબ્રૂ રચના વાંચવા માંડી:

> હતે જો શત્રુ કો પ્રગટ, જેણે આપત્તિ આણી આ,
> તો તો સહતે બધું ય તે.
> પણ, આ તો તું ભેરૂબંધ! આદમી અંતરંગનો!
> જેના વિશ્વાસ-ઓશીકે માથાં મૂકી નિરાંતવાં
> ઊંઘતાં'તાં, હતો જેને માન્યો વિશ્વાસુ ભેરુબંધ,
> તે જ તું! આપણે સાથ હાથમાં હાથ ભીડીને
> મારગ શ્રેયનો મીઠો હરખે કેવો હતો લીધો!
> ને પ્રવેશે હતો કેવો દેવગૃહની માંહ્ય તે
> અનુજો થઈને કંઈ!...

આટલું બોલીને અટક્યા. થંભી ગયા. આગળ આવતી હતી શાપવાણી. એ પડતી મૂકી; ને તરત ક્ષમાયાચના ને શાંતિપ્રાર્થના શરૂ કરી!

ન કર્યો દાવો, ન કરી નિંદા, ન કર્યો કલહ, ન કરી ફરિયાદ; બે માઠાં વેણ પણ કોઈ આગળ ન ઉચ્ચાર્યાં! ઓચિંતી આવી પડેલી ગરીબીને શાન્તિથી વેઠી. ઘર બદલી ગરીબ લત્તામાં રહેવા ગયા. આવા પિતા હતા કવિના જેટલા કલ્પનાશીલ, બાળક જેવા સરળ, નિખાલસ.

માતપિતાને ચૌદ સંતાનો, ને અગિયાર જીવતાં રહેલાં. કુટુંબ ભર્યું-ભર્યું હતું, છતાં માતપિતાના સ્વભાવને કારણે સૌ વચ્ચે અનુપમ સંપ હતો. અનેકો સાથે સુમેળ સાધવાની જાણે આ હતી તાલીમશાળા.

આવા સંસ્કારસિંચને ચાર્લી આશ્ચર્યજનક વિકાસ સાધી શકેલો. શાળામાં એ પહેલો રહેતો. પારિતોષિકો, શિષ્યવૃત્તિ ને પ્રશંસા મેળવતો જ રહેતો. શાળાપત્રનું સંચાલન, વક્તૃત્વ, ચિત્રકળા, ક્રિકેટ, લેખન વગેરે અનેકવિધ પ્રવૃત્તિઓમાં પણ એ આગળ રહેતો, ને એ રીતે જ આખરે પેમ્બ્રોક કૉલેજની શિષ્યવૃત્તિ એ જીત્યો હતો.

કરુણાવતરણ

'આ બધું જે માતપિતાને કારણે થયું, તેમને જ મેં છેતર્યાં!' આ ભાવ વંટોળની માફક ચાર્લીના ચિત્તમાં ફૂંકાતો હતો. એ દિવસોમાં એક રાતે, નિયમ મુજબ પ્રાર્થના કરીને સૂવાની તૈયારીમાં હતા ત્યાં એકાએક પાછું, પાપના ભાનનું વાવાઝોડું વીજળીવેગે આવી ત્રાટક્યું. એની દાહકતા અસહ્ય હતી. ચાર્લીનું ચિત્ત ભાંગી પડ્યું. એ ધ્રુસકે ધ્રુસકે રડી પડયા. આ ધમસાણ કોણ જાણે કેટલું ય ચાલ્યું. ત્યાં એકાએક તિમિરદળને ભેદતી એક તેજધારા ફૂટી! ક્ષમા ને શાંતિ પ્રગટયાં. જાણે કોઈ દિવ્યસ્પર્શ થયો: ખ્રિસ્તનો અપાર કરુણાસ્પર્શ! જ્યાં વિક્ષોભના પળેપળના વિસ્ફોટ હતા ત્યાં પ્રશાન્ત અચળ પ્રસન્નતા પથરાઈ ગઈ! ચિત્ત કેવળ વેદનામુક્ત જ ન બન્યું, ત્યાં હવે અકલ્પ્ય, શાશ્વત પ્રસન્નતાની પ્રસ્થાપના થઈ ગઈ.

પછી, દોઢેક માઈલ દૂરને દેવળે અરુણોદયની પ્રાર્થનામાં જોડાવાનો નિશ્ચય કરીને મિચાએલ પ્રગાઢનિદ્રસ્થ ચાર્લીની આંખો બરાબર સાડા પાંચે ઊઘડી ગઈ! ને એ ત્યાં પહોંચ્યા પછી, જાણે એમની જ વાટ ન જોવાતી હોય એમ પ્રાર્થના તરત શરૂ થઈ. ઈશાનુકંપાની અનુભૂતિમાં વિલીન થએલું એનું ચિત્ત શબ્દાતીત સૃષ્ટિમાં ગાયબ થઈ ગયું. આમ કેટલોયે કાળ વ્યતીત થયો હશે. આખરે, દેવળ બંધ કરવા માટે પહેરેગીરે સમાધિભંગ કરાવી બહાર કાઢયા! ત્યારે શેરીઓ સૂર્યના સોના-



ઍન્ડ્રુઝ પ્રોફેસર રુદ્ર તથા એમના બે પુત્રો સાથે

ઢાળથી રસાએલી લાગી. અંતરમાં નવજીવન ઊઘડ્યું હતું. ઈશની ઓળખાણ થઈ ગયાની ખાતરી થઈ હતી. એ ઓળખાણે પહેલાંના 'ચાર્લી'નું સ્વરૂપાંતર કરી દીધું હતું. એ લખે છે : 'પાપને જીતવાની, નિર્ભય થવાની, મૃત્યુને મા'ત કરવાની શક્તિ હું પામ્યો.' આ અનુભૂતિને તેઓએ પોતાનો આધ્યાત્મિક નવજન્મ કહ્યો છે. એમની આત્મકથા 'What I Owe to Christ' આવી અનેક રહસ્યાત્મક અનુભૂતિઓના નિર્દંભ, નિખાલસ, કાવ્યરંગી વર્ણનોથી સભર છે.

પોતાની તો દુઃખમુક્તિ સધાઈ, પણ બીજાંનું શું? એ ઉપાય પણ એમને જડી ગયો. સંસારના પ્રેમ-ખજાનાનો ચાવી હાથમાં આવી ગઈ. બીજે જ દિવસે પોતાને થએલી પ્રેમની અનુભૂતિને વ્યવહારમાં મૂકવાનો પ્રયોગ એમણે આરંભી દીધો. દેવળની બાજુમાં ગરીબોનાં ઝૂંપડાં હતાં. ગરીબીમાંથી જન્મતાં બધાં જ અનિષ્ટોનું ચક્ર ત્યાં ચાલતું હતું. પહેલાં કદી યે ચાર્લીની નજર ત્યાં નહોતી ગઈ. હવે એણે ત્યાં જવા માંડ્યું ને એમની સેવા કરવા માંડી. ઉચ્ચ શિક્ષણમાં પ્રવેશે તે પહેલાં થએલી ઈશાનુભૂતિએ એમનામાં દીનબંધુત્વ પ્રગટાવ્યું. એમને એમનું જીવન-કર્તવ્ય મળી ગયું. ઈ. ૧૮૯૦ના ઑક્ટોબરમાં એમને આ આત્મદીક્ષા લાધી.

પછીનું એમનું જીવન ભક્તિસેવાના આકર્ષક પ્રસંગોની સભર છે એ ખરું, પણ એની દિશા એક જ રહી છે.

કૉલેજકાળ

ઈ. ૧૮૯૦થી ૧૮૯૫ના કૉલેજકાળ દરમિયાન તીવ્ર મેધા, વિશાળ વાચન, ગ્રીક-લૅટિનમાં પ્રભુત્વ અને એમાં પદ્યરચના, વિદ્વત્તા વગેરેથી કૉલેજમાં સૌની પ્રીતિ અને અનેક પારિતોષિકો જીત્યાં. અધ્યાપક મિત્રો બેસિલ, ઇ. જી. બ્રાઉન, ચાર્લ્સ પ્રાયર વગેરેની મૈત્રીએ બૌદ્ધિક સૈદ્ધાંતિક ભૂમિકા દૃઢ કરી. બાઈબલનો શબ્દ દેવદત્ત, પાપીઓને નર્કસજા, પરધર્મ-નિંદા, આ બધું ખટકવા લાગ્યું. રજાઓમાં પિતા સાથે આ બાબતમાં ચર્ચા કરતા; પણ પિતાને હૃદયરોગ હતો ને ચાર્લીના ભિન્ન મતથી એ અત્યંત દુઃખી થતા એ જોઈ ચાર્લી ચૂપ થઈ જતા. ડૉક્ટરોની પણ એવી સલાહ હતી. છતાં પોતાના પલટાએલા મતની પિતાને જાણ કરવી જોઇએ એમ ધારીને પત્રો લખ્યા. પરીક્ષા આડે બહુ વાર નહોતી. પણ મંથન આડે વાંચવાનું શક્ય નહોતું. શું કરવું? બેસિલે રસ્તો બતાવ્યો : 'ધર્મ પહેલો; પરીક્ષા પછી.' પરિણામે એમણે પૈતૃક સંપ્રદાય ત્યાગ્યો ને 'ચર્ચ ઑવ ઇંગ્લૅન્ડ'માં ભળ્યા. ત્યારે પરીક્ષાને માત્ર ત્રણ જ અઠવાડિયાંની વાર હતી. પણ પરિવર્તનથી કૃતકૃત્ય થએલા ચિત્તે પરિણામ અદ્ભુત આવ્યું. વિશેષ ગુણ સાથે તેઓ પ્રથમ આવ્યા. 'છેલ્લાં દસ વર્ષમાં કોઈએ આવી મેધા બતાવી નથી' એવો એમના પરીક્ષકોનો અભિપ્રાય હતો!

સ્નાતક થયા પછી પણ દીનસેવાને જ જીવનકાર્ય બનાવવાની એમની મહેચ્છાને અધ્યાપક મિત્ર પ્રાયરે અનુમોદન આપ્યું. એની વ્યવહારુ મુશ્કેલીઓનો ખયાલ આવે એ માટે યુનિવર્સિટીથી બને તેટલા દૂર, એકલા રહીને અખતરો કરવાનું પ્રાયરનું સૂચન એમને સાચું લાગ્યું. એટલે ઉત્તરના ઠંડા મુલકમાં, ડર્હામની નજીક આવેલા મંકવેરમથના બારામાંના સૅંડરલૅન્ડને પસંદ કર્યું. વહાણ-ઉદ્યોગમાં જોડાએલા મજૂરો ત્યાં કપરી સ્થિતિમાં જીવતા હતા. એમની માફક જ અઠવાડિયાના દશ શિલિંગમાં ચલાવવાની પ્રતિજ્ઞા સાથે ઍન્ડ્રુઝ ત્યાં રહ્યા. પરિણામે અર્ધા ભૂખ્યા રહેવું પડતું. પણ 'ભૂખ'નો યે પૂરો પરિચય લેવો હતો. પોતાની કોટડી સદા ખુલ્લી રાખતા, એમાં વસ્તુઓ પણ ખુલ્લી રહેતી. કોઈ ઉપદેશ ન આપતા, માત્ર વાર્તાઓ કરતા; પ્રવાસો–પર્યટનો ગોઠવતા, રમતો રમાડતા, પ્રેમને સંસર્ગનો પાશ લગાડતા. આને કારણે ચોર-ડાકુ-ગુંડા-ખિસ્સાકાતરુઓનો પ્રેમ એમણે એવો જીત્યો કે તેઓ એમની પાસે અનેક ખાનગી વાતો વિના પૂછ્યે કહી જતા. એમની અસરે દારૂ-જુગાર છૂટી જતા.

આવું જ કામ એમણે લંડન પાસેના વાલવર્થ પરામાં પણ કર્યું. ત્યાંની એમની 'જનરલ ગૉર્ડન ક્લબ'માં સમગ્ર જિલ્લાના ખિસ્સાકાતરુ આવતા. પર્યટનોમાં ક્યારેક પાંચસો જેટલા રખડુઓને લઈને ઍન્ડ્રુઝ નીકળે! મોટી ભપકાદાર દુકાનો પાસેથી પસાર થતાં એમાંનાં ઘણાંનાં ચિત્ત ચળી ઊઠે. પૂછે : 'સાહેબ એક વાર અમારી કળાનો પરચો બતાવવા દો ને?' ને એ હસીને એમને વારે. છતાં ક્યારેક ચોરીના તો ક્યારેક બીજા ગુનાઓમાં વચમાં પડવું પડે ને ઉકેલ શોધવો પડે.

એક વાર એક ગરીબના ઘરમાં ચોરી થઈ. કરનારને સૌ જાણે; ચોરીના દિવસથી એ છટકી ગએલો તે પણ સૌ જાણે; પણ એનું નામ લેતાં ડરે. ઍન્ડ્રુઝની મેડી પરની એક બારીમાંથી પેલાનું ઘર દેખાય. ઍન્ડ્રુઝે ત્યાં પહેરો ગોઠવ્યો. બરાબર આઠમે દિવસે પેલો ગઠિયો એની પત્નીને મળવા આવ્યો કે પકડ્યો. કોઈક વાર કોઈ ઘા કરી બેસે એવા પ્રસંગો ય ઊભા થતા. ત્યારે એ જાણે પણ નહિ એમ લોકો એમનું રક્ષણ કરતા. સતત ચાર વર્ષ ઍન્ડ્રુઝે આ કામ કર્યું, અને તે તબિયતને ભોગે. આખરે ડૉક્ટરોએ ને મિત્રોએ કેમ્બ્રિજમાં જવા મજબૂર કર્યા.

પહેલાં કેમ્બ્રિજની 'ક્લર્જી ટ્રેઈનિંગ કૉલેજ'માં વાઇસ-પ્રિન્સિપલ તરીકે ને પછી ૧૮૯૯ના નવેમ્બરમાં પેમ્બ્રોક કૉલેજમાં અધ્યાપક તરીકે જોડાયા. ધર્મના ઇતિહાસ અને ધર્મશાસ્ત્ર (થીઑલૉજી) એમના અધ્યાપનના મુખ્ય વિષયો હતા. મજૂરોના પ્રશ્નોનો એમનો વિશેષ અભ્યાસ હતો. ઈ. ૧૯૦૪ના માર્ચ સુધી, લગભગ છ વર્ષ, તે ઇંગ્લૅન્ડમાં અધ્યાપક તરીકે રહ્યા. એ દરમિયાન એમના મિત્ર બેસિલ વેસ્ટકોટનાં બહેનનો પરિચય થએલો. એ બીમાર, પથારીવશ હતાં. બેસિલ સુધ્ધાં એમના ત્રણે ય ભાઈઓ ભારતમાં હતા, એટલે તેઓ ભારતની ઝંખના વારંવાર કરતાં. બેસિલે પણ કહેલું : જગતનાં આદિ બુદ્ધિકેન્દ્રો બે: એક ગ્રીસ, બીજું ભારત. એ જ બેસિલ ભારતમાં ગએલા, સુશીલકુમાર રુદ્રના મિત્ર બનેલા, દિલ્હીની સ્ટીફન્સ કૉલેજમાં અધ્યાપક હતા, ને કૉલેરામાં સપડાએલા એક સૈનિકની સારવાર કરવા જતાં અવસાન પામ્યા! લગભગ એ જ કાળે પ્રાયર, બહેન કૅથલીન વગેરે અન્ય સ્વજનોનાં મૃત્યુ થતાં ઍન્ડ્રુઝનું ચિત્ત ઉદ્વિગ્ન બની ગયું. બેસિલનું ભારતમાં અધૂરું રહેલું કામ ઉપાડી લેવાની પ્રબળ ઇચ્છા જાગી. અને ખિસ્સામાં સંસ્કૃત શબ્દકોષ અને મગજમાં માનવસેવા દ્વારા ઈશુના ધર્મરાજ્યને વિસ્તારવાની ખ્વાહેશ લઈને ઈ. ૧૯૦૪ની ૨૯મી માર્ચે તેમણે ભારતમાં પગ મૂક્યો. એ દિવસને તે પોતાનો બીજો જન્મદિન ગણતા. એ સાચા અર્થમાં દ્વિજ હતા. ગાંધીજી અહીં આવ્યા ત્યારે દક્ષિણ આફ્રિકાના અનુભવે પક્વ થએલાં દર્શન સાથે આવ્યા હતા; ઍન્ડ્રુઝ પણ સૅંડરલૅન્ડ-વાલવર્થ-પેમ્બ્રોકના અનુભવદર્શન સાથે અહીં આવ્યા. પછી તો કાર્યક્ષેત્ર વિશાળ ને વિવિધ બન્યું; દર્શન ને દિશા તો એ જ હતાં. (અનુસંધાન પૃષ્ઠ ૧૫૩)

ઇડિપસ કૉલોનસમાં

સૉફૉક્લિસનું છેલ્લું નાટક

કથારૂપ : કનુભાઇ જાની

'એ...ય ડોસા! એ...અદા! એ...બૂન! એમને રોકો. ભા, ઈયાં નઈ...ઈયાં નઈ...' કરતો એક ગામડિયો એ પહાડ પરની ઘટાદાર વૃક્ષવેલીઓ વચ્ચે સંતાકૂકડી રમતી કેડીએથી એકદમ ચડી આવ્યો, જાણે કે ફૂટી નીકળ્યો.

એપ્રિલનો મજાનો દિવસ હતો. સૂરજે માથેથી ખસીને પશ્ચિમે ઢળવાનો આરંભ કર્યો હતો. વૃક્ષલતાકુંજોથી લૂમઝૂમતો આખો પહાડ જાણે કે મોરી ઊઠયો હતો. ઝરણાનાં ગાન સાથે બુલબુલોની સંગીત-મંડળીઓ સ્પર્ધામાં ઊતરી હતી. દૂર ક્ષિતિજે ડોકાતા ઍથેન્સના કોટ-કાંગરા એ નગરને ઢાંક્તા હતા. લીલાં ચટક પાંદડાં ચમકાવતાં લૉરેલનાં ઝુંડો કૉલોનસના વિજયધ્વજ ફરકાવતાં ઝૂલતાં હતાં. શાંતિદૂત જેવાં ઑલિવવૃક્ષો પણ તેમાં તાલ પુરાવતાં હતાં. દ્રાક્ષના માંડવામાં તો પંખીઓનાં ગામ વસ્યાં હતાં. થોડે છેટે માનવવસવાટ પણ હશે એમ લાગતું હતું. પડખેના એક નાનકડા ગામડાની પેલી પા, બહુ નજીકમાં જ, દરિયો હશે. એનાં ચળકતાં પાણી પર્વત પરથી સ્પષ્ટ દેખાતાં હતાં. એનો ઘૂઘવાટ પંખીના ને પવનના વનસંગીતમાં પાર્શ્વસૂરો ભરતો હતો.

પહાડ પરથી એક વંકવૅાળામણો માર્ગ ઍથેન્સ તરફ જતો હતો. એમાંથી ફૂટેલી એક કેડી બાજુની એક નાનકડી ટેકરી પર જતી હતી. એ ટેકરી પરની ઝાડી વિશેષ ઘટાદાર હતી. પાસે એક દેવઝરણું વહેતું હતું. ત્યાં ખોડેલા એક પથ્થર પર કોતરેલ હતા અશ્વારૂઢ દેવ ખેતરપાળ. લોકો એમને દરિયાપીર–પોસીડન પણ કહેતા. પાસે વહેતા એક દેવ-ઝરણામાં મધ ઝરતું હોવાની લોકમાન્યતા હતી. ત્યાં જ દેવીઓનું પણ થાનક હતું. લોકો એમને રૂદ્રાણી (એરીનીઝ) કહેતા અને બીતા, છતાં એમને કલ્યાણી પણ માનતા. ખેતરપાળની જોડાજોડ એક મોટી છાટ હતી. થાકેલપાકેલ એક વૃદ્ધ-અંધને દોરતી એક છોકરીએ હજી એ ડોસાને ત્યાં બેસાડયો-ન બેસાડયો ત્યાં તો પેલો ગામડિયો દોડી આવ્યો.

'અઈં નો બેહાડાય, બૂન. હમજો છ કે?'

'હેં! શું?' પેલીએ સાશ્ચર્ય પૂછયું.

'આ કયું સ્થળ છે ભાઈ?' વૃદ્ધે પૂછયું.

'જી છે ઈ. પણ અઈં આ થાનકે કોઈ માણહથી પગ ન મેલાય, આને નો અભડાવાય.'

એણે પહેલાં વૃદ્ધ સામે જોયું, પછી કન્યા સામે. બંનેનાં જીર્ણ-શીર્ણ વસ્ત્રો મેલાંદાટ હતાં. દૂરદૂરથી પગપાળાં રઝળતાં આવ્યાં હોય એવાં બંને થાકેલાં, વ્યથિત લાગતાં હતાં. વૃદ્ધને હતાં પળિયાં, સફેદ ઝૂલતી દાઢી, આંખોને સ્થાને ઊંડા ગોખલાના બે અંધારવાસ, ઝૂલતી કરચલિયાળી ચામડી, છતાં મોં પર અનુભવથી ઊગેલું ગાંભીર્ય ને વેદનાજન્ય નિખાલસતા. કન્યા દરાખની વેલ જેવી હતી. બંને પરદેશી લાગતાં હતાં. પેલે ગામડિયે આ ઘટાદાર થાનકની બહાર રહ્યે રહ્યે પૂછયું 'કુણ છો ભા?'

'ભાઈ, અમે વખાનાં માર્યાં અહીં આવ્યાં છીએ. કહેશો, આ કયો દેશ છે?' વૃદ્ધે પૂછયું.

'ઈ વાત પછે. પૅ'લાં અઈંથી બારા નૅકળો, અદા! આ તો મા રુદ-રાણીનું થાનક, ધરતી ને અંધારની દીકરિયું અઈં રાહડા લે છ.'

'સર્વદ્રષ્ટા કલ્યાણીઓ?'

'ઈ તો ગામે ગામે જુદાં નામ. ઈ દુનિયાની આંખ્ય, મારી માવડિયું, હંધુંય ભાળે, હોં! હવે ઝટય બારા નૅકળો.'

ડોસે ગામડિયા ભણી પાંપણો હલાવીને કહ્યું: 'હા...શ. મને નિરાંત



[પૂર્વકથા: રાજા ઇડિપસે પાપની સજા ભોગવવા જાતે આંખો ફોડી; એને દેહત્યાગ ન કરવા દેતાં, ક્રિયોને ડેલ્ફીમાં પુછાવ્યું ને જવાબ ન મળ્યો ત્યાં સુધી એને થીબ્સમાં જ, પોતાના મહેલમાં, આશરો આપ્યો. એ દરમિયાન પોતે રાજપ્રતિનિધિ તરીકે શાસન ચલાવ્યું. વીસ વરસ, આમ, વહી ગયાં.

આખરે આદેશ આવ્યો: વૃદ્ધ, જર્જરિત, વેદનાગ્રસ્ત ઇડિ-પસને કાયમ માટે થીબ્સ છોડવું પડયું. એની સાથે મોટી પુત્રી ઍન્ટિગોની એની સેવામાં રહી. નાની ઇઝમિની પણ થીબ્સમાં રહ્યે છતે એની ભાગ ચિંતા રાખ્યા કરતી. રઝળપાટ દરમિયાન પણ બે વાત એવી બની કે રાજાની વ્યગ્રતામાં વધારો થયો. એક: પુત્રોનું એકબીજા પ્રત્યેનું, પિતા પ્રત્યેનું, જન્મભૂમિ પ્રત્યેનું અને રાજપ્રતિનિધિ ક્રિયોન પ્રત્યેનું અક્ષમ્ય દુર્વર્તન; અને બીજી તે ઇડિપસના દેશત્યાગ પછી એને માટે થએલ ભવિષ્યવાણી.

રઝળપાટને અંતે, પોતાના મૃત્યુ માટે જે સ્થળનું ભવિષ્ય ભાખવામાં આવેલું તે જ સ્થળે ઇડિપસ આવી ચડે છે. એ છે રાજા થીસિયસની હકૂમત તળેનું, ઍથેન્સથી એક માઈલ દૂરનું નાનકડું ગામડું. ત્યાંના પર્વતઢોળાવ પરની એક ઝાડીમાં આશુતોષા-રોષા એવી દેવીઓ કલ્યાણી–એરીનીઝ કે યૂમેનાઇડ્ઝનું થાનક હતું. પાપીને તપાવવાનું ને શરણાગતને તારવાનું એમનું કામ મનાતું. એ ઝાડીની બાજુમાં એક પથ્થરની છાટ ખોડેલી હતી. એની પાસે કોતરેલ હતો અશ્વારૂઢ દેવ ખેતરપાળ–પોસીડન.*]

થઈ, ભાઈ. આ તો એરીનીઝનું થાનક ને?...હે દેવ, તારું વૅણ આખરે તેં પાળ્યું ખરું!'

'અદા, મારું માનો. અઈં ભાત્યભાત્યના દેવતાઉ રિયે છ. આ મોટા ખેતરપાળ અઈં, આ અગારરખા દેત (પ્રોમિથ્યસ) પણ અઈં, ને આ તમે ન્યાં બેઠા છો ને, અઈં કે'વાય ઍથેન્સની શઃયા, ઈ ન લોક કે' છે અંગારનો ઉંબરો. ને અમારા હુરધનદાદા, અમારા મલકને ઈમનું નામ મળ્યું છ ઈ, અમારું ગામડું ઈમને નામે છ ને અમે હંધાય ઈમને નામે ઓળખાયીં છીં ઈ. આ કૉલોનસદાદાનો પાળિયો. દાદા, આ અમારું પવિતર મથક હજી હુધી કોઈ કરતાં કોઈ મનેખના પગથી અભડાયું નથી, હોં. આ તમે પેલત્રેલા, તમને હાથ જોડું, બાપા, બારા નૅકળો.'

'ભાઈ, મારો-આપણો મહાદેવ (ઍપોલો) મને નિર્ધારિત સ્થાને લઈ આવ્યો છે.'

'એટલે?' ગામડિયે પૂછયું.

---

* પોસીડન: સમુદ્ર અને સર્વ પ્રવાહીનો ગ્રીક દેવતા. ઝીઅસનો ભાઈ. ત્રિશૂળ તેનું આયુધ અને અશ્વ તથા વૃષભ તેનાં વાહન મનાય છે.

અંતર્વેદનાનો ઉપશમ

સોફોક્લિસના આયુષ્યને અવશેષે, છેક નેવુંમે વર્ષે લખાએલી એની આ છેલ્લી કૃતિ, 'ઇડિપસ ઍટ કૉલોનસ', ભજવાઈ તો એના મૃત્યુ પછી. પહેલાં જે કોપની દેવીઓ મનાતી અને એરીનીઝ (Eriynes) કહેવાતી, અને પછી જે કલ્યાણી-યૂમેનાઇડ્ઝ (Eumenides)ને નામે ઓળખાઈ તે દેવીઓનું કૉલોનસ સ્થાનક મનાતું; વળી, ઇડિપસનું આ મૃત્યુસ્થાન મનાતું હતું એ કારણે સોફોક્લિસ આ લખવા પ્રેરાયો હશે એમ કેટલાક કહે છે. અવિસ્મરણીય હકીકત તો એ છે કે સોફોક્લિસનું પોતાનું આ વતન. આયુને અંતકાળે એ વિષે લખવાનું આવતાં એનો વતનપ્રેમ અહીં મન મૂકીને વરસ્યો છે.

એ સિવાય પણ, સોફોક્લિસની આ આખરી રચનામાં એની કેટલીક શક્તિઓ વિશેષ રૂપે પ્રગટી છે: આમાંનાં ઊર્મિકાવ્યો ખાસ કરીને kommos - કોરસ અને પાત્ર સામસામે ગાય એ ઢબનાં (જુગલબંધી) વિલાપગીતો; વતનપ્રશસ્તિ; કેટલુંક પક્વ દર્શન. એક જાતની કઠોરતા–વ્યગ્રતા અને છતાં કુમાશ-સ્વસ્થતા, એ બેનું અજબ રસાયણ આ નાટકમાં થયું છે. કેટલીક કર્મકાંડી વિધિઓના ઉલ્લેખોને લીધે તથા ગતિભર્યા પ્રસંગોના અભાવને લીધે એકધારા વહે જતા સ્થિર વસ્તુપ્રવાહને કારણે કેટલાકને, સોફોક્લિસનાં બીજાં નાટકોના પ્રમાણમાં આ ઓછું આકર્ષક લાગે છે. પણ મૂળ ગ્રીક ભાષામાં આને માણનારા કહે છે કે આની કાવ્યબાની,–આનું 'ડિક્શન' અનવદ્ય છે, અદ્‌ભુત છે. પણ એનું તો આચમને ય અહીં શી રીતે થાય? અંગ્રેજીમાં પણ એ અશક્ય છે. આ કૃતિઓના એક ઉત્તમ ભાષાન્તરકાર અને ગ્રીક ભાષાના સારા જાણકાર ડૉ. જે. ટી. શેપ્પર્ડ જેવા તજ્જ્ઞ, સોફોક્લિસની ઉત્તમ કાવ્યબાની સંબંધમાં, હાથ ખંખેરીને કહે છે: 'Hard to analyse, impossible to translate'. પૃથક્કરણ દુષ્કર છે, ને ભાષાન્તર તો અશક્ય જ. –કo

'મારે આખરે અહીં આવવાનું થશે. મારી છેલ્લી ઘડી અહીં જશે એવી ભવિષ્યવાણી હતી. મને એણે વચન આપ્યું હતું, ભાઈ, કે મને માતાજીનો આશરો મળશે.'

'હેં!' ગામડિયે આશ્ચર્ય પ્રગટ કર્યું.

'હા. એનું વચન ફળ્યું છે. આ મારો આખરી મુકામ.'

'દેવ ઍપોલોનું વૅણ છે?' ગામડિયે પૂછ્યું.

'હા.' વૃદ્ધને બદલે કન્યાએ ઉત્તર વાળ્યો. ને ઉમેર્યું: 'એનું વચન છે કે એમની વાણીમાં પછી દૈવત પ્રગટશે, એમને સહાય કરનાર ન્યાલ થશે ને સજા કરનાર જાતે જ વ્યાધિમાં ફસાશે.' કન્યાએ ભવિષ્યવાણી કહી.

'હેં?' ગામડિયે વૃદ્ધને પૂછ્યું.

'ભાઈ, એક જ ઍંધાણ હવે બાકી છે.' વૃદ્ધે નવી વાત કરી.

'શું?' કન્યાએ પણ ઉત્સુકતાથી પૂછ્યું.

'દેવવાણી તો એવી ય છે કે કાં થશે ધરતીકંપ, કાં મેઘગર્જના, કાં વીજળી. આ એક જ ઍંધાણ બાકી છે. બાકી તો, મારે વા'લે લાજ રાખી. વચન પાળ્યું!' વૃદ્ધે આંખના ગોખલા ઉઠાવીને ઊંચે આભ ભણી માંડયા ત્યારે એમાંથી તેજધાર નીચે પડવા લાગી. એણે હાથ જોડયા. ગામડિયાનું ધ્યાન ગયું: ક્ષિતિજપારથી વાદળીઓ ડોકાતી હતી.

'મારી માવડી કોઈ શરણાગતને જાકારો દે ખરી કે?' વૃદ્ધે નત મસ્તકે પ્રણામ કરતાં કહ્યું. 'कुपुत्रो जायेत क्वचिदपि कुमाता न भवति'. એના મુખમાં સ્તુતિ પ્રગટી.

'તમે કચો છો તારે માનું છ, અદા. લ્યો, બેહો; બાકી મારે ગામલોકને તો ખબર આલવી જોઈ. પછે હૌ કેશ્યે ઇમ કરસ્યું.' કહીને ગામડિયાએ પગ ઉપાડયા.

'ભાઈ, ...ભલા આટલું તો કહો.'

'કચો.' જતાં જતાં ઊભો રહીને એ બોલ્યો.

'અહીં રાજ કોનું?'

'અમારું આ કૉલોનસ ને? ઈના પર તો ઍથેન્સનો કબજો. અમારો રાજા થીસિયસ. ઓર્ય ઇજિયસ નો'તો? ઈનો આ દીકરો.'

'એની પાસે કોઇને મોકલી શકો ખરા કે?'

'કિમ? કૈં કૅ'ણ મોકલવું છ? કે પછે ઇને અઇ બરકવો છ?'

'જરા જેટલી મારી સેવાનું એને બહુ મોટું ફળ મળશે એટલું કહેવડાવો ને!'

'ફળબળ તો ઠીક. તમે, અદા, અંધ છો, એટલે તમારી શગતિ...'

એ પૂરું કરે તે પહેલાં ડોસો બોલ્યો: 'મારાં વૅણ અંધ નથી, હોં ભાઈ.'

'ઈનો તો મને પૂરો વશવા પડી ગ્યો છ. ભલા માણહને પણ, જો ને, કેવડી વપત્ય પડે છ!...પણ તમે, ડોહા, ધીરજ ભારે જાળવી છ, હોં!'

'ધીરજ તો મને, ભાઈ, શિખવાડી ત્રણ ગુરુઓએ—દુ:ખ, કાળ અને ખાનદાનીએ.'

'લ્યો બેહો તમતમારે બૂન.' કહીને એ ચાલતો થયો. ગામમાં એણે જેને જેને વાત કરી એ કોઈ એની વાત માનવા તૈયાર નહોતું. જે થાનકની નજીકથી પસાર થતાં હરફ પણ ઉચ્ચારી શકાતો નહોતો, અરે ઊંચી આંખે જોવાની યે ભલભલાની હિંમત ન ચાલતી, નત મસ્તકે મનોમન 'દેવી રુદ્રાણી, કલ્યાણી, મમ્માયા'નો જાપ જપતાંજપતાં ઊંચે જીવે ત્યાંથી પસાર થવું પડતું, ત્યાં કોઈ પ્રવેશી શકે, બેસી શકે, બોલી શકે? બને નહિ. છતાં આ નજરે જોનાર–સાંભળનારને ખોટો શી રીતે માનવો? એ તો, 'મારે આપડા રાજાને ય એક હંધેહો પુગાડવાનો છ' કહીને ઍથેન્સ ભણી ગયો; પણ થાનકે એકઠા થનારે ચાચરમાં ઊભેલાં ચક્ષુહીન વૃદ્ધ તથા કન્યાને નજરોનજર જોયાં. સૌને કમકમાં આવ્યાં. દયા પણ. પેલા ગામડિયે ઍપોલોની દેવવાણીની વાત કરેલી, તે ય સાચી લાગી. એમ ન હોય તો, આ જગ્યામાં પગ મૂકનાર ફાટી ન પડે? છતાં દેવી દુભાય તો ગામનું શું થાય! એ વિષે સૌ ચિંતિત હતા. 'અહીં તમે ક્યાં ભરાયા?' 'આ જગ્યા ખાલી કરો, ડોસા.' 'આ દેવથાનક. એની શાંતિનો ભંગ ના થાય.' 'દેવની આમન્યા રાખો, ડોસા.' લોકો બોલ્યા. 'અહીં, આણી કોર આવો તો આપણે વાત કરી શકીએ.' આગેવાને કહ્યું. આ થાનકમાં પોતે પ્રવેશ્યો તેથી સૌનાં દિલ દુભાયાં છે તે વૃદ્ધ જોઈ શક્યો. એને ડર પણ લાગ્યો: આ લોકો મને રંજાડશે તો નહિ ને?

'ભલે ભાઈ, ત્યાં આવું છું. પણ મને વચન આપો. તમે મને અહીંથી હાંકી કાઢશો નહિ ને?' વૃદ્ધે પૂછ્યું.

'કોઈની આપદામાં વધારો કર્યે શું મળે?' એક જણ બોલ્યો.

'ના, ના, ભા. તમતમારે ધરપત રાખો. પણ આ થાનકની બારા નીકળો. પછી તમારે અહીં જ્યાં સુધી રહેવું હોય ત્યાં સુધી ખુશીથી રહેજો.' અગ્રેસરે વચન આપ્યું. 'હા, હા, તમને કોઈ આંગળીએ નહિ અડાડે.' બીજાએ ખાતરી આપી.

'તમારા વચનમાં મને વિશ્વાસ છે.' કહીને ડોસો દીકરીને ટેકે, ચાચર બહાર, લોકો પાસે પહોંચ્યો.

'હવે નિરાંતે કો.' કોણ છો?! ક્યાંના છો? નસીબે આ રઝળપાટ શીદ આવ્યો?'

'મારે કોઈ વતન નથી. વધુ કાંઈ ન પૂછશો.' 'કાં?'

'રુઝેલ ઘાનાં ભીંગડાં ઉખેડવાં નથી.'

છતાં લોકોએ દુરાગ્રહ ન જ છોડયો, ને ડોસાને પોતાની ઓળખ આપવી પડી : છોકરી તે ઍન્ટિગોની, પોતે ઇડિપસ.

'તમે...જાતે?!' લોકો પર ભયનો ઓથાર છવાયો. જેનાં પાતકોને જીભે ઉચ્ચારી નથી શકાતાં, જેને કુટુંબ, વતન કોઈ સંઘરી નથી શકતું, દેવોના શાપે જેનો પીછો પકડયો છે એ પિતૃહત્યારો, માતૃગામી ઇડિપસ! આ ભૂમિમાં! ભોગ મળ્યા!! 'બહાર નીકળ, ડોસા.' એક જણે ગુસ્સામાં કહ્યું; ને સૌનું એને સમર્થન મળ્યું.

'પણ તમારું વચન...?' વૃદ્ધના અવાજમાં આર્જવ હતું.

'છેતરાઇને આપેલું વચન પાળવા અમે બંધાયા નથી. અમારી ભૂમિ અભડાવી.' 'અમે તમને સાંભળવા જ નથી માગતા. અમારે દેવોનો ખોફ નથી નોતરવો.' લોકો ઉશ્કેરાયા. ઇડિપસને બોલવા જેવું ન રહ્યું. ઍન્ટિગોનીએ વાત વાળી લીધી : 'ભલે. પણ આપ સૌ તો મારે મન પિતાને સ્થાને છો. હું કશું નથી માગતી; નથી તમને બાંધતી; એક પ્રાર્થના–એક વિનંતી કરું છું. આફતમાં સપડાએલ દીકરીની વિનંતી તો તમે સાંભળશો ને?'

ને લોકો થોડા શાંત પડયા, એટલે એણે આગળ કહ્યું : 'અમે તો શરણાગત છીએ. તમારે ને આ દેવને શરણે આવ્યાં છીએ. અમે તો કોઈનું કાંઈ બગાડયું નથી. છતાં તમને ઠીક લાગે તેમ કરો : મારો કે તારો. દેવના સોગંદ; અમે આ તરફ આવવા નહિ ધારેલું, દેવ જ દોરી લાવ્યો : એનું વચન સાચું પાડવા. અમને ય નવાઈ લાગે છે કે બરાબર આગાહી પ્રમાણે જ અમે અહીં જ ક્યાંથી આવી ચડયાં! હવે તો અમે તમારી ને એની દયા પર છીએ.' લોકો વિચારમાં પડયા. 'દયા તો અમને ય આવે, પણ, શું કરીએ? દેવના કોપથી અમે ડરીએ છીએ.'

'દેવોથી તો અમે પણ ડરીને ચાલીએ છીએ, ભાઈ;' ઇડિપસ હવે બોલી શકયો : 'એ દેવોના દોરવ્યા જ અહીં અમે પહોંચ્યાં! તમારી પાસે આશરાનું વચન પણ એણે જ અપાવ્યું. ને હવે એને ઉથાપશો, તો એ નહિ કોપે?' લોકો વિચારમાં પડયા. ઇડિપસે વાત ચાલુ રાખી : 'એ દેવોનો વિચાર કરો છો, તેમ તમારા નગરના ઊજળા નામનો વિચાર કરો. આખુ જગત જાણે છે કે ઍથેન્સ તો ભૂલ્યાંનો વિસામો છે, અશરણનું શરણું. અહીં જ જો મારા જેવા દુઃખીને બેલી ન મળે તો બીજે ક્યાં જવાવારો ય છે? ને મારાથી તમારે શું બીવાનું છે? જ્યાં જાઉં ત્યાં લોકો કહે છે 'પાપ! પાપ! પાપ!' પણ કોનું પાપ? મારું? મેં તો પૈતૃક પાપનું પોટલું સ્વેચ્છાએ માથે ચડાવી, વેદનાની આગમાં તપીને એને નિઃશેષ કરવાનો પ્રયત્ન કર્યો. મારી એકમાત્ર શક્તિ બતાવી વેડવામાં. મારો શો વાંક? પિતૃહત્યા? જાણો છો, મને જન્મતાંવેંત મારવાનો પેંતરો હતો તે? એમાંથી છૂટયો ને મોટપણે જાણ્યું કે મારે હાથે પિતૃહત્યા લખાઈ છે ત્યારે હું નાસી છૂટયો. પણ દેવ મને એવે રસ્તે દોરી ગયું જ્યાં સામા અથડાનારે મારા પર પહેલાં એવો ઘા કર્યો કે આપણા રિવાજ મુજબ જવાબ વાળ્યા વિના મારો આરો નહોતો! જો કે મેં તો અજાણ્યે વધ કર્યો, પણ જાણીને કરત તો ય હું નિર્દોષ ઠરત કે નહિ? મેં તો વર્ષો બાદ જાણ્યું કે એ છટકું પણ મારે માટે દેવે જ ગોઠવ્યું હતું! એવું જ માતૃગમનનું. છતાં ય મેં તો પશ્ચાત્તાપમાં પીડાવાનું જ પસંદ કર્યું. એ જ દેવ, દેવવાણી મુજબ, મને અહીં દોરી લાવ્યું. તમે ય એનાથી ડરીને મને વચન આપ્યું. હવે ફરી જશો તો દેવ નહિ રૂઠે? તમે મારી આંખના ગોખલા સામે જોયું; મારા હૈયા સામે નહિ! તમારે માટે, તમારા નગર માટે અહીં મંગલ કામના જ ભરી છે. તમારા રાજા આવે

વારતા ૯

વૈતાળ પચ્ચાસી

સત્યકામનગર

વિનોદ ભટ્ટ

—અને સિદ્ધ વડ પરથી મડાને ઉતારી, ખાંધે નાખી રાજા વિક્રમે મહેલ તરફ ચાલવા માંડયું ત્યારે મડાએ આ વારતા માંડી :

'સત્યકામ નામે કોઈ એક નગર હતું. આ નગરની પ્રજા ઘણી જ પ્રામાણિક અને સત્યનિષ્ઠ હતી; વેપારીઓ પોતાની આચારસંહિતા પ્રમાણે જ વર્તતા ને કોઈ ગ્રાહકને તોલમાં ઓછું આપતા નહિ, માલ દબાવીને વધારે ભાવ લેતા નહિ કે માલમાં ભેળસેળ કરતા નહિ. સામે ગ્રાહકો ય ભાવમાં રકઝક કે વજનકાટલાંની સચ્ચાઈ વિષે શંકા કરતાં નહિ અને વેપારીને ઘસાઈ ગએલું, કે ખોટું નાણું પરખાવતા નહિ. દરેક પ્રજાજન પોતાની શક્તિ મુજબ કામ કરતો ને જે મળે એનાથી સંતુષ્ટ રહેતો. કોઈ કોઈની સ્પર્ધા કરતા નહિ, ને બીજાની નિર્બળતાનો લાભ લેતા નહિ. કારખાનેદારો મજૂર વગેરેને શોષતા નહિ એટલે લેબર યુનિયનો પણ ત્યાં સ્થપાયાં નહોતાં. ભાડુઆતો, માલિકોને નિયમિત ભાડું આપતાં એટલે 'ટેનન્સી ઍક્ટ' પણ ત્યાં નહોતો. શાળા–સંચાલકો શિક્ષકો પાસે વધારે પગારમાં સહી કરાવી ઓછો પગાર આપતાં નહિ એટલે શિક્ષકસંઘ પણ અસ્તિત્વમાં નહોતા. ટૂંકમાં લોકો સર્વ વાતે સુખી હતા. પ્રજામાં સત્યનું તેજ એટલું બધું હતું કે કોઈ રાજા આ પ્રજા પર શાસન કરી શકતો નહિ. ઘણા રાજા આવ્યા ને ગયા, પણ કોઈ રાજા લાંબો સમય ટકી શકયો નહિ. રાજાની ત્યાં જરૂર જ નહોતી.

આ નગર વિષેની તરેહતરેહની કથાઓથી આકર્ષાઈને એક રાજા ત્યાં આવ્યો. આવતાં જ તેણે પ્રજાજનોને પૂછયું : 'હું તમારા પર રાજ્ય કરું?'

'કરી શકશો?' પ્રજાએ સામે પૂછયું.

'મારી એવી મહેચ્છા છે...' રાજાએ ગદ્‌ગદિત અવાજે કહ્યું.

'તો કરો...' પ્રજાએ સંમતિ આપી.

અને રાજાએ ગાદી સંભાળી. તે પ્રજામાનસને ઓળખવા માગતો હતો. પ્રજા ખરેખર ભોળી ને સત્યપ્રિય છે કે એવું મહોરું લઈને ફરે છે એની કસોટી કરવા રાજાએ ફરમાન કાઢયું કે પોતે એક મહાયજ્ઞ કરવા ઇચ્છે છે, જેને માટે દરેક પ્રજાજને મહેલમાં આવેલા એક ખાલી હોજમાં રાત્રે એકએક લોટો ચોખ્ખું ઘી નાખી જવું. બીજા દિવસે સવારે રાજાએ જોયું તો હોજ ચોખ્ખા ઘીથી છલોછલ ભરાઈ ગયો હતો. એક ટીપું ય ભેળસેળ એમાં નહોતી.

આ જોઈ ને રાજા તો દુઃખી દુઃખી થઈ ગયો. આવી પ્રામાણિક અને સાત્ત્વિક પ્રજા પર લાંબો સમય રાજ્ય કેમ કરી શકાશે એ વિચારે તેની ઊંઘ હરામ થઈ ગઈ. પ્રજામાં પ્રપંચ પ્રવેશે, અંદરઅંદર છેતરપિંડી કરે તો જ તેનું સત્યનું તેજ ઓછું થાય અને પોતે કાયમ માટે રાજ્ય કરી શકે.

વારતાને આટલેથી જ અટકાવતાં વૈતાળે વિક્રમને પૂછયું : 'તો હે વિક્રમ, પ્રજા અપ્રામાણિક બને એ માટે રાજાએ શું કરવું જોઈએ?'

'પ્રજા પર આકરા કરવેરા નાખવા જોઈએ.' વિક્રમે જવાબ આપ્યો.

'વાહ વિક્રમ, તું તો ખરેખરો રાજા છે...' કહી ફરી વાર મડુ રાજા વિક્રમને બેવકૂફ બનાવી ઊડી ગયું.

ત્યાં સુધી તો મને અહીં રહેવા દો!'

લોકો પીગળ્યા હતા. એમને ખાતરી હતી કે રાજા આવ્યા વિના નહિ રહે. પેલો ગામડિયો તો ક્યારનો ય ત્યાં ગયો છે. આ રસ્તે, ક્યારની ય, ચાલતી રહેલી આ ચર્ચા પણ ગામમાં પહોંચી જ હોય. ઇડિપસ આવ્યો છે એ વાત છાની રહે જ નહિ. ને એનું નામ

સાંભળ્યા પછી તો, રાજા ઘડી યે થોભે નહિ.

સૌ રાજાની રાહ જોતાં હતાં, ત્યાં દૂરથી ડાબલા સંભળાયા. પણ આ તો રાજા નથી, કોઈ છોકરી છે! એ નજીક આવી ત્યારે ઍન્ટિગોની ઓળખીને એની પાસે ગઈ ને એને બથમાં લેતી બોલી: 'ઇઝ્મિની! મારી બહેન! તું?'

'બહેન! આખરે મેં તમને શોધી કાઢ્યાં!'

ને એ પિતાને પણ બાઝી પડી. ત્રણેની આંખો ઊભરાઈ પડી હતી. એના આગમનનું કારણ જાણવા સૌ ઉત્સુક હતા. ઍન્ટિગોનીને પણ પેટમાં ફાળ પડી. પિતાને દેશવટો મળતાં, ઍન્ટિગોની ટાઢ, તડકો, ભૂખ, દુઃખ બધું વેઠતી, એમની સાથે જ સેવાર્થે રહી હતી; જ્યારે ઇઝ્મિની રહી હતી તો થીબ્સમાં, પણ ત્યાં રહ્યે રહ્યે ઇડિપસ સંબંધી થતી ભવિષ્યવાણી કે બીજી ખબરો જાણતી, ને જરૂરે પડ્યે જાતે પિતાને પહોંચાડતી. એ ઇડિપસની શ્રદ્ધેય ગુપ્તચરી હતી, થીબ્સ ને ઇડિપસ વચ્ચેની સંજીવન-કડી હતી.

'શા ખબર છે બહેન?' ઍન્ટિગોનીએ અધીરાઈથી પૂછ્યું.

'સમાચારો માઠા હતા. શાપિત કુળના ઓછાયા નીચે થીબ્સ ન રહે, નગરનું યે પાપમોચન થાય, એથી, પૉલિનીસસ ને ઇટિયોક્લ્સ બન્નેએ શરૂઆતમાં તો ક્રિયોનને નિર્વિઘ્ને રાજ્ય ચલાવવા દીધું. પણ પછી, સત્તાલોભ સળવળ્યો. કાવાદાવા શરૂ થયા. ગાદી ઝૂંટવાઈ. પણ પાછું મોટેરા પૉલિનીસસને નાનેરા ઇટિયોક્લ્સે પદભ્રષ્ટ કરીને તગડી મૂક્યો. તેથી એ આર્ગોસથી મદદ મેળવી, થીબ્સને પરાસ્ત કરવા આવી રહ્યો છે.

બીજા સમાચાર: ડેલ્ફીની દેવવાણી છે કે જીવતાં જેને ઇડિપસની કૃપાદૃષ્ટિ મળશે ને મૃત્યુ પછી જ્યાં એનો મૃતદેહ હશે તે ભૂમિનું કલ્યાણ થશે; અને એની સમાધિની અદબ ન પાળનાર દેશ પર આફત આવશે.

આ બીજા સમાચારને કારણે, હવે ઇડિપસની કૃપાયાચના માટે ખટપટ શરૂ થઈ છે! થીબ્સમાં તો ઇડિપસને લવાય એમ નથી; એનું લોહી થીબ્સની માટીમાં મળે તો ઉત્પાત થાય! એની તો આણ છે. છતાં કૃપા તો જોઈએ જ! થીબ્સના રાજકારણીઓએ માર્ગ કાઢ્યો છે. ઇડિપસને થીબ્સની સરહદ પર ક્યાંક રાખવો. ને મૃત્યુ બાદ એના શબને મુખ્ય ભૂમિથી અળગું, છતાં બને તેટલું નજીક, રાખવું.

'દેવોએ તમને મહત્તા આપી એટલે આ લોકો લોભાયા છે. ક્રિયોન તમને મળવા આવ્યા વિના નહિ રહે.' ઇઝ્મિનીએ કહ્યું.

'એ ક્યારે ય નહિ બને.' ઇડિપસે નિશ્ચયાત્મક સ્વરે કહ્યું.

'તો થીબ્સ પર આફત આવશે.' ઇઝ્મિનીએ મૂંઝવણ રજૂ કરી.

'પેલા છોકરાઓ આ જાણે છે કે?' ઇડિપસે પૂછ્યું.

'કોણ? પૉલિનીસસ-ઇટિયોક્લ્સ? હા. બધું જાણે છે,-બરાબર.'

'છતાં એ પિતાને પડતો મૂકી સત્તાની ખેંચતાણમાં પડ્યા છે?' ઇડિપસનું અંતર આખું ઊકળી ઊઠ્યું. એનાં વચનો અંગારા બન્યાં: 'તો એમની વચ્ચેના દારુણ યુદ્ધને દેવો ય ખાળી શકશે નહિ. બેમાંથી એકે ય આ ગાદી ભોગવી શકશે નહિ.' ડોસાને ફરીફરીને વીતકો યાદ આવ્યાં. જ્યારે હદપારી ચાહી, મૃત્યુ વાંછ્યું ત્યારે એ ન મળ્યાં; જ્યારે વેદના સહ્ય બનવા આવી હતી ત્યારે ક્રિયોને હદપારી ફરમાવી ને પુત્રો સાંભળી રહ્યા! પિતાને કોઈ જાતની મદદ ન કરી! બાપને વહેતો મૂક્યો! 'હવે કૃપા જોઈએ છે આ પુત્રોને, પેલા ક્રિયોનને! કૃપાના અધિકારી તો આ છે—ઍથેન્સનાં નગરજનો.' ને લોકો એની વાણી સાંભળી રહ્યા: 'દોસ્તો, હું ઍથેન્સનું ઋણ નહિ ભૂલું. એના કલ્યાણ માટે પ્રાણ પાથરીશ. મારામાં જેટલું બળ દેવે દીધું છે, તે બધું આ ભૂમિને ન્યોચ્છાવર હો. હું આ ભૂમિનો પરિરક્ષક બનીશ; પણ મારા રિપુઓનો તો બનીશ કૃતાંત.'

પોતાની ભૂમિ પ્રત્યે ઇડિપસની ચાહના અને ઇઝ્મિનીની આગાહી સાંભળીને આગેવાનોને થયું કે ઇડિપસને સહાય કરવી જ જોઇએ. ડેલ્ફીનો બોલ ખોટો ન પડે. ઇડિપસને વચન પણ અપાયું છે. એમને કહ્યે જ એ થાનક બહાર નીકળ્યો. એટલે વિશ્વાસઘાત કેમ થાય?

'પણ આ દેવીઓ કોપે તો?' એક જણે શંકા કરી.

'પ્રાયશ્ચિત્તવિધાન કરી લે.' બીજાએ ઉપાય બતાવ્યો, ને સૌને ગળે એ વાત ઊતરી. 'તો ઝટ એ વિધિ પતાવે તો?' ઇડિપસ તો તૈયાર હતો જ. પણ ઘણી વસ્તુઓ લાવવાની હતી. આચમની, તરભાણું, પંચપાત્ર, પવિત્ર નિર્ઝરનું જળ, મધ, ઘેટાનું તાજું કાપેલું ઊન. અંધ-વૃદ્ધને મુશ્કેલ પડશે એમ સૌને લાગતાં, સૌનો મત પડ્યો કે દીકરી કરે તો ય ચાલે. એટલે ઇઝ્મિનીએ વિધિકાર્ય માથે લીધું. ચાચરમાં પૂર્વાભિમુખે બેસી, મધ-જળ-ઑલિવડાળનો નવ વાર અર્ઘ્ય આપતાં મનમાં સતત આ મતલબનો મંત્રોચ્ચાર કરવાનો હતો:

शरणागतदीनार्त्त परित्राणपरायणी।
सर्वस्यार्त्तिहरे देवी नारायणी नमोऽस्तु ते॥

ઇઝ્મિની વિધિની તૈયારી માટે ગઈ. લોકો ઇડિપસનાં વીતકો સાંભળવામાં પડ્યા. ત્યાં રાજા થીસિયસ આવી પહોંચ્યો. લોકો ઊભા થઈ ગયા, મારગ કર્યો. રાજાએ સૌના પ્રણામ ઝીલી, પ્રેમથી એમને બેસવા કહ્યું. પોતે ઇડિપસ-ઍન્ટિગોની પાસે ગયો.

'દાદા, મેં તમારે વિષે બધું ય સાંભળ્યું છે. તમે નિશ્ચિન્ત રહો. અહીં તમે નિર્ભય છો. મારે માથે ય તમારી જેમ રઝળપાટ આવ્યો'તો. પરદેશોમાં યુદ્ધો ય ખેલવાં પડ્યાં....' એની આંખો ભૂતકાળમાં જડાઈ, ને વર્તમાનમાં પાછી ફરી: 'હું ય માણસ છું, હોં! ના, વારાફેરા તો—ચક્રનેમિક્રમેણ—આવ્યા કરે. આજ તમારી આ દશા છે એ કાલે મારી હતી, ને પાછી આવતી કાલે ફરીથી આવે ય ખરી!' રાજાની વાતે ઇડિપસ નિશ્ચિંત બન્યો, ઉપકારવશ પણ.

'મારી પાસે તમને આપી શકું એવી એક બક્ષિશ છે, તે તમને આપવા માગું છું.' ઇડિપસે આભારવશ કહ્યું.

'બક્ષિશ? શાની?'

'મારા વેદનાગ્રસ્ત દેહની. આ દેહ દર્શનીય નથી, પણ એ અમૂલ્ય છે.'

'એટલે?'

'એ તો તમે ભવિષ્યમાં જોશો!' 'ક્યારે?'

'જ્યારે આ દેહ પડશે ને એના અવશેષોને તમે દફનાવશો ત્યારે.'

'ઓહો! ત્યારે, તમે માત્ર આટલું જ માગો છો: તમારી અંત્યેષ્ટિ અહીં થાય. એમ ને?' 'હા.' ઇડિપસે કહ્યું.

'એમાં તમે શું માગ્યું! એ તો નાની વાત.' રાજાએ કહ્યું.

'એવા ભુલાવામાં રહેશો નહિ.' ઇડિપસે પરિસ્થિતિની ગંભીરતાથી રાજાને ચેતવ્યો. ગાદી માટે પુત્રોની ખટપટની અને પોતાને માટે થએલ દેવવાણીની વાત કરી, હવે સૌ ઇડિપસના સ્નેહયાચકો બનવા નીકળ્યા છે તે સમજાવ્યું, ને ઉમેર્યું.

'આ ધરતી પર એમનો પરાભવ લખાએલો છે.'

'પણ અમારે થીબ્સ સાથે કોઈ વૅરઝેર નથી. અમે શા માટે નિરર્થક વિપ્લવ નોતરીએ?' થીસિયસ હજી સમજ્યો નહોતો.

'તમે નહિ, દોસ્ત, કાળ; કાળ છે મહાવિપ્લવકારી. આયુ-મૃત્યુથી પર અમરોને બાદ કરતાં સૌ પર એનું જ શાસન ચાલે છે. એ શોષે છે ધરતીનાં રસકસ, ને સૂકવી દે છે શ્રદ્ધાને, ત્યારે અનૃત ફૂલેફાલે છે! પ્રેમનું ય ક્યાં એની પાસે કશું ચાલે છે?! મિત્રોની મૈત્રી ક્યાંય કાયમી જોઈ છે? નગરો વચ્ચેનો નાતો ય કાયમી થોડો રહે? આજે થીબ્સ ને ઍથેન્સ વચ્ચે ઊજળો આભ જેવો નાતો છે; કાલે એ જ કરાલ ઘોર રાત જેવો થઈ જાય. હું તો એ જોઉં છું... તમારા વચ્ચે શસ્ત્રો વીંઝાશે... ત્યારે શાશ્વત સોડ તાણી અહીં સૂતેલો મારો મૃણ્મય દેહ ધગધગતું લોહી પીશે!!... આમ જો ન થાય, તો દોસ્ત, (અનુસંધાન પૃષ્ઠ ૧૪૩)

આત્મકથાનક-૧૦૮

જીવનપટનાં સ્મૃતિચિત્રો

રવિશંકર મ. રાવળ



પં. વિષ્ણુ દિગંબર (ર. મ. રા.)

૫૪૩
પંડિત વિષ્ણુ દિગંબર

આ બધા સંજોગોમાં સંગીત-પંડિત આપ્ટેજી ઉપર અમદાવાદ સત્યાગ્રહ આશ્રમમાંથી ખરેજીનો પત્ર આવ્યો કે 'ગુરુવર્ય શ્રી વિષ્ણુ દિગંબરજીની બંને આંખો પર મુંબાઈમાં મોતિયાનું ઑપરેશન થયું છે અને ઉનાળાની ગરમી અસહ્ય લાગે છે. ડૉક્ટરોએ કોઈ શીતલ ગિરિ-નિવાસમાં મહિનોમાસ ગુજારવા સલાહ આપી છે. જો અંબાલાલ શેઠના પરિવાર સાથે તેમની ગોઠવણ થઈ શકે તો પોતાની સેવા માટે બે ખાસ શિષ્યો સાથે તેઓ ત્યાં આવે. તેમના નિત્યનિયમ અને સાધના માટે એકાંત ઓરડાની જરૂર રહેશે. મોટા શ્રીમંતની સહાય વિના આવી વિશ્રાંતિ અશક્ય છે. તેઓ ભારતના મહાન સંત અને સંગીતોદ્ધારક નરરત્ન છે એમ સમજી એમનો ભાર અંબાલાલ શેઠ સ્વીકારે તો પૂછી જોશો.' ઘણા સંક્ષોભ સાથે આપ્ટે માસ્તરે કરુણાશંકર આગળ આ વાત કરી. તેમણે સરલાદેવી આગળ વાત મૂકી અને એક ઉચ્ચ ભાવનાશીલ સન્નારીને છાજે એમ શ્રી સરલાદેવીએ પંડિતજી જેવાના સમાગમનો મહાલાભ મળશે એમ વિચારી અંબાલાલ શેઠને પૂછી સંમતિદર્શક જવાબ લખાવ્યો.

તેમના આવવાની તારીખે આપ્ટે માસ્તરનો હરખ માતો નહોતો. શેઠ-દંપતીને હજારો ધન્યવાદ આપ્યા હતા. સાથે આવનાર બંને શિષ્યોમાં એક શ્રી નારાયણરાવ વ્યાસ અને બીજા ઘણે ભાગે શંકરરાવ પાઠક હતા. એ બંનેની સૂવાની ગોઠવણ અમારા ખંડમાં જ કરવામાં આવી. પંડિતજી માટે શેઠના નિવાસમાં જ એક કમરો ખાલી કરી જાજમ અને ગાદી-તકિયો ગોઠવાયાં. અમે બપોરનું ભોજન લઈ આવ્યા કે પાછળથી આપ્ટે હાંફતા આવ્યા ને આનંદભેર કહ્યું: 'રવિભાઈ, ગુરુજી આ ગયે. બહુત મઝા આયેગી.' ગુરુજીની સર્વ પ્રકારે વ્યવસ્થા કરી નારાયણરાવ અને પાઠકજી નીચે આવી સ્નાન કરી ભોજન કરી આવ્યા અને પછી બિછાને બેઠાબેઠા એ ત્રણેએ પરસ્પર બધા સમાચારોની ખૂબ આપલે કરી. તે પછી તો રોજનો સહવાસ વધ્યો તેમ તેમની પાસેથી ગુરુજીની જીવનકથાના અનેક પ્રસંગો સાંભળી હું સમજી શક્યો કે એક નિષ્ઠાવાન ભક્તપુરુષ અને સંગીતાચાર્યની નિકટતા મને પ્રાપ્ત થઈ છે.

ગુરુજી માત્ર દૂધ અને ફલાહાર ઉપર જ રહેતા હતા. તેમની ઇચ્છાનુસાર સર્વ બંદોબસ્ત થઈ ગયો હતો. તેઓ પ્રાતઃકાળમાં લગભગ ત્રણ વાગ્યે સ્નાન કરી એકતારો લઈ આસન પર બેસી જતા. પોશાકમાં તેઓ અંદર લંગોટી મારી શરીર ઉપર લાંબી કફની પહેરતા અને પદ્માસન કરી બેસતા. દાઢી અને માથાના વાળની તાળવે ગાંઠ મારતા કોઈ બાઉલ ભક્ત જેવા લાગતા. એકતારાના સ્વર સાથે અખંડ રામધૂન રાખતા. અમારી સૌની વિનંતીથી સવારે જમીને અને સાંજે પણ જમીને તેમની પાસે પા કલાક શાંતિથી બેસવાનું કે સહેજ પૂછપાછ કરવાનું તેમણે સ્વીકાર્યું હતું. તેમના ખંડ પાસેથી નીકળનારને સતત એકતારાના સ્વરમાં રામનામનો ઉચ્ચાર સાંભળવા મળતો. રાત્રે કે દિવસે એ રામધૂન સમય સમયના સ્વરાલાપમાં સહજરીતે પલટાતી એટલે ભાવ અને મધુરતાનો અનેરો આનંદ પ્રસરતો. તેમના કંઠમાંથી 'રામ' શબ્દનો જે રણકો થતો તે મને બીજે ક્યાંય સાંભળવા મળ્યો ન હતો. તેમની આંખો પર તો સદા ઘેરાં કાળાં ગૉગલ્સ રહેતાં એટલે ઓળાના અણસારે કે અવાજ સાંભળી તેઓ વાત કરનાર તરફ મોં ફેરવતા.

અંબાલાલ શેઠના સકળ કુટુંબ-પરિવાર અને શિક્ષકમંડળનો ધીમે-ધીમે તેઓ પરિચય માગતા. એક વાર મારા નામનો ઉલ્લેખ થયો ત્યારે બોલ્યા: 'પ્યારે રવિભાઈ! તુમારા પરિચય મિલ ગયા હય. મેરા રામ કી એક તસ્વીર બના દો.' એકાએક આવું ચૅલેન્જ (અચાનક ફરમાન) થતાં હું ભડકી ઊઠ્યો. અતિ નમ્રતાથી હાથ જોડી મેં જવાબ આપ્યો: 'પંડિતજી, આપ આશીર્વાદ આપો તો જ હું આપના રામનું દર્શન પામું અને ચિત્ર કરી શકું. હું એ રામને જોઈ શકું નહિ તો કેમ કરી શકું?'

તે હસી પડ્યા અને પ્રેમપૂર્વક મારી પીઠ પર હાથ ફેરવી રહ્યા. 'ઠીક કહી. રામદર્શન પાવોગે કોઈ દિન જરૂર.' તે વખતે મારું હૃદય ભરાઈ આવ્યું અને હું આર્દ્ર બની ગયો. પંડિતજીના સહવાસના એ દિવસો સકલ પરિવારને ઉત્સવ જેવા થઈ ગયા હતા. એમના ગયા પછી અમદાવાદમાં વરસાદ થયાના ખબર મળ્યા એટલે અમારી ગિરિનિવાસની અવધિ પણ પૂરી થવા આવી અને સામાન બંધાવા માંડ્યા.

૫૪૪ મસૂરીથી વિદાય

આપ્ટેજીને મુંબાઈ જઈ પોતાનાં પત્ની-બાળકોને અમદાવાદ લઈ આવવાનાં હોવાથી તેમણે બે-પાંચ દિવસ વહેલા નીકળવાની રજા માગી એટલે મેં પણ વચ્ચે દિલ્હી-આગ્રા જોઈ નાખવાનો નિશ્ચય કરી વિદાય લીધી. દિલ્હી મારા મિત્ર ગજાનન પાઠક વડોદરાના કલાભવનની નોકરી છોડી નવી દિલ્હીના બાંધકામમાં સારા પગારે (આર્કિટેક્ટ) સ્થપતિ તરીકે ભરતી થયા હતા. તેમનો આગ્રહભર્યો પત્ર હતો કે મારે દિલ્હી-આગ્રા જોઈ લેવાં જોઈએ. મારા પ્રવાસમાર્ગમાં સહજ રીતે મળતો આ લાભ લેવાનો મેં નિશ્ચય કર્યો હતો. પંડિતજી અને હું બંને દેહરાદૂનથી સાથે ટ્રેઇનમાં ચડ્યા. પણ અમારા માર્ગો જુદા હતા. હું હરદ્વાર ઊતરી ગયો અને ત્યાં હિમાદ્રિમાંથી નીકળી હૃષીકેશ-કનખલ આગળ મેદાનપટમાં પહેલી વાર પથરાતો ગંગાનો વિશાળ પટ જોયો, હર કી પાવડી આગળ સ્નાન કર્યું અને રાતની ટ્રેઇન પકડી તા. ૪થી જુલાઈ ૧૯૨૨ની સવારે ભારતના પ્રાચીન પાટનગર દિલ્હી જંક્શને ઊતર્યો.

૪૪૫ દિલ્હીમાં

સ્ટેશન પર ગજુભાઈ પાઠક પત્રમાં લખ્યા મુજબ હાજર હતા. નજીકની નયી બજારમાં જ તેમનો નિવાસ હતો ત્યાં ટાંગામાં અમે પહોંચી ગયા. એ જૂની દિલ્હીનો એક વેપારી લત્તો હતો. તેના ઉપરના ભાગમાં પાછળની ગલીમાં મૂકેલા દાદરથી જવાતું હતું. જૂની રીતનો વિશાળ ખંડ, મુખ્ય બજાર પર પડતી અટારી, રસોડું, સંડાસ વગેરે સગવડો હતી. નવું દિલ્હી બંધાતું હતું તેથી સરકારી તંત્ર પણ જૂના દિલ્હીનાં સરકારી મકાનોમાં ચાલતું.

ગજુભાઈને દસ વાગ્યે તો ઑફિસમાં જવાનું હતું. તેમનાં પત્ની રસોઈમાં ગૂંથાયાં હતાં. નાનું બાળક ઘોડિયામાં સૂતું હતું, તેને ગજુભાઈના પિતાશ્રી, પૂર્વના કડક વિશ્વનાથકાકા, (આજે સંન્યાસીના વેશે સાવ બદલાઈ ગએલા વિનમ્ર વૃદ્ધ) નાની માસૂમ બાળકીને હીંચોળી રહ્યા હતા. એક વખતના વિદ્વાન તત્ત્વચિંતક શ્રી નથુરામ શર્માના અગ્રગણ્ય, પ્રભાવી દેખાવવાળા શિષ્ય આજે વીતરાગ બની સૂનમૂન દોરી ખેંચતા હતા. મેં પ્રણામ કર્યા એટલે પરાણે સ્મિત જેવું મોં કરી મૌન રહ્યા. તેમનું આ સ્વરૂપ જોઈ મને આશ્ચર્ય થયું. ગજુભાઈએ ખુલાસો



શ્રી ગજાનન પાઠક



જમણી બાજુ: નવી દિલ્હીના સર્જક સ્થપતિ સર એડવર્ડ લ્યુટિયન્સ

કર્યો કે જૂની પ્રણાલી પ્રમાણે સંન્યસ્ત લઈ બેઠા, પણ આજે સંન્યાસીઓને કોણ રોજરોજ ભિક્ષા આપવાનું છે? ઘરમાં ભોજન-આશ્રયની પૂરી સગવડ છે. નિરુપદ્રવી જીવન વીતાવે છે. બાળકોને ચાહે છે. સમય થયો એટલે હું ગજુભાઈ સાથે જમવા બેઠો. તે જ વખતે થાળી તૈયાર કરી તેમનાં પત્ની બહાર જઈ સ્વામીજી આગળ મૂકી આવ્યાં.

૫૪૬ દિલ્હીમાં પરિભ્રમણ

ઑફિસે જતાં પહેલાં ગજુભાઈએ બાજુમાં વસતા છોટુભાઈ જોશીને બોલાવી મારી સાથે પિછાન કરાવી અને કહ્યું: 'આ ભાઈને હમણાં નિરાંત છે. રજા પર છે. તમારી સાથે ફરશે. આજે શહેરનું પર્યટન કરી લ્યો. કાલે ટ્રેઇનમાં આગ્રા-ફતેહપુર જજો. ત્યાં આખો દિવસ લાગશે.'

છોટાલાલ જોશી તો જાણે મારી ઓળખાણ કરી મોટો લહાવો પામ્યા હોય તેમ હરખાઈ ગયા. બે કલાકની વિશ્રાન્તિ લઈ ને ટાંગો કરી કુતુબમિનાર, હુમાયૂંનો મકબરો, પુરાણા કિલ્લા, લાલ કિલ્લો, મોતી મસ્જિદ ને એવાં કંઈ બે-પાંચ સ્થળો ફરી વળ્યા. છોટુભાઈ સ્થાપત્યવિદ્ હતા. સૈકાઓથી ઊભેલાં બાંધકામોની રચના, શૈલી, અનુકરણો ને નહિ જેવો ઇતિહાસ સંભળાવતા એક જીવતી ગાઈડ બની ગયા હતા. ટૂંકમાં દિલ્હીના ચારે છેડા અમે સર કરી ઘેર આવ્યા. બાજુમાં વસતા મિ. મઝુમદાર નામના એક મિત્ર મળ્યા. આર્ટ સ્કૂલમાં તે મારા વર્ગ-સાથી હતા તેમજ આર્કિટેક્ચરનો અભ્યાસ પણ કરતા. ચિત્રનો શૉખ તજી દીધો હતો પણ વાતો સારી પેઠે કરતા.

બીજે દિવસે સવારે છોટુભાઈ અને હું આગ્રા ગયા. ત્યાં તેમણે તાજનું સંપૂર્ણ અવલોકન કરાવી આગ્રાનો કિલ્લો પણ બતાવ્યો. શાહજહાંના મૃત્યુ સમયનો ખંડ અને ઝરૂખો—જ્યાંથી તાજનું દર્શન થાય છે તે બરાબર બતાવ્યું, સમજાવ્યું અને ફતેહપુર-સિક્રીનું તજાએલું પાટનગર સમગ્ર વિસ્તારમાં જોયું. મુઘલ શિલ્પસ્થાપત્ય તથા તે સમયના વિશાળ બુદ્ધિ-સંસ્કાર ને સમૃદ્ધિનો એ ખાલી પડેલું સૂનું નગર પણ ઘણો ઊંચો આંક આપે છે.

ત્રીજે દિવસે ઑફિસમાં રજા હોવાથી ગજુભાઈએ મારું કાંડું પકડયું અને નવું બંધાતું સેક્રેટેરિયેટ બતાવ્યું અને અંગ્રેજોએ મુઘલ રાજમહેલોની હરીફાઈમાં એથી પણ મોટું રાજ્યગૃહ બાંધવામાં શી ચતુરાઈ, શો અનુભવ અને કેવાં કળા-કૌશલ્ય વાપર્યાં છે તેમજ ભૂ-વિસ્તારના ઢાળો-ટેકરીઓ પર કેવાં સયુક્તિક ભવનો બાંધ્યાં છે તે સમજાવ્યું. દ્વારદેશો, દીવાબત્તીના થાંભલા, બુરજો, બધાંમાં સૈકાનાં કળા-તત્ત્વોનું મિશ્રણ બતાવ્યું, અને એ બધું એક જ ભેજામાંથી પ્રકટયું હતું તે કહ્યું. તે ભેજું હતું સર એડવર્ડ લટિયન્સ—ન્યૂ દિલ્હીના સર્જક અંગ્રેજ સ્થપતિનું.

૫૪૭ દિલ્હીમાં એકમાત્ર નવી શિક્ષણસંસ્થા

પછી મને કહે: શાંતિનિકેતનમાં રવીન્દ્રનાથે શિક્ષણનું પ્રભાત પાડયું છે, ભાવનગરમાં પણ નાનાભાઈએ અને ગિજુભાઈએ સમગ્ર દેશનું નવા શિક્ષણપ્રયોગોનું કેન્દ્ર કર્યું છે, પણ હજી દિલ્હીની કૉલેજો કે યુનિવર્સિટીમાં સરકારી ધોરણે જ કામ થાય છે. તમે અમદાવાદમાં એક નવા શિક્ષણકેન્દ્રમાં કામ કરો છો ત્યારે અહીં પણ એક ખાનદાન કુટુંબે પહેલ કરી એક શાળા કાઢી છે તેમાં રવીન્દ્રનાથ ટાગોરના પ્રસિદ્ધ શિષ્ય શારદાચરણ ઉકીલ ચિત્ર અને સંગીત સંભાળે છે તે આપણે જોઈશું

કોઈ જાગીરદારના કૉમ્પાઉન્ડમાં એક બંગલામાં અમે ગયા. ઘણે-ભાગે તેમનું નામ રઘુવીરસિંહ હતું. તેઓ જાતે કેટલાંક સુશિક્ષિત કુટુંબોનાં બાળકો માટે આ બિનસરકારી શાળામાં સ્વતંત્ર અભ્યાસતંત્ર સંભાળી રહ્યા હતા. ગજુભાઈએ શારદાચરણ સાથે મૈત્રી સાધી લીધી હતી એટલે અમને જોતાં જ ઉમળકાભેર આવકાર્યા. તે વખતે તે મોટું દિલરૂબા લઈ કોઈ રાગ ખેંચતા હતા. બાળકોની ટોળી હાથપગના અભિનય સાથે તેના સ્વરોમાં લીન થઈ ડોલતી હતી. આવે પ્રસંગે જ બાળકોનાં મોં પર ભાવોની સુરખી પથરાય છે તે અમે જોઈ શક્યા.


તે પછી તેમણે બાળકોનાં સ્વતંત્ર ચિત્રકામ બતાવ્યાં. તેમાં ચીલાચાલુ ચિત્રપરીક્ષાઓનો કોઈ પાઠ નહોતો. કાલી કાલી વાણીની પેઠે અનેક મનોરમ રંગોથી બાળકોએ વાર્તાનાં પાત્રો, કુટુંબના પ્રસંગો કે પોતાની રમતો આલેખ્યાં હતાં. શારદાચરણે મારા પર એવી પ્રીતિ બતાવી કે જાણે દૂરનો કોઈ સંબંધી મળી ગયો. બીજા વિષયોના શિક્ષકો પણ ઉમંગી જોયા. વર્ગોમાં સુંદર ભીંતચિત્રો, દૃશ્યો અને અવનવા પદાર્થોની સજાવટ હતી. અહીં મેં જાણે ભારતના નવવિધાનના ભણકારા સાંભળ્યા. એક કલાકારની મૈત્રી પામ્યો. એમના અવસાન બાદ ભવિષ્યમાં એમના નાના ભાઈ વરદા ઉકીલે ચિત્રશાળાને વિસ્તારી અને તેમાંથી આજની 'આર્ટ્સ ઍન્ડ ક્રાફ્ટ્સ સોસાએટી ઑફ ઇંડિયા'નો જન્મ થયો. તેના પ્રસ્તાવકાળથી આરંભ સુધી હું જે સંકળાઈ ગયો હતો તે છેવટે એ જ વરદા ઉકીલના સચિવપદે સ્થપાએલી લલિતકળા અકાદમીના 'ફેલો' થવાનું બહુમાન પણ મને ૭૮મા વર્ષે હમણાં પ્રાપ્ત થયું.


ગજુભાઈએ આ ત્રણ દિવસોમાં મારી સાથેનું સ્નેહબંધન પૂર્ણ રીતે દૃઢ કર્યું અને હું ૧૦મી જુલાઈએ અમદાવાદ પહોંચી ગયો.

૫૪૮ રિટ્રીટ શાળામાં ગિજુભાઈ અને કાકાસાહેબ

મારા ત્યાં ગયા પછી એક વાર ગિજુભાઈ અને કાકાસાહેબ રિટ્રીટ શાળાની મુલાકાતે આવી ચડયા. એ વખતે ગિજુભાઈએ મૉન્ટેસોરી પદ્ધતિથી બાલમંદિરો માટે શિક્ષકો તૈયાર કરવા માંડ્યા હતા. તેની સામે દેશની સ્થાપિત શિક્ષણસંસ્થાઓના ચાલકો ને કેટલાક શિક્ષણનેતાઓએ ઊહાપોહ કરેલો. બ્રિટિશ પ્રજાએ તે કાળે મહાન કેળવણી પ્રણેતા પૅસ્ટેલૉઝીના સિદ્ધાન્તાનુસાર બાલોદ્યાનમાં પ્રૌઢ-નિર્ણય કાર્યક્રમો અને આગળ જતાં સુયોજિત પાઠ્યપુસ્તકોની પ્રતિષ્ઠા કરી હતી. એ જ રીતે વડોદરાની ટ્રેનિંગ કૉલેજના પ્રિન્સિપલ સાક્ષર શ્રી મણિશંકર રત્નજી ભટ્ટે પૅસ્ટેલૉઝીનું શિક્ષણશાસ્ત્ર ગુજરાતીમાં અનુવાદ કરી આપ્યું હતું અને બધી શાળાઓના શિક્ષકો માટે તે શિક્ષણની ગીતા સમાન ગણાતું. અમારે ત્યાં કરુણાશંકર માસ્તર તે હમેશાં હાથ પર રાખતા અને શિક્ષણ વિષે કંઈ વિવાદ થાય ત્યારે તેમાંથી ફકરા શોધી આદેશ મેળવતા. સાથેસાથે બાળકો માટે સંસ્કારપ્રદ પુસ્તકો લાયબ્રેરીમાં આવે તેવો આગ્રહ રાખતા. પાઠના શબ્દો અને વાક્યોની પસંદગીમાં પણ સંસ્કારી ભાષા અને વિચારો જ રાખવા ચીવટ બતાવતા.

કાકાસાહેબ અને ગિજુભાઈ સરલાદેવીની સાથે આવ્યા ત્યારે મને મનમાં શંકા તો થઈ કે એ બંનેની ચકોર દૃષ્ટિ અમારી ક્ષતિઓ પકડી, ટીકાઓ કરશે. હું બંનેને સારી રીતે જાણતો હતો. મને મળતાં જ ગિજુભાઈએ કહી નાખ્યું કે ભાઈ તમારી શાળાનાં બહુ વખાણ સાંભળી આજે જોવા આવ્યા છીએ. અમારે તો સારું હોય તે અમે ત્યાંથી લેવું છે.





શ્રીમતી સરલાદેવી તથા શ્રીમાન અંબાલાલ સારાભાઈ. જમણી બાજુ: રિટ્રીટ શાળાના અધ્યાપકો: પાછળ ઊભેલા–સર્વશ્રી ચોકસી, છોટુભાઈ ભટ્ટ અને ભાઈલાલ પટેલ; આગળ–શ્રી રવિશંકર રાવળ તથા (બેઠેલા) સંગીતશિક્ષક શ્રી આપ્ટેજી.


બધા વર્ગોમાં ફરી રહ્યા બાદ શિક્ષકો સાથે વાર્તાલાપ ગોઠવ્યો ત્યારે બાળકોને પણ તેમાં બોલાવ્યાં. ગિજુભાઈ માં વકીલની ઢબે ક્રૉસ (ઊલટ તપાસ) જેવા પ્રશ્નો મૂકી વાત કરવાની ટેવ હતી. એમણે પૂછેલું કે અરેબિયન નાઈટ્સ કોઈએ વાંચી છે? કરુણાશંકરભાઈએ પૅસ્ટેલૉઝીના આદેશ પ્રમાણે આવાં પુસ્તકો લાયબ્રેરીમાં ન જ રાખવાં જોઈએ એમ ભાર દઈ કહેલું તે ઉપર આ પ્રશ્ન થએલો. બધાંની અજાયબી વચ્ચે એક બાળકે કહ્યું: 'હા, મેં વાંચી છે.' સરલાદેવી પણ ચમકી ગયાં. ક્યાંથી ક્યારે વાંચી એમ પ્રશ્નો થયા ત્યારે જાણવા મળ્યું કે તેમનો એક ચોકીદાર એ વાંચતો હતો તેની પાસેથી લઈને વાંચી નાખેલી! પછી તો ગિજુભાઈ અને કાકાસાહેબે હસતાંહસતાં બાળકો પર અંકુશો નાખવાની રીતો ઉપર મજાક ઉડાવી. મૉન્ટેસોરી અને પૅસ્ટેલૉઝીના આ બે પ્રભાવકો વચ્ચે આથી કંઈક અભાવ જરૂર પ્રકટ્યો હશે.

આ વાત હું એટલા માટે નોંધું છું કે ભવિષ્યના સંજોગોની કોઈને કલ્પના હોતી નથી. આ બે વિરોધી અભિપ્રાયોના પક્ષકારોનાં જ સંતાનો ગુરુદેવ ટાગોરના બોલપુરના શાન્તિનિકેતનનાં વિદ્યાર્થી બન્યાં અને ત્યાંથી કરુણાશંકરના સુપુત્ર ચંદ્રકાન્ત અને ગિજુભાઈનાં સુપુત્રી સુશીલા બન્નેમાં વચ્ચે અનુરાગ થયો. ભૂતકાળના વિરોધો ઓગળી જઈને બંનેના પિતા પરસ્પર વેવાઈ બન્યા અને એ યુવાન બાળકોનું લગ્ન થયું.

નોકરીના જીવનનો અંત

અમદાવાદ પહોંચ્યો કે તરત જ પહેલા નિરાંતના ખબર એ મળ્યા કે હાજીમહમદ સ્મારક ગ્રંથ પૂરો બંધાઈને તેની પ્રતો ઘરમાં આવી ગઈ હતી અને બચુભાઈને હવે છાપખાનાની રખડપટ્ટીઓ મટી ગઈ હતી; પણ મારે હજી મારી નોકરીની મુદ્દત પૂરી કરવાની હતી, અને પુસ્તકોને વગે કરવાનું, વહેંચવાનું બધું જ કામ પૂરો વખત માગે એવું હતું, એટલે હું બીજી ગોઠવણ કરી ન શકું ત્યાં સુધી તેમનાથી તે છોડાય નહિ એવી શરતને આધીન થઈ, તેમણે રોજ ઘેર આવી લેખકો, વર્તમાનપત્રો વગેરેને ગ્રંથની નકલોનાં પાર્સલો કરવાનું કામ ઉપાડી લીધું.

મારે તો શાળા ઊઘડતાંની સાથે જ હાજર થવાનું હતું, એટલે બે દિવસ વહેલાં મારા કુટુંબને રિટ્રીટના નિવાસ પર ફેરવ્યું. એ ઘર ઉઘાડતાં જ જોયું કે અમારી ગેરહાજરીમાં અમે કૂંચીઓ આપી ગયા તેથી ધોળનારા આવી બધું ધોળી ગયા હતા, પણ વાસણો અને ગાદલાંગોદડાંને ખૂબ છાંટા ઊડ્યા હતા. મારાં પત્નીને એ બધું વસમું લાગ્યું હશે. મેં શ્રી સરલાબેનને હકીકત જણાવી ત્યારે તે બહુ દિલગીર થયાં, પણ બીજું શું થાય? મારી વર્ષની મુદ્દત પૂરી થવા આવી હતી એટલે ગમે તે પક્ષે છૂટા થવાનો કે છૂટા કરવાનો અધિકાર હતો. મેં જ પહેલ કરી જણાવી દીધું કે મારાથી કૉમ્પાઉન્ડમાં રહીને મારા કુટુંબની મુસીબતો સંભાળી નહિ શકાય. તેમને અનુકૂળ લાગે તો હું એકલો શહેરમાંથી રોજની આવજા કરી મારી ફરજ સંભાળીશ. બીજી શરતો પાળવાનો મને વાંધો નહોતો. પણ શ્રી સરલાદેવી અને અંબાલાલ શેઠે સ્પષ્ટતા કરી દીધી કે લલિત કલાના શિક્ષકો માટે દિવસ-રાતનું સામીપ્ય એક અફર શરત છે, એટલે મેં વર્ષ પૂરું થતાં છૂટા થવાની લેખિત ખબર આપી દીધી. સરલાદેવીએ ખેલદિલીથી તે મંજૂર કરતાં કહ્યું કે જો મને વિશેષ તકલીફ ન લાગે તો અન્ય ચિત્રનિષ્ણાત શિક્ષક પ્રાપ્ત થાય ત્યાં સુધી મારે રોકાવું. તેમની સદ્ભાવના ને સૌજન્યનો મને પૂરો અનુભવ થયો હતો એટલે બે માસ હું એ સ્થાન પર ચાલુ રહ્યો. દરમ્યાન તેમણે કલકત્તા શ્રી અવનીન્દ્રનાથ ઠાકુર પાસે યોગ્ય શિક્ષકની માગણી કરી હશે તેથી શ્રી પુલીનબિહારી દત્ત આવી ગયા. તેમના આવવા પહેલાં આઠેક દિવસ અગાઉથી મેં મારા ઘરસામાન ને કુટુંબને શહેરના મકાનમાં પહોંચાડી દીધાં હતાં. જિંદગીનું એ એક વર્ષ મને 'નોકરી'ની છાપ તરીકે 'માસ્તર'ના ઉપેક્ષિત સંબોધનવાળી સંજ્ઞા આપતું ગયું, પણ ત્યારથી હું ચિત્રશિક્ષણના ગુણદોષ પર સૂક્ષ્મતાથી વિચારો કરતો થયો, ને ભવિષ્યમાં સુપાત્ર વિદ્યાર્થીઓને યોગ્ય માર્ગદર્શન આપી શક્યો એટલું જ નહિ, પણ શ્રેષ્ઠ ધ્વનિવાળું 'કલાગુરુ'નું બિરુદ પામ્યો. (ચાલુ)



શ્રી અંબાલાલ શેઠનો આવાસ 'રિટ્રીટ'

તારુણ્યની તકલીફો

વર્ણવતી ડૉ. શિવપ્રસાદ ત્રિવેદીની લેખમાળા

[૭] મનોવિકાસ

- **વર્તમાન બનાવોની છણાવટમાં તરુણોમાં વાસ્તવિક બુદ્ધિ કે વિચારો કરતાં સાંભળેલી વાતોનું પુનરાવર્તન કે કલ્પનાની અસર વધુ હોય છે.**
- **મન કેન્દ્રિત કરવાની શક્તિ છતાં તરુણો અભ્યાસમાં એકચિત્ત બની શકતા નથી.**
- **સમજ વિના ગોખેલી માહિતી કરતાં વિચારેલી ને સમજેલી બાબત પચ્ચીસ ગણી યાદ રહે છે.**
- **બાળક પોતાનું મન બહેલાવવા જૂઠું બોલે છે.**
- **કાવ્યો, વાર્તાઓ, ચિત્રો કે સંગીતની તરજોમાં તરુણોના જીવનની ફિલસૂફી વ્યક્ત થાય છે.**

ઘણી વાર કોઈ બાળકનો માનસિક વિકાસ ઝડપી તો કોઈનો ધીરો દેખાય છે, પણ એથી ધીમી વૃદ્ધિવાળું બાળક માનસિક રીતે ઊતરતી કક્ષાનું હોય એમ માનવું ભૂલભરેલું છે. બુદ્ધિશાળી બાળકનો આરંભનો માનસિક વિકાસ ધીમો અને મંદબુદ્ધિ બાળકનો આરંભ પ્રભાવી હોઈ શકે છે. સરખી ઉમરનાં બાળકોની બુદ્ધિશક્તિમાં પણ ફેર નથી દેખાતો? તરુણાવસ્થામાં વ્યક્તિની પ્રવૃત્તિઓ અને હિતસંબંધો બદલાવાથી માનસિક વિકાસ ઉપર પણ તેની અસરો પડે છે અને પરિસ્થિતિના પ્રમાણમાં તેની વૃદ્ધિ સધાય છે. બાળપણ કરતાં તરુણ સારા-નરસાનો ભેદ સારી રીતે પારખી શકે છે. વળી, તેની કુશળતાના પ્રમાણમાં તેનું મગજ ખીલ્યું હોવાનું તેમજ તેની બુદ્ધિશક્તિ વધી હોવાનું આપણે સમજીએ છીએ. અનુભવોના અને બૌદ્ધિક વિકાસના પ્રમાણમાં તરુણો કલ્પનાઓ અને મનોરથોના ઘોડા દોડાવે છે. આસપાસના લોકો અને સંજોગો સંબંધી વાસ્તવિક રીતે વિચારવું, યોગ્ય મત બાંધવો અગર તો પૂરતી સમજ મેળવવાની શક્તિ અંગે પણ તેના બૌદ્ધિક વિકાસના પ્રમાણમાં ફેર પડે છે. અનુમાનો તારવવામાં તાલીમનો મોટો ફાળો છે. વર્તમાન રાજકીય અને સામાજિક બનાવોની તરુણોની છણાવટમાં વાસ્તવિક બુદ્ધિ કે વિચારો કરતાં છાપાં, રેડિયો અને સાંભળેલી વાતોનું પુનરાવર્તન કે પછી તેમની કલ્પનાના ઓછાયા વિશેષ હોય છે. આથી તરુણોએ રાજકીય કે સામાજિક બાબતોમાં માથું મારવાને બદલે માત્ર વિદ્યાભ્યાસમાં જ ધ્યાન આપવું જોઈએ, પરંતુ તેમની વિકસતી જતી સમજશક્તિની મર્યાદામાં આવતી બાબતોમાં તો એમણે ધ્યાન આપવું જ જોઈએ. સમાજને સ્પર્શતી બાબતોથી તેઓ અલિપ્ત રહી શકવાના છે? તેઓ આવતી કાલનાં નાગરિકો છે. તેમના પોતાના સમાયોજનના પ્રશ્નો પણ તેમણે નિખાલસતાથી ચર્ચવા-વિચારવા જોઈએ. આ પણ એક શૈક્ષણિક પ્રક્રિયા છે. આમ થતાં સમાજના અંતર્ગત પ્રશ્નો જોવાની, સમજવાની અને તે સંબંધી વિધાયક અનુમાનો કરવાથી અને તેના નિરાકરણની તેમની આવડત કેળવાય છે.

તારુણ્યમાં થતા બૌદ્ધિક વિકાસથી તેમની એકાગ્રતા, યાદદાસ્ત અને કલ્પનાશક્તિમાં વધારો થાય છે, બાળકો લાંબો સમય એકાગ્રતા બતાવી શકતા નથી. એક બાબત પડતી મૂકી તુરત બીજી ચીજમાં તેઓ મન પરોવે છે. વળી, જેમાં રસ પડે તેમાં તેઓ આસપાસનું બધું ભૂલીને યે એકચિત્ત બની જાય છે. ઉમર વધતાં ધ્યાન આપવાનો સમય વધે અને તરુણવયે મનગમતી બાબતમાં પૂરતું લક્ષ આપી શકવા જેટલી તેમની શક્તિ કેળવાય છે. પરંતુ એ વયમાં અવનવી એટલી બધી બાબતો પર તેનું મન કેન્દ્રિત થતું હોય છે કે એથી એ અભ્યાસમાં એકચિત્ત બની શકતા નથી ને પરિણામે ઘરમાં તેમજ શાળામાં ઠપકાને પાત્ર બને છે.

યાદદાસ્ત, તર્કવ્યાપાર, ગુણદોષનો વિચાર, સંજોગોની સમજ અને અર્થઘટન વગેરે માનસિક કાર્યો છે. નાનું બાળક ગીત કે કવિતા બોલી જાય ત્યારે આપણે તેની બુદ્ધિશક્તિ પર ખુશ થઈએ છીએ, પણ બાળક પોતે તો એ વગર સમજ્યે પોપટની પેઠે 'અચરે અચરે રામ' જેમ બોલી ગયું હોય છે. આ યાદદાસ્ત યાંત્રિક છે. ઉમર અને અનુભવ પ્રમાણે યાદદાસ્ત વધે છે. તરુણ ગીત કાવ્ય કે નાટકના પાત્રના સંવાદની સચોટ પુનરુક્તિ કરી શકે છે તે યાદદાસ્ત સમજ સાથેની છે. તેમાં તેને રસ હોવાથી તેને એ યાદ રાખવું સરળ પડે છે. અભ્યાસમાં સમજીને વાંચવાથી ભૂલાતું તો નથી, પણ રસપડતો વિષય વધુ સારી રીતે યાદ રહે છે. વારંવાર વાંચીને યાંત્રિક રીતે ગોખેલી માહિતી કરતાં બરાબર વિચારેલી ને સમજેલી બાબત પચ્ચીસ ગણી વધારે યાદ રહે છે.

ગેસલનો મત છે કે સાડાત્રણ વર્ષની વયે બાળક કલ્પનામાં રાચવા માંડે છે અને ચારની ઉમરે તે ગપોડાં લગાવે છે. તેને મન ઘટના અને અને ઉપજાવી કાઢેલી વાત વચ્ચેની ભેદરેખા બહુ પાતળી હોય છે. બાળકની ઇચ્છા અને ઘટના વચ્ચેના સાંકડા ગાળામાં કલ્પના આવી પડે છે. એ જાણી જોઈને જૂઠું બોલતું નથી, પણ કલ્પનાને સાચી માની પોતાનું મન બહેલાવવા ખાતર આવું બોલે છે. બાલમંદિરમાં અને ઘરમાં બાળકની આ ટેવ સુધારવા પ્રયત્ન થવા જોઈએ. ખરા-ખોટાના તફાવતની એને ખબર નથી. તેને બાલવાર્તાઓ સાંભળવી ખૂબ ગમે છે. કલ્પનામાં રાચતી માતા બાળકને પણ એવા તરંગોભરી વાર્તાઓ કહ્યા કરે છે. અલબત્ત, બાળકોને પરીકથાઓ ન કહેવી એવો આશય નથી, પણ એ વિવેકથી થવું જોઈએ. પરીકથાઓ સમજવી પણ બાળકને અઘરી પડે છે આથી તેમને સાહસ અને જવાંમર્દીની વાતોમાં વધુ રસ પડે છે. બહુ કલ્પનાશીલ બની જતું બાળક અન્ય બાળકો સાથે ભળી પણ શકતું નથી અને એકલુંએકલું રમે છે. આ પરિસ્થિતિ ટાળી બીજાં બાળકો સાથે રમતું થાય એ જરૂરી છે.

તરુણો પણ પોતાની કલ્પનાઓ તો દોડાવે જ છે. ડૉ. ફ્રાઉ કહે છે છે કે, 'જીવનની ફિલસૂફી કે અંગત મહત્ત્વાકાંક્ષા, તેમની કલ્પનાઓ કે મનોભાવો તેમનાં કાવ્યો, વાર્તાઓ, સાંકેતિક ચિત્રો કે સંગીતની તરજોમાં વ્યક્ત થાય છે.' જો યોગ્ય માર્ગદર્શન હેઠળ તેઓ સામાજિક ને બૌદ્ધિક કામોમાં પલોટાય, એમાં જેટલી જવાબદારીઓ ઉપાડે ને નિર્ણયો તારવે તે પ્રમાણમાં તેમનો બૌદ્ધિક વિકાસ થાય છે. વિવિધ પ્રકારના અનુભવો એમની કલ્પનાને ઉત્તેજે છે. એમાંથી એમના વિશિષ્ટ વલણોને પોષણ મળે તો તે દિશામાં એનો શ્રેષ્ઠ વિકાસ થાય છે. આમ તાલીમની યોગ્યતા અને તાલીમના પ્રમાણમાં તેની માનસિક શક્તિની વૃદ્ધિ થાય છે. અભ્યાસમાં માત્ર આગળ રહેવાની બૌદ્ધિક હરીફાઈમાં વિશિષ્ટ શક્તિઓને વિકસવાની તક કે ક્ષેત્ર મળતાં નથી, અગર એની વિશિષ્ટ શક્તિઓને કોઈ પિછાની કે અપનાવી ન શકવાથી તે કુંઠિત થઈ જાય છે. મોટાં શહેર કે સાધનસંપન્ન શાળા સિવાય નાટ્ય કે લલિતકળા તરફ વિશિષ્ટ વલણ ધરાવતા તરુણોનો પોતાના અભ્યાસની સાથોસાથ આવી રસવૃત્તિઓને પોષનારાં સાધન ને ક્ષેત્રના અભાવે એ ક્ષેત્રે વિકાસ અટકી પડી માત્ર જોવા-સાંભળવાના શૉખ પૂરતો મર્યાદિત બની રહે છે.

તરુણના માનસિક વિકાસના પ્રકાર અને પ્રમાણના આધારે પુખ્તવયની જવાબદારીઓ અદા કરવાની તેની શક્તિ ખીલે છે. વ્યક્તિત્વના શારીરિક અને માનસિક પાસાં ઉપરાંત લાગણીઓ-મનોભાવો કે માનસિક આવેગો–ઇમોશન્સના વિકાસનું એક ત્રીજું પાસું પણ છે, જેના આધારે વ્યક્તિગત બાબતો ને લોકો સાથેના સંબંધોનું હિત સધાય છે. આગળ ઉપર આપણે આ અંગે વધુ વિચારીશું. (ચાલુ)

કાકાસાહેબ કાલેલકરનાં કૉલેજકાળનાં સંસ્મરણો

મનોમંથન

૧૨ વકીલ કે એન્જિનીઅર! ભાગ્ય કહે એક્કે નહિ!

હું કૉલેજમાં ગયો ત્યારે પહેલાં બે વર્ષનો અભ્યાસક્રમ જાણે નિશ્ચિત હતો. પહેલા વર્ષને એ જમાનામાં 'પ્રીવિયસ' કહેતા. બીજે વર્ષે પસંદગી કરવી પડતી: ઇન્ટર આર્ટ્સ કે ટર સાયન્સ? કેમ કે, પછી ત્રીજે ને ચોથે વર્ષે બી.એ. થવું છે કે બી. એસસી. માટે સાયન્સ કે એન્જિનીઅરિંગ કૉલેજમાં જવું છે એ ત્યારે નક્કી કરવું પડતું. અમારા જમાનામાં વેપારવાણિજ્યનો એટલે કે કૉમર્સનો અભ્યાસક્રમ હતો જ નહિ.

પહેલાં બે વર્ષ મેં મન સાથે ઘણી ગડમથલ કરી. અમારા જમાનામાં એન્જિનીઅરિંગ તરફ જનારા ઘણા ઓછા. આર્ટ્સ કોર્સ લઈ બી.એ. થવું અને પછી એલએલ. બી. થવું એ જ રસ્તો મોટા ભાગના લેતા.

હિતચિંતકો કહે: 'વગર મહેનતે તું સેકન્ડ ક્લાસમાં આવે છે. તારું ભેજું સારું છે. સરકારી નોકરીમાં જઈશ તો જોતજોતાંમાં ઊંચે ચડીશ. પિતા અને મોટા ભાઈને રસ્તે તું પણ જાય તો ખોટું નથી. ને એલએલ. બી. થઈશ તો પણ સારું છે. નોકરી કરવી નહિ પડે. બોલવામાં અને ચર્ચા કરવામાં તો તું પાવરધો છે, એટલે વકીલ તરીકે ઠીક કમાઈ શકીશ. સમાજમાં આગળ આવીશ. વિલાયત જઈને બૅરિસ્ટર થઈ આવ્યો તો પછી પૂછવું જ શું? આપણે ત્યાં બૅરિસ્ટરો છે જ કેટલા? અને બૅરિસ્ટરો તો ગમે તે પ્રાંતમાં જઈ શકે છે. હવે તું જ નક્કી કર.'

હું કહેતો કે 'મારા પિતાશ્રીએ સરકારી નોકરી કરી. પણ એમનું તો હિસાબનું ખાતું. ઈમાનદારીથી નોકરી કરે અને સંતોષથી જીવે. છતાં નોકરી તે નોકરી; અને એ પણ દેશના શત્રુ અંગ્રેજોની: તે મારે કરવી નથી.' મારા મોટા ભાઈએ જ્યારે મને કહ્યું કે 'હું સરકારી નોકરીમાં છું. મારી થોડી તો લાગવગ છે. તને કાંઈક મદદ કરી શકીશ.' ત્યારે વગર કારણે વિવેક છોડી મોટા ભાઈનું મેં અપમાન કર્યું અને કહ્યું: 'કાલેલકર ખાનદાને સરકારને એક ગુલામ આપ્યો છે એટલું બસ છે. મારે સરકારી નોકરી કરવી નથી.' મોટા ભાઈએ ફરી મારું નામ જ ન લીધું.

વકાલતનો ધંધો સ્વતંત્ર ગણાતો. છતાં મારી દેશભક્તિ તે વખતે 'જ્વલત્ જહાલ' હતી. હું કહેતો કે મારા દેશના બે ભાઈઓ આપસમાં લડે અને એમનો ઝગડો હું વિદેશી સરકારની કોર્ટોમાં લઈ જાઉં અને એમની પાસેથી ન્યાય માગું એ તો મને અપમાનભર્યું—નર્યું નામોશીભર્યું લાગે છે. એટલે કદાચને સરકારી નોકરીમાં જવાને હું તૈયાર થાઉં, પણ વકીલ થઈને અંગ્રેજ ન્યાયાધીશને 'યૉર ઑનર' તો નહિ જ કહું.'

સાયન્સમાં—એટલે કે વિજ્ઞાનમાં મને બૌદ્ધિક રસ ઘણો હતો. રસાયણશાસ્ત્ર (કૅમિસ્ટ્રી) કરતાં પદાર્થવિજ્ઞાન (ફિઝિક્સ)નું મને વધારે આકર્ષણ હતું. એની ચોપડીઓ વાંચતાં અને નાનકડા પ્રયોગો કરતાં તલ્લીન થઈ જતો. કો'ક્વાર કૉલેજમાં વનસ્પતિશાસ્ત્ર (બૉટની)ના વર્ગમાં પણ ધૂસીને ત્યાંનો રસ માણતો. છતાં બી.એસસી. કે એમ. એસસી. થઈને વિજ્ઞાનના પ્રોફેસર થવાનું મને ગમ્યું નહિ. એના કરતાં એન્જિનીઅર થવું મને વધારે પસંદ હતું.

ગણિતમાં મને ઠીક ઠીક માર્ક મળતા. એંશી ટકાથી ઓછા કદી નહિ. (ગણિતને જોરે બીજા વિષયો પ્રત્યે હું બેદરકાર થઈ શકતો હતો.) એટલે મેં મન સાથે નક્કી કર્યું કે આપણે તો એન્જિનીઅર થવાના.

પછી વિચાર કર્યો કે મકાનો બાંધવામાં મારી બુદ્ધિ ચલાવું, શહેર-ગામડાંમાં જાતજાતનાં મકાનો બાંધવામાં અને લોકોની સગવડો વધારવામાં બુદ્ધિ ચલાવું તો સમાજની સેવા થશે. સારાંસારાં મકાનો બાંધ્યાં હશે તો એ મારાં સ્મારક પણ ગણાશે.

બીજી ક્ષણે મન થતું: ના, ના; આપણે તો જંગલોમાં અને પહાડોમાં સારાંસારાં રસ્તાઓ તૈયાર કરીશું. નાનપણમાં બળદગાડીમાં બેસીને પહાડના ઘાટો ચડયા-ઊતર્યા છીએ. રસ્તાઓના ઢોળાવ આકરા ન બને એને માટે પહાડોનું નિરીક્ષણ કરવું પડશે. નાનામોટા પુલો બાંધવા પડશે. કેટલું બધું લોકસેવાનું કાર્ય! રસ્તા એટલે સંસ્કૃતિના પ્રચારની સગવડ. બસ, આપણે તો એન્જિનીઅર જ થવાના. લગભગ નક્કી કરી દીધું. એ પ્રમાણે સ્નેહીઓ વચ્ચે જાહેર પણ કર્યું.

પણ એન્જિનીઅર થવું મારા લલાટે લખાયું ન હતું, એનો મેં હિસાબ જ ન કર્યો! ઇન્ટર આર્ટ્સની હું તૈયારી કરતો હતો ત્યારે લૉજિક—એટલે કે શુદ્ધ વિચાર કરવાની વિદ્યા, તર્કશાસ્ત્ર—માં મને રસ પડવા લાગ્યો. એમાં જેમ જેમ ઊંડો ઊતરું તેમ તેમ તત્ત્વજ્ઞાનનાં અનેક ક્ષેત્રોનો, ભલે છીછરો, પણ પરિચય થયો. એમાંથી તત્ત્વજ્ઞાન પ્રત્યે રસ જાગ્યો. એ વખતની મારી પરિભાષામાં લખું તો મારે 'ટાઈપ્સ ઑવ થિંકિંગ' જાણવા હતા: માણસ કઈકઈ રીતે વિચાર કરી શકે છે; જીવન પ્રત્યે જોવાની, નિહાળવાની દૃષ્ટિઓ કેટલા પ્રકારની છે; એ ન જાણ્યું તો જીવ્યું શા કામનું? એ વિચારે મને ઘેરી લીધો અને ઇન્ટર આર્ટ્સમાં સેકન્ડ ક્લાસ મળતાવેંત ચૂપચાપ બી.એ.માં દાખલ થઈ 'લૉજિક ઍન્ડ મૉરલ ફિલૉસૉફી'ને મારા ઐચ્છિક વિષય તરીકે લખાવ્યા. કૉલેજમાં દાખલ થતાં પહેલાં જ—પરીક્ષા પછીના રજાના દિવસોમાં એક સ્નેહી પાસેથી આ નવા વિષયનાં પાઠયપુસ્તકો મેળવી હું રસપૂર્વક જોવા લાગ્યો.

બીચારી વકીલી ને ઇજનેરી! કોણ જાણે ક્યાં સરી પડી! પિતાશ્રીને મેં કહ્યું: 'હું બી.એ. જ કરીશ.' તેઓ આમાં બહુ જાણે નહિ. એમણે કહ્યું: 'ભલે. તને સ્કૉલરશિપ તો મળવાની જ છે, એટલે મારા પરનો બોજો એટલો ઓછો છે જ. તને ઠીક લાગે તેમ કરજે. (મને સ્કૉલરશિપ મળી. પણ છ માસિકમાં બેઠો નહિ—એ મારો રિવાજ જ હતો—એટલે મારે બદલે કોઈ ગરીબ વિદ્યાર્થીને એ મળી એ પુણ્ય મેં મેળવ્યું!).

આ નવો વિષય લીધો એને પરિણામે પ્રોફેસર ભાટે અને પ્રોફેસર ઓક એ બે સજ્જનો સાથે બૌદ્ધિક પરિચય થયો. પ્રો. ભાટે પોતાના વિષયમાં પૂરા નિષ્ણાત અને સામાજિક બાબતોમાં સમાજસુધારક. પ્રો. ઓક નવાસવા આવેલા; તેજસ્વી દેશભક્ત, સ્વદેશીના આગ્રહી અને અમુક હદ સુધી વિદ્યાર્થીઓમાં રસ લેનારા. આગળ જતાં તે આ નોકરી છોડી બીજે ગયા, અને અંતે એ પણ છોડીને તળેગાંવની રાષ્ટ્રીય શાળાના મુખી બન્યા. તે પછી એક વખત તળેગાંવમાં હું એમને મળેલો.

મેં તત્ત્વજ્ઞાન લીધું તે ફિલૉસૉફર થઈ કૉલેજમાં અધ્યાપક થવા નહિ, પણ જીવનનું રહસ્ય સમજી પોતાનું જીવન કૃતાર્થ કરવા માટે. અને વેદાન્તની સાધના સિદ્ધ થઈ શકે તો મોક્ષ મેળવવા માટે. આમ, વકીલ અને એન્જિનીઅર થવાનું માંડી વાળ્યું એ મારું મોટું ભાગ્ય માનું છું.

(મેં કો'ક ઠેકાણે લખ્યું જ છે કે માણસના સંકલ્પો એને છોડતા જ નથી. નવા સંકલ્પને જોરે એ છોડી દે તો એ જૂના સંકલ્પો એના દીકરાને અથવા એના દીકરાના દીકરાને વળગવાના જ. મારા બીજા દીકરા બાળે જ્યારે એન્જિનીઅરિંગનો અભ્યાસ લેવાનું નક્કી કર્યું ત્યારે મારો નાનપણનો રસ્તો યાદ આવ્યો. છતાં મેં એને કહ્યું કે 'જોજે, તારી શરીર-પ્રકૃતિ નબળી છે. એન્જિનીઅરને પોતાનાં કામોની દેખરેખ રાખવા માટે પણ ખૂબ મહેનત કરવી પડે છે. આત્મવિશ્વાસ હોય તો જ આ ક્ષેત્ર પસંદ કરજે.' એણે એક જ વાકયમાં મને જવાબ આપેલો: 'મારું દિલ આ વિષયને ચોંટયું જ છે, એટલે મારે બીજી કોઈ પસંદગી કરવાપણું છે જ નહિ. એન્જિનીઅર એટલે એન્જિનીઅર.' મેં કહ્યું: 'તથાસ્તુ.')

ચંદ્રવદન મહેતાની અંતરગઠરી [૩૫]

'ઍબ્સર્ડ' પછી 'નાગાં' નાટકો અને બૉસ્ટનનું થીએટર મ્યૂઝિયમ

તમારે તો રેમન ડનિયનની વાર્તા સાંભળવી છે ને? બ્રોડવે ઉપરથી દૂર ખસવું જ નથી, ખરું ને? ચિંતા ન કરો; બ્રોડવે ઉપરથી કશું જ ખસતું નથી. 'હવે ફક્ત છેલ્લા દસ જ દિવસનું સેઈલ'નાં પાટિયાંવાળી, ગણી ગણાય નહિ એટલી અહીંની દુકાનો ઉપર દસ વર્ષે પછી પણ જશો, તો યે 'છેલ્લા દસ દિવસનું સેઈલ' ચાલુ હશે! પણ અત્યારે તો આપણે અમારી બારમી કૉન્ફરન્સ માટે હોટેલ બાર્બીઝોનમાં એકઠા થયા છીએ. અમેરિકન થીએટરની સૃષ્ટિનો આ અનોખો ઉત્સવ છે; કારણ પહેલી જ વાર બાર દુ ચોવીસ વર્ષમાં આ સંમેલન, અમેરિકાને આંગણે ન્યૂ યૉર્કમાં મળે છે, અને અમેરિકન નેશનલ થીએટર એસોસીએશન—ટૂંકમાં 'આન્ટા'—નાં પ્રમુખ મિસ રોઝામૉન્ડ ગિલ્ડર એનાં પ્રમુખ છે. અહીંના ભરચક કાર્યક્રમોમાં ચર્ચાનો ખાસ વિષય છે: 'આવતી કાલનું થીએટર.' એમાં સમાજના વિકાસ સાથે નાટકશાળાની જવાબદારી કેટલી? નટોના સવાલો, એમની સગવડો-અગવડો, ખુલ્લી રંગભૂમિ પર ભજવાતાં નાટકોમાંના એસ્થેટિક્ના પ્રશ્નો, ઍબ્સર્ડ નાટકો તો થયાં–પાંગર્યાં–ફુગાયાં, પણ હવે એની પછી શું? વગેરે. અમેરિકામાં જુદાજુદા પ્રકારનાં થીએટરસંઘો છે. એની યાદી કરવા બેસીએ તો બે પાનાં ભરાઈ જાય. એ સંઘોના સંપ થકી આ સંમેલન ભરાયું હતું. નટોના હક્કનો સંઘ, નાટક લેખકોનો સંઘ, લિંકન સેન્ટરના પર્ફૉર્મિંગ આર્ટ્સનું મંડળ, યૂજીન ઓ' નીલ સ્મારકસંઘ, અમેરિકન એડ્યુકેશનલ થીએટર, ટેક્નૉલૉજીનો સંઘ, એમના ફંડ-ફાળા તથા સ્વયંસેવકો ઉપરાંત કોર્નેલ ટ્રસ્ટ, ફૉર્ડ ફાઉન્ડેશન, રૉકફેલર ફન્ડ, ન્યૂ યૉર્ક સાંસ્કારિક પ્રવૃત્તિ મંડળનું ફંડ, આંતરરાષ્ટ્રીય શિક્ષણસંઘ કલાવિભાગની નેશનલ કાઉન્સિલ ફંડ વગેરે વગેરે તરફથી પ્રદાનમાં મળેલી રકમો થકી આ ગંજાવર કાર્યક્રમ ગોઠવાયો હતો. કેટલાક દેશોમાં સરકાર આવી વ્યવસ્થા કરે છે. (દાખલા તરીકે અગાઉ ગુજરાતમાં સાહિત્ય પરિષદોનો ખર્ચ મોટે ભાગે ભાવનગર, રાજકોટ, ગોંડલ, જૂનાગઢ, લાઠીના મહારાજા વ૦ તરફથી ઉપાડી લેવામાં આવેલો.) ગુજરાત રાજ્ય થયા પછી સ્ટેટને આવી પરિષદોમાં રસ નથી. કેટલાક દેશોમાં પ્રજા તરફથી આવી પરિષદો યોજાય છે. ઈંગ્લંડ-અમેરિકામાં ઉપર જણાવ્યા તેવા સંઘો જ આવું કામ માથે લઈ લે છે.

આપણા શરૂઆતના ચાર પ્રશ્નોમાંનો છેલ્લો સવાલ: 'ઍબ્સર્ડ નાટક પછી શું?'નો જવાબ ૧૯૬૭ની 'આઈ. ટી. આઇ'માં અધકચરો અપાયો હતો. પણ હવે આજે તો એનો ઉત્તર છાતી ઠોકીને આપી શકાય એમ છે (આજે એટલે ૧૯૬૯માં). ફરી ન્યૂ યૉર્ક પંદર દિવસ માટે અમેરિકન થીએટર રીસર્ચ કૉન્ફરન્સમાં જવાનું થયું ત્યારે એ જ બ્રોડવે પર થોડાં બીજાં નાટકો જોયાં અને સરવાળે ૧૯૭૧ની આ શરૂઆતમાં ઉત્તર આપી શકાય છે, અને તે એ કે 'ઍબ્સર્ડ' પછી 'નાગાં' નાટકો! ભરતાચાર્યે અભિનયમાં આંગિકમ્ વાચિકમ્ સાથે આહાર્ય પણ સૂચવ્યો છે. છેલ્લાં બેત્રણ વર્ષથી બ્રોડવેએ જે નેતાગીરી લીધી છે એમાં નાગાં નાટકોનું સ્થાન મોખરે છે. બ્રોડવેએ એ પ્રયોગો લંડન પણ પહોંચાડ્યા. એ પહેલાં માત્ર કંઈક નાગાઈ પારી(સ)માં જોવા મળતી. વર્ષોથી ચાલ્યા આવતા ફૉલી બેર્ઝેર (એ વિષે પણ આપણે ચર્ચા કરી ગયા છીએ)ના શોમાં એ પ્રકારનાં નૃત્યો જોવા મળતાં. પણ હવે તો આ નાટકમાં વિના આહાર્ય—વેષભૂષા જ નહિ એવી રંગત જમાવાઈ છે! એવાં બે નાટકો 'ઓહ કલકત્તા!' અને 'ધી હેર'એ તો વિક્રમ સરજ્યો છે!

વાત એમ છે કે એકાદ બે નાટકો હોત તો આપણે આ ચર્ચા પડતી પણ મૂકત; પણ એક-બે કરતાં વધારે નાટકો આ દિશામાં અવતર્યાં છે. વળી, આ નાટકો એકાદ મહિનો નહિ પણ બેત્રણ વર્ષ સુધી ચાલતાં રહ્યાં છે. એમાં ખાસ કરી મ્યૂઝિકલ્સ—ગીત, સંગીત ને થોડાં નૃત્યો સાથેનાં નાટકો—ઘણાં લોકપ્રિય પણ બન્યાં છે, એટલે એ નવા દાખલ થએલા વાયરાનું થોડું વિવરણ–પૃથક્કરણ અનિવાર્ય બને છે.

નાટકનો જન્મ ધર્મમાંથી, ધર્મકથાઓમાંથી, પ્રાચીન પૂજા અર્ચનાઓમાંથી; એટલે નાટકકારે ઘટાવ્યું કે આજનું નાટક ઍબ્સર્ડ સુધી ગયું છે, ને હવે એમ જ જો હોય તો એનાં મૂળ પાછાં કાઢવાં—ઉગાડવાં ઘટે. તો પૂછે છે કે મૂળ ક્યાં હતાં? ઉત્તર મળે છે કે એ તો ગ્રીસ દેશમાં અઢી હજાર વર્ષો પહેલાં માનવજાતિ અર્ધનગ્ન અવસ્થામાં કામદેવની—બૅક્સની પૂજા કરતી, નશો કરી મદોન્મત બની નાચતી, દેવતાઓ સમક્ષ સુરાપાનના કટોરા ભરી 'પિયે જા, પિયે જા' કરતી ત્યાંથી શરૂઆત થઈ. એ જલસામાં ગીત અને નૃત્યો યોજાતાં. પૂછે છે ક્યાં? તો કહે છે, ધોળા રસ્તાઓ ઉપર. તો ઘટાવે છે, ત્યાં બત્તી-રોશની તો હતી નહિ, સૂરજની સાક્ષીએ, યા ચન્દ્રના પ્રકાશમાં, યા મશાલો હોય તો એની રોશની ઓછી પડતી, એટલે આખા દિવસભર આવી મહેફિલ યોજાતી. તર્કની દૃષ્ટિએ બધું બરોબર. આ થકી 'માસ અપીલ' રહેતી તે પણ બરોબર, એ લોકસમૂહને આકર્ષતી. બીજે પક્ષે કહે છે કે એમાં દેવદેવતાના ધ્યાનમાં ચિત્ત કેન્દ્રિત થતું, ધર્મની ભાવના ઊંડી જતી. અહીંથી જો નાટકની શરૂઆત થઈ હોય તો આપણે ફરી વાર એ ઇતિહાસના વિકાસને માર્ગે કેમ ન જઈએ?

આ એક વિચારપ્રવાહ. એમાં બીજો વિચારવહેળો અથવા વર્તનપ્રવાહ આવી ભળ્યો, એટલે ગંગાજમનાના તટ વિસ્તર્યા. તે પ્રવાહ હિપ્પી ટોળીનો. આપણે હવે પછી મિશિગન યુનિવર્સિટીની વિદાય લઈ, સાનફ્રાન્સિસ્કો જઈ ત્યાં રહેવાના છીએ, અને ત્યાં હિપ્પી સૃષ્ટિનો પણ અનુભવ લઈ તેનો તાગ કાઢવાના છીએ, એટલે ડાઉન ટાઉન ન્યૂ યૉર્કના હિપ્પી અખાડાઓમાંનાં કિશોરકિશોરી નટોને અટાણે નહિ તપાસીએ. પણ એ પ્રવાહ અહીં બ્રોડવેમાં તો પેલા જૂની ધર્મભાવના અને ક્રિયાકાંડ સજીવન કરનારા નાટકકારો સાથે ભળી ગયો છે, અને આ પ્રકારનાં નાટકોનો મેળો જમાવવામાં હરકતો પણ નથી.

આમ, નાટકનું મૂળ શોધવા આ પંડિતો ગ્રીસ પહોંચ્યા. ભારત, ભરત તો દૂર પડે (અને આજે પણ એમનો રસ ભારતમાંનાં લોકનાટકમાં જ છે.) એટલે ક્લાસિક ટ્રેડિશન ગ્રીસમાં શોધી! ખુલ્લા ચોગાનમાં રસ્તા ઉપર 'પરિત્રાણાય નાટકાનામ, વિનાશાયચ ઍબ્સર્ડિઝમ', નવાયુગમાં સાચો નાટ્યધર્મ સંસ્થાપનાયશ્ચ, નવા નાટ્યગુરુઓનો ઉદય થયો!

ધર્માશ્રિત ગૂઢ ક્રિયાકાંડ તથા આનંદના અતિરેકમાં પરાકોટિએ પહોંચેલા ઉત્સવોમાંથી જન્મેલા નાટકને ફરી વાર નવેસરથી જન્મ આપવાનું આ મુનિવરોએ ઠરાવ્યું અને એમાં એક જ સૂત્ર તારવ્યું: દેહને આધ્યાત્મિક ક્રિયામાં સાંકળવો, અને આધ્યાત્મિક આનંદમાંથી દેહના ભોગવિલાસ તારવવા. આમ કરવામાં રિચાર્ડ રોશનરે '૬૯ની સાલમાં 'ડાયોનિસસ', ઝાં કલૉડે જૂની 'સર્પેન્ટ'ની આખ્યાયિકા, અને મધ્યકાલીન ખ્રિસ્તી ધર્મની ફિલસૂફીમાંના ત્રાસવાદના ઓઠા હેઠળ લાગણીઓને બહલાવવાનો, બહેકાવવાનો અનુભવ સાકાર કરવાનો રસ્તો શોધ્યો. નાટક 'ડાયોનિસસ ૬૯'ને તો ઓબી ઈનામ પણ મળ્યું, એટલે એ વધારે પ્રકીર્તિત થયું. 'ધ સર્પેન્ટ'માં આદમ અને ઈવના આકર્ષણની

વાતને આગળ કરી, દેહ-આકર્ષણને અગ્રસ્થાને ગોઠવ્યું. આ નવા પ્રયોગોમાં નાટકની ભાષા રંગભૂમિ ઉપર જ, બને ત્યાં સુધી અંગના જેટલી રીતે સ્પષ્ટ થઈ શકે એવા અભિનય મારફત રજૂ કરવી! આંગિકમની જ અગત્ય. એક નટ નહિ, પણ નટસમૂહ. સહનૌભુનક્તુ જેમ, એ અભિનય લયબદ્ધ રજૂ કરે, અનુભવે, અને એ અનુભવોમાં પ્રેક્ષકોને પણ બને તે રીતે શકય હોય તે પ્રમાણમાં ભાગ લેવા ભેળવે એવા પ્રયાસો થયા. આ પ્રક્રિયામાં કોઈ જૂની પદ્ધતિ, શૈલી, રીત અનુસરવાની નહિ; પણ બને તેટલી સર્જનાત્મક, અવનવા મુદ્દાઓ રજૂ કરતી રચવી, અને નાટકની કૃતિને ન્યાય આપવામાં સાર્થકતા મેળવવી, એવું લક્ષ્ય.


આ ઘાટનાં 'ઓહ કલકત્તા' અને 'ધ હેર' ભારે પ્રશંસાને પામ્યાં. પૉલ ફૉસ્ટરના 'ટૉમ પેઈન'માં, એડ વેઈડના 'ધ ટર્કી'માં શરીરને કશા શણગાર વિના બતાવવામાં આવ્યાં. આ નાટકોમાંની કથાવાર્તાઓના સાર શોધવા એ વ્યર્થ પ્રયત્ન છે. નાટકનું લખાણ નહિ જેવું—આછું પાતળું. ચિતારાની સમક્ષ પૂઠ કરી નાગી સ્ત્રી ખડી છે. એના મનમાંના ભાવ, યા એક ક્રાંતિકારી લેખકના મગજમાં જે જાતજાતના નાગા તુક્કાઓ જાગે તે રજૂ કરવા; એવી આછીપાતળી કથાનાં, સમૂહ ગાનતાન, સમૂહ ઉદ્વેગોનાં આવિષ્કરણો; એમાં ભારોભાર સંગીતની આરોહ-અવરોહ સાથેની રમઝટો, તાલઠેકાની પરાકોટિ; કીકિયારી ચીચિયારી થકી સંવેદનાને હચમચાવી નાખવાની તરકીબો; તમે શ્વાસ લેવાયે થોભો નહિ એ પ્રમાણે નગ્ન શરીરના અવયવોનાં વિવિધ પ્રકારનાં ઝટ પલટાતાં ભાવપ્રદર્શનો; આમાં અઢી-ત્રણ કલાક કયાં ચાલ્યા જાય, તમને વિચાર કરવાની ઘડી પણ ન મળે, અને થીએટરની બહાર નીકળો ત્યારે એ અનુભવે લગભગ અવાક્ થઈ જાઓ એવી લાગણીઓની તમારા ઉપર એક પ્રકારની લગાતાર થાપટ યા ભીંસ ઈમ્પૅક્ટ પડી હોય; એવા અનુભવ અને નવાપ્રકારની થ્રીલ માણવા માટે મોટા ભાગના પ્રેક્ષકો તૈયાર થાય, એમાં શી નવાઈ?

પણ બ્રોડવે પર કેવળ નાગાં જ નાટકો ચાલે છે, એવું કહેવાની જરા પણ મતલબ નથી. જૂનાં તેમ જ નવાં, અને કેટલાંક નવાં નાટકોમાં રંગભેદના સવાલો પણ જુદીજુદી રીતે આજે યે ચર્ચાય છે. 'નો પ્લેઈસ ટુ બી સમબડી' ચાર્લ્સ ગૉર્ડનનું નાટક. અમારી કૉન્ફરન્સના બધા પ્રતિનિધિઓને જ, એક ખાસ પ્રસંગ યોજી બતાવવામાં આવ્યું. એમાં દશ્ય ફક્ત 'જૉનીનો બાર'. એ બાર આગળ લાગણીઓના અતિરેકની સનસનાટી ફેલાવી દે એટલી અદાથી, એટલી ઝાપટોથી, એટલા વેગથી રજૂઆત થઈ છે. એમાં કશું નાગું નહિ, પણ નિગ્રો જીવનના અનેક આંટીઘૂંટીવાળા પ્રશ્નોને હલ કરતું એ નાટક. અને તે એમના અંગ્રેજીમાં, એટલે એકાએક સમજવું પણ મુશ્કેલ. નાથાન જ્યૉર્જ અને માર્ગેરેટ ઇલિયટ એમાં ગજબનો અભિનય આપી જાય છે.


ગ્રોટોસ્કી

પણ પેલી નાગી જમાતોના વાતાવરણમાં એ જ ટાણે ન્યૂ યૉર્કમાં એક સિતારો ઝળકી રહ્યો હતો. એનું નામ જેરઝી ગ્રોટોસ્કી. આપને યાદ હોય તો દસમી વૉર્સો કૉન્ફરન્સમાં, અને પછી નોંસી યુનિવર્સિટીની નાટકની હરીફાઈના પ્રસંગવર્ણનોમાં આ વીસબાવીસ વર્ષના જુવાન બિરાદરને આપણે મળ્યા હતા. ત્યારે એક વાર એ પોલૅંડ બહાર પોતાનું નામ કાઢશે એવી આપણે આગાહી કરી હતી. દુનિયાભરની નાટકશાળાઓ કરતાં મોખરે રહેનારો આ નવો સિતારો છે. હવે તો એનાં પુસ્તકો અંગ્રેજીમાં પણ મળતાં થયાં છે. નાટકશાળા યા અભિનયક્રિયા એટલે રોજના અઢાર કલાકની મહેનત, ભૂખમરો, સાધના, તપ, પ્રાણાયામ, ઠાઠઠેરા વિહોણી સાદી રંગભૂમિ; ઉત્કટમાં ઉત્કટ, ઊંડામાં ઊંડી મનોવેદના-સંવેદનાની વધારેમાં વધારે અસર કરનારી રજૂઆત. એ આલમગીરને વળી કૉન્ફરન્સની શી પડી હોય? બન્દાને અનેક રીતે બોલાવવા મોકલ્યા, પણ જે પોતાની ટોળી લઈને ન્યૂ યૉર્કમાં નાટક કરવા આવ્યો છે, એ પોતાનું કામ છાંડી આ ચર્ચાચોતરામાં આવે ખરો? એને શી પડી છે? લડાઈમાં હેરાન થએલો, આજે લગભગ ત્રીસની ઉંમરનો. પોલૅન્ડમાં એક નાના ગામડામાં, આઠ મિત્રો સાથે પોતાની નાટકટોળી ઊભી કરી, હવે અમેરિકાનાં છાપાંઓ લખે છે તેમ યુરોપની નાટકશાળામાં ક્રાંતિ લાવશે. પોતાની નાટકશાળાને એ 'લૅબોરેટરી નાટકશાળા' કહે છે. નોંસીમાં રોજ બપોરે એ ભાષણ કરે, બાર કલાક બોલવાનું હોય તો ય ન થાકે એવો એ સ્ફૂર્તિશાળી જુવાન. પોતાના નાટકના શાસ્ત્રને એણે સ્ટૅનિસ્લાસ્કી, મૅયરહોલ્ડ, ફ્રાન્સના દુલે, જાપાનના નોહ અને ભારતના કથકલી નૃત્યમાંથી સમારી સંઘરી રચ્યું. શરીરને અવયવો દ્વારા પોતાની ભાષા છે, મંત્રોચ્ચારના ધ્વનિમાં અવનવી શક્તિ છે, ચાંટિગ એક કળા છે, સમૂહ અભિનયમાં સિમ્ફોનિક સંગીતના લય-આરોહ-અવરોહ છે, નાટકશાળામાં નટનટીઓના પોતાના ઓળાઓમાં પણ એક પ્રકારની સર્જકશક્તિ છે, પ્રેક્ષકોને પણ સહભોગી બનાવી, સહયોગી કરી, એમની માનસિક ક્રિયા-પ્રક્રિયાને જાગૃત કરી શકાય છે, નવાં નાટકો શોધવા-લખાવવાની કશી જરૂર નથી, જૂનાં, કટાઇ ગએલાં, ઘસાઈ ગએલાં, જર્જરિત થએલાં લખાણોને નવેસરથી નાણો, એમાં ઉમેરો, કાપો, એમાંના શણગાર ઝબક-ઝમકારાને ફંગોટી નાખી, એમાંનાં માનવતત્ત્વોને બહાર લાવો, ઠાઠઠેરાને પડતા મૂકો, મૂળ મુદ્દામાલને પકડો, ચીંથરેહાલ ફાટયાંતૂટયાં કપડે પણ શ્વાસોચ્છ્વાસની ક્રિયાઓમાં એને સ્થગિત કરી, ગતિ આપી, સંજીવની પેદા કરી, નવનાટકનાં દર્શન કરાવી શકો છો. નટો માટે રોજની ત્રણ કલાકની તાલીમ હાર્ડ-ડિસિપ્લીન, શિસ્ત, સખતમાં સખત નિયમોનું પાલન. વ્યક્તિત્વને વિકસાવો, અંતરમાં ઊંડે ઊતરો, સમાધિ, એકાગ્રતા, ધ્યાન, પ્રાણાયામનો પૂરેપૂરો ઉપયોગ કરો. પોલૅન્ડમાં એના ગામમાં એની નાટકશાળામાં આ બધું કરતાંકરાવતાં મેં એને જોયો છે. શૂન્યવત્ થઈ જાઓ: તમે નવું વ્યક્તિત્વ પ્રાપ્ત કરશો, નટ નવા અવતારે જન્મશે. પ્રેમની સભર વ્યક્તિ તમે થશો. નમ્ર વિનમ્ર બનશો. મન અને શરીર બધું જ તમારું કહ્યું કરશે. શરીરરૂપી મંદિરમાં પવિત્ર કલા અવનવાં સર્જનોનો તમને લાભ આપશે. આમ, એ નવી, નગ્નવાદની નાટકશાળા થકી જુદા જ પ્રકારની યોગની, આધ્યાત્મિક સ્તરોની ઊંચી ભૂમિકાની નાટકશાળામાં માનનારો, રસ અને એસ્થેટિકનાં સૂત્રોનો સમન્વય કરનારો નવો સિતારો છે.

ના, એના નાટકમાં જવા એમ ટિકિટ ન મળે. સો યા દોઢસોથી વધારે પ્રેક્ષકોની એ જમાવટ કરતો જ નથી. જોઇએ તો એ હજાર વાર એકનું એક નાટક કરે. તે દિવસે એનું નાટક હજી બ્રુકલિનમાં—ન્યૂ યૉર્કના માનહાટાન ટાપુથી જરા આઘે. પણ હું કૉન્ફરન્સ પડતી મૂકી પહોંચી ગયો. વૉર્સોની અને નોંસી યુનિવર્સિટી–ફ્રાન્સની મારી જૂની ઓળખાણે મેં કહેવડાવ્યું એટલે તરત એણે મને ઓળખ્યો, અને નાટક જોવા વ્યવસ્થા થઈ ગઈ. પછી તો અમે બધાં સાથે જમ્યાં અને ભારે આનંદ અનુભવ્યો. આમ, ન્યૂ યૉર્કમાં જૂના મિત્રોનો પણ અચાનક ભેટો થઈ જાય છે. '૬૭માં કીકાભાઈ ધીઆ અને એમના ચિરંજીવી દિલીપ અહીં ભેટી ગએલા; '૬૯માં લેડી તનુમતી અને એમના ચિરંજીવી કીર્તિદેવ હૉસ્પિટલમાં મળી ગએલા. ત્યાં અમારા એકડે એક ઘૂંટવાના સમયથી થએલા દોસ્ત ડૉ. ભાસ્કર ગોધનાં સંતાનોમાંથી એમના ચિર-



હાવર્ડ થીએટર મ્યૂઝિયમનો એડવર્ડ શેલ્ડનની સ્મૃતિનો છે એક ખંડ. એડવર્ડ શેલ્ડન નામના એક અમેરિકન નાટકકારની સ્મૃતિમાં રચાએલા આ ખંડમાં નાટ્યક્ષેત્રની ચાર વિખ્યાત વ્યક્તિઓની છબિ સાથે એમની કૃતિઓ, એમનાં નાટકોનાં દશ્યો વગેરેનો સુંદર સંગ્રહ છે.


જીવી ડૉ. શ્યામ, એમનાં પત્ની, ને દીકરી ચિ. નિયતિ પણ મળી ગએલાં. લેડી તનુમતી સાથે આ છેલ્લી જ મુલાકાત થવાની છે એ ડૉ. શ્યામે નીચે ઊતરતાં ઈશારો કરેલો, એ થકી અમે ભારે હૃદયે મોડી રાતે મારા હોલી-ડે ઈનના હોટેલમાંથી છૂટા પડેલા. એવી એવી ન્યૂ યૉર્કની કંઈક ખાટીમીઠી સ્મૃતિઓ સળકે છે. આવી અંગત બાબતો, જેમાં સૌ કોઇને રસ નહિ, એવી કેટલીક યાદ કરું?


'૬૯ની રીસર્ચ કૉન્ફરન્સમાંથી એક દિવસ અમને બધાને સવારે ન્યૂ યૉર્કથી ઉડાડી બોસ્ટન લઈ જઈ આખો દિવસ હાર્વર્ડ યુનિવર્સિટીમાં હુટન લાયબ્રેરીમાં લઈ ગયા હતા. ત્યાં અમેરિકન થીએટરના સંસ્થાપક જેવા જ્યૉર્જ પિયર્સ બેકર અને એના શિષ્યો યુજીન ઓ'નીલ, એડવર્ડ શેલ્ડન, સિડની હાવર્ડ જેવા નાટકકારોની જહેમતથી, નવા હાર્વર્ડના પ્રજાજનો તરફથી એક સુંદર થીએટર મ્યૂઝિયમ સ્થપાયું હતું તે નિહાળ્યું. જાણે ગ્રેટ બ્રિટન જ અહીં આવ્યું હોય એવું લાગે! જૂનામાં જૂનાં નાટકોની હસ્તપ્રતો, જાહેરાતો, સામગ્રીઓ, ચિત્રો, એડવર્ડ કીન, ડેવિડ ગૅરિકના કાગળપત્રો વગેરે ઢગલાબંધ સાહિત્ય ત્યાં જોવા મળ્યું. સુંદર ગોઠવાણુ, સફાઈબંધ ગ્રન્થો, એની કાર્ડ ઇન્ડેક્સ વગેરે કેટલાંની યાદી કરું? એ તો જુએ તે જ માણે. સાંજે ચેખોવના નાટકનું રીહર્સલ, તથા પાર્ટી. પાર્ટીમાં મારી ઇચ્છાથી મારી એક મિત્રને પણ એમણે નોતરું આપ્યું હતું, એટલે તે પણ મને આ મ્યૂઝિયમના ચોગાનમાં મળી. એ મિત્ર તે ચિ. સ્વાતિ ઉમાશંકર જોષી.

તે રાતે અમને ઊંચકીને ન્યૂ યૉર્ક નાખ્યાં ને બીજી સવારે વૉશિંગ્ટન લઈ ગયા. ત્યાં ઈસ્ટ કૅપિટલ સ્ટ્રીટમાં લાયબ્રેરી સાયન્સના આલીશાન મકાન સામે ફૉલ્ગર શૅક્સપીઅર લાયબ્રેરીમાંનું સંગ્રહસ્થાન બતાવ્યું. શેક્સપીઅરના કાગળો, નટ-નાટકકારોને કેટલાક પ્રજાજનોએ દીધેલી ગાળો—કે આ ચાળો ખોટો છે, બંધ કરો, નહિ તો કાયદો લાવી આ ધંધો બંધ કરાવીશું, આ ધંધો હલકો છે—એ મતલબનાં પુસ્તકો, ચોપાનિયાં એ વખતે લંડનમાં પ્રકટ થએલાં તેનાથી માંડી શેક્સપીઅરનાં નાટકોની મોટા ભાગની હસ્તપ્રતો અને એ સંબંધી અઢળક સાહિત્ય ત્યાં જોવા મળ્યું. ભોંયરામાં બસો જણ બેસી શકે એવું, ઇંગ્લંડના ગ્લોબ થીએટર જેવા જ ઘાટનું એક થીએટર પણ બાંધી રાખ્યું છે. ત્યાં પણ સાંજે મેળાવડો, પાર્ટી. અમારા સિત્તેર જેટલા પ્રતિનિધિઓ જુદાજુદા દેશના, અને આ તો વૉશિંગ્ટન-પાટનગર એટલે એ દેશોના એમ્બૅસેડરોનો ત્યાં અડ્ડો, તેથી એ એમ્બૅસેડરો પણ પોતાના દેશના પ્રતિનિધિને મળી શકે એ હેતુથી તેમને નિમંત્રણો આપવામાં આવ્યાં હતાં, અને એથી લગભગ બધા જ દેશના એમ્બૅસેડરો અથવા એમના ફર્સ્ટ સેક્રેટરીઓ હાજર હતા. હિન્દનો હું જ એક કમભાગ્ય પ્રતિનિધિ હતો, જેના દેશની અહીં મોટી એમ્બૅસી મોજૂદ હોવા છતાં ત્યાંનું કોઈ ચકલુંચરકલુંયે ફરક્યું નહોતું! અમારી સાથે કોરિયાના પ્રતિનિધિ હતા, એમના એમ્બૅસેડર જાતે પોતાના દેશના પ્રતિનિધિને આવકારવા સૌથી પહેલા આવી ગયા હતા. પણ કોરિયાના એ સભ્ય તબિયત ઠીક ન હોવાને કારણે આવી શક્યા નહિ, એટલે એમને ચિંતા અને નિરાશા થઈ હતી. તે સજ્જને મને એશિયાનો ગણી એ આખી સાંજ મારી સાથે ગાળી ઘણી વાતો કરી હતી....


અરે, પણ તમારે તો રેમન ડનિયનની વાર્તા સાંભળવી છે ને? વૉશિંગ્ટનમાં ભારતના પ્રતિનિધિની ભારતની એમ્બૅસી આવી રીતે ઉપેક્ષા કરે, ત્યારે વાર્તા કહેવાનો 'મૂડ' ક્યાંથી આવે? છતાં જોઈએ. (ચાલુ)

ટિકિટ-સંગ્રહ તાજેતરમાં બ્રિટનના ટપાલ ખાતામાં પાંચ સપ્તાહની હડતાલ પડી ત્યારે સરકારે ખાનગી સાહસિકોને ટપાલવ્યવહાર ચલાવવાની છૂટ આપી. પરિણામે જે કેટલીક સાહસિકોએ આ કામ ઉપાડી લીધું તેમણે પોતાની આગવી ટપાલટિકિટો પણ છાપી, જેમાંની ત્રણ જમણી બાજુ આપી છે. સંગ્રાહકોમાં આ ટિકિટોની માગ વધી ગઈ છે. ડાબી બાજુ નીચેની ચાર ટિકિટો અમેરિકન સંયુક્ત રાજ્યોની છે. ગામ, ખેતર, પાણી ને હવામાં ફેલાતી અશુદ્ધિઓ રોકવાના પ્રચારાર્થે રંગીન સૂચક ચિત્રો સાથેની આ ટિકિટો ઘણી સુંદર છે.





ટિકિટ : ભૂપેન્દ્રભાઈ શેઠ-સંગ્રહ





ઈંગ્લૅન્ડ અને આયર્લૅન્ડ

ડૉ. પ્રહ્‌લાદભાઈ શુ. વૈદ્ય

૧૫

ડબ્લિન • તા. ૧૭–૫–૭૦

વ્હાલાં બાળકો,

આજે અહીંનાં દૈનિક અખબારોની કેટલીક વિશેષતા બાબત લખવું છે. આપણે ત્યાં બકુલ ત્રિપાઠીનું જેમ 'સોમવારની સવારે' આવે છે, તેમ અહીંના અખબાર 'આઇરિસ ઇન્ડિપેન્ડેન્ટ'માં 'ફ્રૅંક હૅાલ ઑાન મન્ડે'નું કૉલમ આવે છે. ફ્રૅન્ક હૅાલ, બકુલ ત્રિપાઠી જેવો જ જબરો કટાક્ષ-લેખક છે. ગયે સોમવારે તેનો લેખ હતો: 'How to be hatefully healthy' સાઠ વર્ષની વયે પણ યુવાન જેવા કેમ રહેવું તેના રસ્તા એ લેખમાં બતાવ્યા હતા. રસ્તા તો આપણે બધા જાણીએ તેવા જ છે, પણ હૅાલની અભિવ્યક્તિ ભારે રમૂજી છે. મિ. ગ્રાન્ટ નામના એક માણસની મુલાકાતથી તે શરૂ કરે છે. મિ. ગ્રાન્ટે સીધું જ તેને કહ્યું: 'મારી ઉંમર ૫૭ વર્ષની છે અને તે કબૂલ કરવામાં મને જરા યે શરમ નથી.' પછી લેખક કહે છે: બરાબર છે, તેને શરમ રાખવાની જરા યે જરૂર નથી. ગયે વર્ષે પણ મેં તેની મુલાકાત લીધી હતી ત્યારે પણ તેની ઉંમર ૫૭ વર્ષની હોવાનું તેણે કહ્યું હતું! જે માણસ બબ્બે વર્ષ સુધી ૫૭ વર્ષનો જ રહે તેને વળી શરમાવાનું શું?...પછી તન્દુરસ્તી જાળવવાના ઉપાયો મિ. ગ્રાન્ટને મોઢે લેખક કહેવડાવે છે: આટલું બરાબર યાદ રાખો કે પેટ એ તો ટપાલવહેંચણી કરતી સૉર્ટિંગ ઑફિસ જેવું છે. એ કાંઈ જથ્થાબંધ વેપારીની વખાર નથી. વળી, ગમે તે થાય તો પણ જાણે ઘોડે ચડયા હો તેવી દોડાદોડી કરો નહિ. પૃથ્વી તેની ધરી આસપાસ ફરે છે તેથી કાંઈ તમારે તમારી ધરી આસપાસ ભ્રમણા કરવાની જરૂર નહિ! વગેરે.

એક સોમવારે તેના લેખને શીર્ષક હતું: 'Pity the poor burglar.' (ગરીબ બિચારો ચોર!) ઈ. ૧૯૬૫માં આપણે ઘેર, આપણી ગેરહાજરીમાં, રાતના ચોર પેઠા હતા અને ત્રણચાર કલાકની મહેનત પછી પણ ઘરમાંથી કાંઈ ખાસ હાથ નહિ આવેલું. એ હકીકતની જો બકુલ ત્રિપાઠીને ખબર પડી હોત તો તે શું લખત? ફ્રૅન્ક હૅાલને આવો અનુભવ થયા પછી તેને ચોરની દયા આવી એટલે એ લેખમાં રોજ રાત્રે પચાસ રૂપિયા એક પાકીટમાં રાખી દરવાજા આગળ મૂકી રાખવાનું તે સૂચન કરે છે. સાથે એક ચિઠ્ઠી પણ મૂકવી કે 'ભલા ભાઈ, નકામી મહેનત કરતો નહિ...આમે મારે તેં બગાડેલાં તાળાં, કબાટ વગેરે રિપેર કરવા માટે ખર્ચ તો કરવું જ પડે, તેટલી રકમ તને ભેટ તરીકે આ રાખી મૂકી છે, તે સ્વીકારજે...આવજે, અને બીજે ક્યાંય જઇને સુખી થજે...'

આ આપણા અખબાર સાથે મળતી આવતી વાત થઈ. હવે એક બીજી વાત જે આપણે ત્યાં જોવા મળતી નથી. એ જ છાપામાં દર મંગળવારે 'ઍકશન કૉલ' નામનું કૉલમ આવે છે. સરકારી ઑફિસોમાં, મ્યુનિસિપાલિટીમાં કે પછી ખાનગી પેઢીમાં તમારું કાંઈક કામ અટવાયું હોય તો 'ઍકશન કૉલ'ને લખવાનું કે ટેલિફોન કરવાનો. તમારી વાત સાંભળી, સમજી, તંત્ર પાસે મૂકી નીવેડો લઈ આવે અને પછી આખી વાત છાપે. આ તો આપણી 'સદાચાર સમિતિ' જેવું થયું! પણ ના, તેમાં ફેર છે.

એક દાખલો લઇએ: એક કુટુંબ એક મકાનમાં પરચૂરણ ખાધાખોરાકી (ગ્રોસરી)ની દુકાન ચલાવતું હતું. રસ્તા પહોળા કરવાની યોજનામાં તે મકાન લાઇનદોરીમાં આવી જતું હતું, તેથી મ્યુનિસિપાલિટીએ તેમને મકાન પાડી નાખવા બદલ વળતરની રકમ નક્કી કરી ઘર ખાલી કરવાની નોટિસ આપી. માર્ચની ૩૧મીએ ઘર ખાલી કરવાનું હતું. નશીબજોગે તેમને બીજા લત્તામાં એક ખાલી દુકાન મળી આવી જે તેમણે ખરીદી લીધી અને એપ્રિલની ત્રીજી તારીખે તેની કિંમત ૫,૦૦૦ પાઉન્ડ ચૂકવવાના નક્કી કર્યા. પણ માર્ચની ૩૧મી ગઈ તો પણ મ્યુનિસિપાલિટી તરફથી વળતરનાં નાણાં ન મળ્યાં, એટલે વ્યાજે નાણાં લઈ નવી દુકાનની કિંમત ચૂકવવી પડી. દર અઠવાડિયાના ૧૦ પાઉન્ડ એ વ્યાજના દેવા પડતા હતા. એપ્રિલ જવા આવ્યો તોપણ વળતરનાં નાણાં ન મળ્યાં એટલે તેમણે 'ઍકશન કૉલ'ને લખ્યું. આ લોકોએ તપાસ કરી તો જાણવા મળ્યું કે બંને પક્ષે વધુપડતી સાવધાનીને લીધે આવું થયું હતું! મ્યુનિસિપાલિટીને એમ, કે નાણાં ચૂકવી દેશું તો આ લોકો મકાન ખાલી નહિ કરે; આ લોકોને એમ, કે આપણે મકાન ખાલી કરી દઈશું તો પછી મ્યુનિ૦ના આવડા મોટા તંત્રમાં કોણ આપણા વળતરનો ભાવ પૂછશે? 'ઍકશન કૉલ' વચ્ચે આવ્યું અને મ્યુનિસિપાલિટીએ ૧લી મેને દિવસે વળતર ચૂકવવાની ખાત્રી આપી. પેલા કુટુંબે ૩૦મી એપ્રિલે ઘર ખાલી કરવાની ખાત્રી આપી અને બંનેએ ખાત્રી પાળી.

આ આખી વાત છાપામાં છપાઈ તેના બે ફાયદા થયા. એક તો લોકોને શ્રદ્ધા બેઠી કે મ્યુનિ૦ તંત્ર આપણે ધારીએ તેવું જડ નથી. ત્યાં કાંઈ અટવાઈ પડે તો તેને માટે પણ કારણ હોય છે અને તેથી, આપણે ત્યાં જેમ સરકાર અને તંત્રને દોષ દેવાની વૃત્તિ વ્યાપક થઈ ગઈ છે તેવી વૃત્તિ અહીં વ્યાપક થતી અટકે છે. અને બીજો ચોખ્ખો ફાયદો તો આ અખબારની સરસ જાહેરાત થઈ તે. વધુ લોકો આ છાપું વાંચતા થવાના! આવાં કૉલમ અહીંનાં લગભગ બધાં જ છાપાં ચલાવે છે એટલે સમાજને કેટલો બધો લાભ!!

—લિ. કાકાની આશિષ

૧૬

ડબ્લિન, તા. ૨૪–૫–૭૦

ચિ. ડૉલી,

આયર્લૅન્ડ તો આપણા ગુજરાત જેવડો ટાપુ છે. એ ટાપુની મધ્યમાં મોટાં સરોવરો આવેલાં છે. આજકાલ આ સરોવરો ઉપર માછલાં પકડવાની સીઝન છે. આયર્લૅન્ડ અને બાજુના ટાપુ ઈંગ્લૅંડમાંથી કેટલા યે લોકો માછલાં પકડવાની મજા માણવા આ સરોવરોને કિનારે જાય છે. આ સીઝન જે મે મહિનાની ૧૫મી તારીખથી જૂન મહિનાની ૧૫મી સુધી ચાલે છે તેની પાછળ એક સરસ મજાનું વૈજ્ઞાનિક કારણ છે.

મે ફ્લાઈ (May Fly–મે માસની માખી) નામની માખીના જીવનક્રમને માછલી પકડવાની આ સીઝન સાથે સંબંધ છે. દર વર્ષે મે અને જૂન માસના સૂર્યપ્રકાશ તથા શીળા તાપની અસર નીચે સરોવરને તળિયે પડેલાં મે ફ્લાઈનાં ઇંડાં સેવાય છે અને તેમાંથી નીકળતા કોશેટા તળિયેથી પાણીની સપાટી ઉપર આવે છે. સપાટી ઉપર તરતા કોશેટા ફાટે છે અને તેમાંથી પાંખવાળી લીલી ઈયળ નીકળે છે.

કોશેટાનાં કોચલાં ઉપર થોડી વાર તરતી રહ્યા પછી આ ઈયળ ઊડીને કિનારા ઉપર પાંદડાંના છાયામાં આવે છે અને બે ત્રણ દિવસમાં તો પૂરેપૂરી માખી બની જાય છે. મે ફ્લાઈ, પતંગિયા જેવી રંગબેરંગી પાંખોવાળી હોય છે. આ માખી સરોવરના પાણી ઉપર આમતેમ ઊડે છે અને થોડા કલાકોમાં પાણી ઉપર ઈંડાં મૂકે છે, અને પછી થાકીને લોથપોથ થઈ પાણી ઉપર પડે છે. તેનાં ઇંડાં પાણીમાં ડૂબીને તળિયે પહોંચે છે અને ત્યાં બે વર્ષ સુધી પડયાં રહે છે. બે વર્ષ પછીના મે-જૂન માસમાં પાછાં ઈંડાં સેવાય છે અને આખો ચક્રાવો શરૂ થાય છે.

તમને થશે કે આ મે-ફ્લાઈની કહાણી અને માછલાં પકડવાની સીઝનને શો સંબંધ? પણ ઈંડાં સેવાય અને કોશેટા થાય ત્યારથી સરોવરની નાની માછલીઓને રસ જામવા માંડે છે. તળિયેથી ઉપર ઊઠતા કોશેટા, કોશેટામાંથી બહાર નીકળેલી ઈયળ અને ઈંડાં મૂકીને થાકીને લોથપોથ થયેલી મે-ફ્લાઈ, માછલીઓ માટે આ બધી જ સ્વાદિષ્ટ વાનગી છે. તેથી મે-જૂન માસમાં સરોવરની સપાટી નજીક ખૂબ જ માછલીઓ ફરતી થાય છે. આથી મે-જૂનની મે-ફ્લાય સીઝન માછલાં પકડવાની કહેવાય છે. કુદરતે કેવો નિયમ કર્યો છે: મે-ફ્લાઈ પકડવા માછલીઓ આવે અને માછલીઓ પકડવા માણસ જાય!

—લિ. કાકાના આશિષ

સાહિત્યસંપર્ક

એક પ્રેરક ઘડતરકથા


જર્નાલિઝમ—પત્રકારત્વ આજકાલ કંઈક વધુ આકર્ષક ને થોડો સસ્તો બની ગએલો શબ્દ છે. આજે એની તાલીમ આપતા વર્ગો ચાલે છે, ને અનેક છાપાં ને સામયિકો પ્રકટ થતાં જાય છે. પણ એ વ્યવસાયનું સાચું ગૌરવ ને એની પાછળ રેડવી પડતી શક્તિનો ખરો ખયાલ કદાચ મોટા ભાગનાને નથી. શબ્દોના સાથિયા પૂરી અખબારમાં થોડો વખત પાનાં ભરીને પત્રકાર બની જનારાઓની વચ્ચે આ ક્ષેત્રના પાયામાં જાત નીચોવી દેનારાઓની પૂરતી ઓળખ કે કદર લોકોને તો કદાચ ન હોય, પણ ખુદ એ ક્ષેત્રમાં પડેલાઓમાંથી પણ ઘણા તેથી અજ્ઞાત હોય છે.

શ્રી યજ્ઞેશ હ. શુક્લનું નામ જૂની પેઢીમાં તો ઘણાને પરિચિત હશે. પોતાની સાડા ચાર દાયકાની પત્રકાર-કારકિર્દી દરમ્યાન સ્વ. સામળદાસ ગાંધી અને સોરાબજી કાપડિયા જેવા કાબેલ ને આરૂઢ પત્રકારોને હાથે પલોટાએલા અને 'ગુજરાતી'થી આરંભ કરી 'હિંદુસ્તાન-પ્રજામિત્ર', 'જન્મભૂમિ', 'વંદે માતરમ્' આદિ નામાંકિત પત્રોમાં પોતાની કારકિર્દી ઘડીને પાવરધા થએલા એ પીઢ પત્રકાર આજે 'મુંબાઈ સમાચાર'ના અગ્રલેખ-લેખક છે. પોતાના એ ઘડતરની કથા એમણે જે નિખાલસ ને રણકતી વાણીમાં લખી છે તે આજની પેઢીને માટે માહિતીપ્રદ ને પ્રેરક છે;—પ્રેરક એટલા માટે કે પૂરું મૅટ્રિક પણ પાસ નહિ થઈ શકેલા એક તરુણના, પોતાની કારકિર્દી ઘડવા માટેના પરિશ્રમ અને પુરુષાર્થની એ કથા છે. મુંબાઈ આકાશવાણી ઉપરથી પ્રા. રમેશ જાનીએ આપેલો એનો ઊડતો પરિચય સામે આપ્યો છે.

આપણે ત્યાં પત્રકારત્વ જેટલું વિકસ્યું છે એટલું એ વિષેનું સાહિત્ય વિકસ્યું નથી. પરંતુ, એક પત્રકારની અનુભવકથામાંથી એના પોતાના ઉપરાંત પત્રકારત્વની દુનિયા વિષે પણ આપણને એક પ્રકારનું દર્શન મળી રહે છે. આવી એક કથા શ્રી યજ્ઞેશ શુક્લ કૃત 'એક વ્યવસાયી પત્રકારની ઘડતરકથા'* છે. પત્રકાર તરીકે પોતે કઈ રીતે ઘડાયા, પોતાની શૈલી અને સજ્જતાને પત્રકારત્વનું વાતાવરણ કઈ રીતે ઉપકારક નીવડ્યું, એની યુવાપ્રેરક કથા આ પુસ્તકનાં પૃષ્ઠોમાં છે.

યજ્ઞેશભાઈનો પત્રકારત્વ સાથેનો સંબંધ શરીર અને કાંચળી જેવો નથી, દેહ અને ત્વચા જેવો છે. હેમિંગ્વે કહેતા કે કોઈ પણ માણસે સાહિત્યમાં સાચી સજ્જતા મેળવવી હોય તો એણે કમમાં કમ જીવનનાં બે વર્ષ તો પત્રકારત્વમાં ગાળવાં જ જોઇએ. પળેપળે પલટાતી દુનિયામાં જો કોઈ તાલસે કદમ મિલાવી શકતું હોય તો એ પત્રકાર છે. અને જો એ જાગ્રત અને સંવેદનશીલ હોય તો એને એમાંથી જીવનનું અખૂટ ભાથું યે મળી રહે છે. પત્રકારને તો પળે પળે જીવવાનું અને જીવતાંજીવતાં ઘડાવાનું હોય છે.

શ્રી યજ્ઞેશ હ. શુક્લને પત્રકારત્વમાં એમની કિશોરાવસ્થામાંથી ઘસડી જનાર તો એમનો સાહિત્યપ્રેમ હતો. એ પ્રસંગ એમણે ચિત્રાત્મક શૈલીએ રજૂ કર્યો છે. પત્રકારત્વમાં પોતાને પાપા પગલી ભરાવનાર 'ગુજરાતી'ના સ્વ. શ્રી [illegible]લાલ ખુલાખીરામ જાનીને એમણે ભાવપૂર્વક યાદ કર્યા છે; 'હિન્દુસ્તાન' અને 'જન્મભૂમિ'માં મળેલી દૈનિક પત્રકારત્વની તાલીમને દાદ આપી છે અને પોતાનું સાચું ઘડતર કરનાર 'વંદેમાતરમ્' અને એના સ્થાપક તથા પ્રાણસમા શ્રી સામળદાસ ગાંધીનો તો આખો ઇતિહાસ એમની ઘડતરકથાનો જ ઇતિહાસ બની રહે છે. ભણસાળીજીના પેલા ઐતિહાસિક ઉપવાસ સમયે એમના કથળતા સ્વાસ્થ્યની ખબર, સરકારી સમાચારબંધીને કારણે, રોજ રોજ નાની થતી જતી દીપકજ્યોત દ્વારા 'વંદેમાતરમે' જનતાને કરેલી! અખબારી કૌશલના આ અદ્ભુત ઉદાહરણનો ઉલ્લેખ અમેરિકન સાપ્તાહિક 'ટાઈમ'માં પણ આવેલો એની નોંધ તો યજ્ઞેશભાઈ લીધા સિવાય રહી જ કેમ શકે?



'વંદેમાતરમ્' બંધ થાય છે અને એમને કપરા દિવસોનો સામનો કરવો પડે છે. ત્યાં એમની આંગળી 'જામે જમશેદ'ના માલિકોએ ઝાલી અને સાંજના પત્ર 'પ્રજામત'નું સંપાદન એમને સોંપ્યું. પત્ર શરૂ થયું ને ત્રીજા જ દિવસે એમના પર હૃદયરોગનો હુમલો થયો. એમાંથી તે સદ્ભાગ્યે ઊગરી ગયા અને 'મુંબાઈ સમાચાર'ના સંચાલકોએ એમને 'અગ્રલેખલેખક' તરીકે આમંત્ર્યા. આજ તેરતેર વર્ષથી યે વધુ સમયથી એઓ એ દ્વારા ગુજરાતના પત્રકારત્વની પોતાની સાધના અવિરત ચાલુ રાખી રહ્યા છે.

આ બધું એમણે જોકે ઐતિહાસિક વિહંગદૃષ્ટિથી કહ્યું છે, પણ પોતાની વાત કરતાંકરતાં એમણે નાની-મોટી, જાણી-અજાણી વ્યક્તિઓની અને સંસ્થાઓની વાત એવી ટૂંકી પણ તાદૃશ રીતે કરી છે કે એમાંથી આપણને માત્ર એમની જ નહિ, પત્રકારત્વના ક્ષેત્રે અમર એવાં કેટલાંક નામોની ઝાંખી કરાવી દીધી છે. પોતાની હૃદયરોગની ભયંકર બીમારી સમયે અને ત્યાર પછી યે, નિર્વ્યાજ સ્નેહભાવનાથી સક્રિય સહાનુભૂતિ દર્શાવનાર કરિયાણાના એક અજાણ્યા વેપારી ગૃહસ્થની માનવતાથી માંડીને તે શ્રી ચંદ્રવદન મહેતાની નિખાલસ મૈત્રીભાવના, ડૉ. ચોઘાની ઉદારતા અને 'જામે જમશેદ' તથા 'મુંબાઈ સમાચાર'ના સંચાલકોની મહાનુભાવતાનો એમણે છલકાતે હૈયે ઉલ્લેખ કર્યો છે. શ્રી સામળદાસ ગાંધીનું એમણે દોરેલું શબ્દચિત્ર તો માત્ર પત્રકારત્વ ક્ષેત્રે જ નહિ, સાહિત્યક્ષેત્રે પણ એક નોંધપાત્ર આલેખન બની રહે એવું છે. પોતાના જીવનકાર્યની પ્રયોગશાળાના વાતાવરણ ને એની સાથે સંકળાએલી વ્યક્તિમાત્રને તેઓ સિદ્ધિટાણે ભૂલ્યા નથી. રોટરીના શ્રેષ્ઠ પત્રકાર તરીકેના બહુમાનનો એમનો ઉત્તર પણ એ જ હકીકતનો પુરસ્કાર કરે છે.

આ ઘડતરકથામાંની અનેક વિગતોને લીધે આ ગ્રંથ પત્રકારત્વના કોઈ પણ અભ્યાસીને માટે અનિવાર્ય બની રહેશે.* —રમેશ જાની

(પહેલી વાર 'આકાશવાણી મુંબાઇ' પરથી બોલાએલું, અહીં કેટલાક સુધારાવધારા સાથે.)

* એક વ્યવસાયી પત્રકારની ઘડતરકથા: યજ્ઞેશ હ. શુક્લ; પ્ર૦: શ્રી મોઢ બ્રાહ્મણ યુવક મંડળ, વલસાડ; પ્રાપ્તિસ્થાન: એન. એમ. ત્રિપાઠી લિ., મુંબાઇ-૨, પૃ. ૧૭૦. કિં. રૂ. ૫–૬૦.

મારી માન્યતા

સાહિત્ય તથા જીવનનાં ઉપાસકોના ઉત્તરો : ખાસ મુલાકાતો દ્વારા મેળવનાર **ચંપકલાલ મહેતા**



કરસનદાસ માણેક

કરાચીમાં તા. ૨૮-૧૧-૧૯૦૧માં જન્મ. દોઢેક વર્ષ 'નૂતન ગુજરાત' (જૂનું), અગિયાર વર્ષ 'જન્મભૂમિ' અને એકાદ વર્ષ 'ડેઈલી મિરર'માં તંત્રીપદ સંભાળ્યા પછી છેલ્લાં અઢાર વર્ષથી 'નચિકેતા'ના તંત્રી છે. 'વૈશંપાયન'ના ઉપનામથી એમણે લખેલાં કટાક્ષકાવ્યો ઘણાં લોકપ્રિય બનેલાં. 'આલબેલ', 'મહોબ્બતને માંડવે', 'રામ તારો દીવડો', 'વૈશંપાયનની વાણી' વગેરે એમની જાણીતી કૃતિઓ સાથે એમણે ચાળીસ જેટલાં પુસ્તકો અને બે હજાર જેટલાં કાવ્યો તથા દોઢસો જેટલાં કીર્તન રચ્યાં છે. વાલ્મીકિ રામાયણ, મહાભારત તથા રઘુવંશ અને કઠોપનિષદને પણ એમણે કીર્તનમાં ઉતાર્યાં છે. 'વ્યાસ' નામે ૧૮૦૦૦ શ્લોકોમાં વિસ્તરતું એક મહાકાવ્ય પણ તેઓ રચી રહ્યા છે, જેમાંના પાંચ હજાર શ્લોકો પ્રકટ થઈ ચૂકયા છે. માણભટ્ટની કથા પરંપરાને એમણે પુનર્જીવન આપ્યું છે. એમના કવનમાં ગાંધીજીના જીવનકાર્યનું સીધું દર્શન છે.

૧ સાહિત્યક્ષેત્રે તમે કાવ્યો વધુ રચ્યાં છે. કાવ્યની તમારી વ્યાખ્યા?

ઉ. સ્વરૂપનું શબ્દપ્રકાશી સંવનન એટલે કાવ્ય.

૨ ...અને કટાક્ષકાવ્યો તથા કીર્તન કોને કહેશો?

ઉ. કટાક્ષકાવ્યો એટલે વિશ્વરૂપનું શબ્દપ્રકાશી સંવનન અને કીર્તન એટલે માનવતાના ઉચ્ચોચ્ચ મૂલ્યોની સ-પ્રમાણ, સ-દૃષ્ટાંત, સ-રસ વિદ્વત્-સંમત લોકભોગ્ય કાવ્યાત્મક પ્રશસ્તિ.

૩ સંકીર્તન-પ્રવૃત્તિનો આપનો આશય?

ઉ. ભારતીય સંસ્કૃતિના માનવમંગલ સનાતન તત્ત્વોનું સંશોધન તથા પ્રસારણ કરવું ને ઈશાવાસ્ય ઉપનિષદના કીલકમંત્રોની ભાવનાને અનુરૂપ, એક ને અભિન્ન, ત્યાગકેન્દ્રી, સહકાર-પ્રણીત, ઉદ્યમ-નિષ્ઠ, વિશ્વદૃષ્ટિસંપન્ન, સમદર્શી, સમવર્તી, સમાજની રચના કરવી.

૪ ઈશાવાસ્ય ઉપનિષદનું રહસ્ય કહેશો?

ઉ. આ તો ઈશ તણો આવાસ,
તું આમંત્રિત અતિથિ એનો, નહિ સ્વામી, નહિ દાસ;
એ પીરસે તે ખા તું રસથી, એ આપે તે લેજે,
એનાં જનને તારાં ગણીને એ રાખે તેમ રહેજે.
વેરજે પ્રતિપળ હેતનું હાસ્ય, આ તો ઈશ તણો આવાસ.

૫ સફળ કવિ છો. કવિ તરીકેની જીવનની ખુમારી દર્શાવશો?

ઉ. છું ફક્ત સાહિત્યસર્જક, કોથી કૈં નિસ્બત નથી,
એકલો જીવું, ઝૂઝું હું, મારે કોઈ પંગત નથી;
મૌજમાં આવે તે છેડું સૂર એકલરામ હું,
કોઈના ભ્રૂભંગ પર નર્તન તણી આદત નથી.

૬ તમારામાં તો મસ્ત... ઝબકતું યૌવન છે. યૌવન કોને કહો?

ઉ. એક સર હતું, સુંદર હતું, જેમાં કમલ મનહર હતું;
ને એ કમલના દલ સમું જેનું હૃદય મુદભર હતું.
એ મુદ ભરેલા ઉર તલે જલતી હતી કો ઝંખના
ને ઝંખનાના ઘેનથી માતેલ જોબન તર હતું.

૭ વાહ! તો પછી તમારી પોતાની વ્યાખ્યા આપશો?

ઉ. હું મને શોધી રહ્યો છું, લાખ પડછાયા મહીં,
હું જ ખોવાઈ ગયો છું મેં રચી માયા મહીં;
એક વેળા હું હતો હું, આજ પણ હું હું જ છું,
તોય હું, હું ને જડું ના, ખોજતો કાયા મહીં.

૮ તમારાં પ્રિય કવિઓ, દ્રષ્ટાઓ, પુસ્તકો?

ઉ. વ્યાસ, વાલ્મીકિ, શેક્સપીઅર, વર્ડ્ઝવર્થ, બાઈબલનો કેટલોક ભાગ, ઉપનિષદો અને ખાસ તો ભાગવત.

નવાં પ્રકાશનો

ભારતીય કાવ્યસિદ્ધાંત: પશ્ચિમના કાવ્યસિદ્ધાંતોના અભ્યાસની સાથેસાથે દરેક કવિતાપ્રેમીએ આપણા પૂર્વાચાર્યોએ પણ એ ક્ષેત્રમાં ક્યા ક્યા સિદ્ધાંતો આપ્યા છે તે સમજવા જેવા છે. ભારતે કાવ્યશાસ્ત્રમાં અનવદ્ય પ્રગતિ કરી હતી તેની પ્રતીતિ આ પુસ્તકનાં પૃષ્ઠો કરાવી આપે છે. પ્રત્યેક કાવ્યસિદ્ધાંતને ઝીણવટથી તપાસી, વિવેકપૂર્વક સ-રસ રીતે રજૂ કરવામાં ગ્રંથકર્તા જયંત કોઠારી અને નટુભાઈ રાજપરાનો પરિશ્રમ અછતો રહેતો નથી. લેખકોનું આ વિષય પરત્વેનું ઊંડું અધ્યયનશીલ દૃષ્ટિબિંદુ આ પુસ્તકના સર્જનના મૂળમાં રહેલું છે તે જાણી શકાશે. કવિતાપ્રેમીઓએ અવશ્ય વસાવવા જેવું. પાકું પૂઠું, પૃ. ૨૪૯, રૂ. ૬ (પ્ર૦ ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ-૧)

બારડોલી સત્યાગ્રહ: ભારતના મુક્તિ-સંગ્રામમાં બારડોલી સત્યાગ્રહનું પ્રકરણ અતિ મહત્ત્વનું છે. પોલાદી પુરુષ સરદાર વલ્લભભાઈએ એમની વીર વાણીમાં બારડોલીની જનતાને જે તૈયાર કરી તેનો સુંદર ઇતિહાસ આ પુસ્તકના પ્રથમ ખંડમાં આપવામાં આવ્યો છે. બીજો ખંડ સરદારશ્રીનાં ભાષણો, એમની પ્રતિભા અને દેશદાઝ દર્શાવી જાય છે. પ્રેરણા અને માર્ગદર્શન નામના ત્રીજા ખંડમાં ગાંધીજીએ આ સત્યાગ્રહ અંગે લખેલા લેખો અને આપેલાં વ્યાખ્યાનોનો સંગ્રહ છે. ચોથા ખંડમાં આપવામાં આવેલાં બારડોલીની લડતનાં કાવ્યો પણ આ ગ્રંથનું કીમતી પ્રકરણ છે. પાંચમા ખંડમાં એ સત્યાગ્રહનું સરવૈયું અને છઠ્ઠા ખંડમાં સરદારશ્રીનાં ભાષણોમાંથી ચૂંટેલાં 'તરતાં તીર' તારવીને આપ્યાં છે. સાતમા ખંડમાં આપવામાં આવેલ આ સત્યાગ્રહ અને એના સુકાનીઓનો તસ્વીરમય ચિતાર તથા છેલ્લે જોડેલો નકશો પણ ગ્રંથમાં વૈવિધ્ય આણે છે. સ્વાતંત્ર્ય સંગ્રામ સાહિત્યમાળાનું આ બીજું પુસ્તક ૮૬૪ પૃષ્ઠોમાં પ્રસ્તરેલું છે. એ સમગ્ર સાહિત્ય માળાના આખા સેટની કિંમત રૂ. ૧૦૦ છે. એના સંપાદક ઇશ્વરલાલ ઈ. દેસાઇએ સરદાર જયતી નિમિત્તે આ પ્રકાશન કરીને પ્રશસ્ય કામ કર્યું છે. (પ્રકાશક: સ્વાતંત્ર્ય ઇતિહાસ સમિતિ, જિલ્લા પંચાયત, દરિયામહેલ, સૂરત.)

લડતનાં ગીતો: સ્વાતંત્ર્ય જંગના પ્રજાજુવાળને રાષ્ટ્રભાવનાનાં ગીતોએ સારી રીતે ટકાવી રાખ્યો હતો. એ એક જમાનો હતો કે જ્યારે રાષ્ટ્રભક્તિથી ભર્યાભર્યાં આ ગીતોએ આબાલવૃદ્ધ સહુને જોસ્સામાં લાવી દીધાં હતાં. એ સંગ્રામમાં સભાઓ અને શેરીઓમાં ગુંજતાં, લડતને પ્રેરક ૧૪૧ ગીતોના પાકા પૂઠાના આ પુસ્તકમાં ઇશ્વરલાલ ઈ. દેસાઈએ શ્રમપૂર્વક સંચય કર્યો છે. પ્ર૦ ઉપર મુજબ.

કાન્તિ અને સાધના-૧ (વ્રતવિચાર): સત્ય, અહિંસા, અસ્તેય આદિ અગિયાર વ્રતો, મહાવિભૂતિઓનાં જીવનદર્શન અને આપણી અનેક સમસ્યાઓને આવરી લેતા હરીશ વ્યાસના આ પુસ્તકમાં સર્વોદય વિચારનું સારી રીતે નિરૂપણ થયું છે. પ્ર૦ લેખક પોતે, ૧૦૨/સી, સ્વસ્તિક સોસાએટી, અમદાવાદ-૯. કાચું પૂંઠું, પૃ. ૧૯૫, રૂ. ૩.

ગ્રામસ્વરાજ્ય: આઝાદ ભારતના પ્રાણપ્રશ્ન સમાન ગ્રામસ્વરાજ્યની વ્યાપક ચર્ચાની

હિંદી પુસ્તિકા. પ્ર૦ મંત્રી, ગાંધી રચનાત્મક કાર્યક્રમ ઉપસમિતિ, ટુંકલિયા ભવન, કુન્દીગરોં કા ભેરૂ, જયપુર-૩ (રાજસ્થાન).

સ્થિતપ્રજ્ઞ: ગીતામાં દર્શાવેલાં સ્થિત-પ્રજ્ઞનાં લક્ષણો વિષેનાં વિદ્વાન મુનિશ્રી ભાનુ-વિજયજીનાં પ્રેરક પ્રવચનોને આધારે લીધેલી સરળ, સળંગસૂત્ર, વિશદ નોંધોનું, તદ્‌વિષય-ના જિજ્ઞાસુએ વાંચવાયોગ્ય પુસ્તક. પાકું પૂંઠું, પૃ. ૨૪૨, રૂ. ૪. પ્ર૦ પુરુષોત્તમદાસ ભીખાભાઈ શાહ, સર્વમંગલમ્ પરિવાર આશ્રમ, બટુકભૈરવ-ની વાડી, પાટણ.

પંચમ: છેલ્લાં વીસેક વર્ષની કાવ્યકૃતિઓ-માંથી ચૂંટેલી ૯૩ જેટલી રચનાઓ ધરાવતો જેઠાલાલ ત્રિવેદીનો પાંચમો કાવ્યસંગ્રહ. પાકું પૂંઠું, પૃ. ૧૦૪, રૂ. ૩-૫૦. પ્ર૦ ગુર્જર ગ્રંથ-ભવન વતી શ્રી લક્ષ્મીનારાયણ હરિલાલ જાની, કાલુપુર, ભોઈવાડની પોળ, અમદાવાદ-૧.

નવા પ્રયોગો: અગાઉ ભજવાઈ ગએલાં, નિર્વાણ ર. વ્યાસનાં પ્રયોગલક્ષી ત્રણ એકાંકી-નો સંગ્રહ. પ્ર૦ રમણ પ્રકાશન, ધીવંટો, પાટણ (ઉ. ગુ.), કાચું પૂંઠું, પૃ. ૨૮

સર્વોદય-પાત્ર: એ યોજનાના પ્રણેતા વિનોબાજીના એ વિષેના વિચારો રજૂ કરતી પુસ્તિકા. પ્ર૦ યજ્ઞ પ્રકાશન, ભૂમિપુત્ર, હુઝરત પાગા, વડોદરા-૧. કાચું પૂંઠું, પૃ. ૬૨, ૭૫ પૈસા.

ભ્રાંતિ અને ક્રાંતિ: નક્સલવાદી પ્રવૃત્તિ સામે કામ કરી રહેલ જયપ્રકાશ નારાયણના મનનીય લેખની પુસ્તિકા. પ્ર૦ ઉપર મુજબ, કાચું પૂંઠું, પૃ. ૩૨, ૩૦ પૈસા.

આંખો દેખાહાલ: ગ્રામદાની ગામોમાં શી સ્થિતિ છે તેનો સુભગ ખયાલ આપતું પુ-સ્તક, પ્ર. ઉપર મુજબ, કાચું પૂંઠું, પૃ. ૧૩૦, રૂ. ૧.

લોકશાહીનાં મૂળ તત્ત્વો: વિશ્વની શાસન પદ્ધતિઓમાં શ્રેષ્ઠ ગણાએલી લોક-શાહીનાં મૂળભૂત તત્ત્વોની ચર્ચા કરતા એ. ડી. લિન્ડસેના વ્યાખ્યાનનો મીરા ભટ્ટે કરેલો આ-વકાર્ય અનુવાદ; પ્ર૦ ભાષાન્તરનિધિ, બળવંત-ભવન, ભાવનગર-૨. કાચું પૂંઠું, પૃ. ૧૨૧, રૂ. ૨-૫૦

આપણી લૂંટાતી ધરતી: મનુષ્યનું આ પૃથ્વીમાં શું સ્થાન અને એણે પૃથ્વીની શી દશા કરી છે તે વિચારોને બે ખંડમાં વહેંચી નાખતા ફેરફીલ્ડ ઓસ્બોર્નના અંગ્રેજી પુસ્તકનો મૃદુલા-બહેન મહેતાએ કરેલો અનુવાદ. પ્ર૦ ઉપર મુજબ, કાચું પૂંઠું, પૃ. ૧૯૩, રૂ. ૩-૫૦.

બાળક અણુધ નથી હોતું!: એ આ-જના યુગના મહત્ત્વના પ્રશ્ન બાળઉછેરને અનુ-લક્ષીને સુપ્રસિદ્ધ હિંદી લેખક વિષ્ણુ પ્રભાકરે આ દૃશ્ય-શ્રવ્ય નાટકની રચના કરી છે. રૂપાંતર-કાર 'ઉત્સુક'; ઉન્મેષ પ્રકાશન, દેસાઈ ફળિયા, નવાદહેરા, ભરૂચ; કાચું પૂંઠું, પૃ. ૫૪, રૂ. ૨-૫૦.

ઊર્મિની ઓળખ

નામી ગુજરાતી ગઝલકારોનાં જીવન તેમ જ કવનનો પરિચય

[૧૯]

કરાવનાર: જલન માતરી



'અમીન આઝાદ'

આઝાદીની ચળવળ પૂરજોશમાં ચાલતી હતી ત્યારે એમાં શાયરોનો ફાળો પણ નાનોસૂનો ન હતો. એમની અંગાર જેવી વાણી સાંભળી પરદેશી શાસનનાં ગાત્ર દાઝી ગયાં હતાં અને આઝાદીની વેદી પર કંઈક કુરબાનીઓ અપાઈ હતી. એ વખત-ના શાયરોમાંના એક ગુજરાતી શાયર તે શ્રી તાહેરભાઈ બદરુ-દ્દીન. એમનું તખલ્લુસ 'અમીન આઝાદ' જાતે દાઉદી વહોરા. વય આજે ૫૬. જન્મસ્થળ સુરત. વ્યવસાયે પત્રકાર.

'મહાગુજરાત ગઝલ મંડળ' દ્વારા યોજાતા મુશાયરાઓના મંચ ઉપરથી ત્યારે શ્રી 'અમીન આઝાદ' ઘોષણા કરતા. આપણી ક્રાંતિના ઇતિહાસમાં 'અમીન આઝાદ'ની એ હાકલો યાદગાર રહેશે. એ જમાનો હતો જ્યારે પુરસ્કાર ન હતો; ગાંઠના ખર્ચે મુશાયરાઓ થતા. આ જમાનો છે જ્યારે શાયરોને સારો એવો પુરસ્કાર મળે છે; પણ શ્રી અમીન આઝાદને કમનસીબે કોઈ અકળ રીતે તેનાથી અળગા રાખ્યા છે. જોકે તેઓ તો શ્રોતાજનોનો પ્યાર પામતા જ આવ્યા છે અને આજે પણ તેટલો જ પામે છે. ગઝલ-ગૂંથણી સાથે સૂરીલો કંઠ પણ તેઓ ધરાવે છે. રાત ક્યારે પસાર થઈ તે જ્યારે ખબર ન પડે ત્યારે મનાતું કે શ્રી અમીન આઝાદ હાજર છે! અને 'રાત ચાલી ગઇ' એ એમની મશહૂર ગઝલ સાથે મુશાયરો સમાપ્ત થતો.

એમનો પ્રથમ ગઝલસંગ્રહ 'સંમરસ' ૧૯૪૭માં બહાર પડેલો; હવે બીજો તૈયારીમાં છે.

યાદશક્તિ પ્રબળ બનતાં પરવરદિગારને જ ભૂલી ગએલા, શ્વાસ લેવાની ક્રિયાને પણ સાહસ માનતા, સાહિત્યને વહેતું પાણી સમજીને એમાંથી થોડાક ગઝલના પ્યાલાઓ પી રહેલા આ રાષ્ટ્રીય શાયરના ચૂંટી કાઢેલા થોડા શે'રોની મજા માણીએ.

'અમીન' એમ કહેતો હતો, 'હું છું અક્ષર',
મને આજ એની કથા યાદ આવી.

∞

મારી મિલ્કત કલ્પનાઓ, ભાવનાઓ, ઊર્મિઓ,
મારી નિર્ધનતાનું ધન પણ મારે લાયક હોય છે.
આખી દુનિયા એક સાગર છે નિરાશાનો 'અમીન'
બુદ્‌બુદા સમ આશ જેમાં કોઈ ક્ષુલ્લક હોય છે.

∞

મારું જ્યાં આકાશ પોતાનું નથી
મારો ચમકાવી સિતારો શું કરું?
એમ તો ક્યાં કોઇનો હું થાઉં છું,
થઈ ગયો તો પણ તમારો, શું કરું?
છે જીવનમાં સેંકડો ભૂલો 'અમીન'
એકબેમાં હું સુધારો શું કરું?

∞

સહન કરેલ તમાચા સમાજના છે, 'અમીન'
અમારા ગાલ ફક્ત કુદરતી જ લાલ નથી!
મરે છે ત્યારે કવિની કદર થવા લાગે,
એ કેમ જીવી ગયો એનો કંઈ સવાલ નથી!

∞

અલ્પ જીવનમાંય એના પાઠ દઈ ગઈ વીજળી,
પળને માટે મેળવી ગઈ એ વિજય અંધાર પર!
જીવતાં હાલત ન પૂછી આવી એના દ્વાર પર,
ફૂલડાં શાને ચડાવો છો હવે મરનાર પર?

∞

બાંગોથી ના તો ઘંટના નાદોથી કંઈ થયું,
વશ થઇને હું તો જાગ્યો છું દિલની પુકારને.

શું યાદશક્તિ એટલી મારી વધી 'અમીન'
(કે) ભૂલી ગયો હું આખરે પરવરદિગારને?

∞

અરે ઓ નગ્નતામાં જન્મનારા,
જરૂરત કેમ રાખે છે કફનની?

∞

કેવો પરદો! તું મને જોયા કરે,
જોઉં જો હું, તો મને દેખાય ના!

મારા એ દિવસો હજુ ભૂલી ગયો નથી,
પીતો હતો હું તેથી વધુ ઢોળતો હતો.

∞

ગુલાબ સાથે રહીને ય એ રહ્યો કંટક,
કહે છે કોણ કે સોબતનો રંગ લાગે છે?

મજા એ છે સૂર્યાસ્તની સાથે સાથે
મજા માણી લઇએ છીએ સૂર્યોદયની,
તમારી લટોમાંથી રજનીના રંગો
અને સ્મિતમાંથી સવારો મળે છે.

∞

બાકી રહી છે નામની બેચાર ધડકનો
દિલની દશા છે એવી કે ઊઠતી બજાર છે.

∞

ધરતી ભરચક તો થતી જાય છે માનવથી છતાં
થઈ ગઈ પ્રેમથી ખાલી એ વસાહત કેવી?

∞

મારા સંજોગોને, ટીકાકાર, જો!
શ્વાસ લઉં છું એય કમ સાહસ નથી?

સત્ત્વશીલ વ્યક્તિચિત્રો-૩

સાધ્વી શ્રી વિમલાદેવી

મુકુન્દરાય પારાશર્ય

સાધ્વી શ્રી વિમલાદેવીનું જીવન બે વિભાગમાં વહેંચાએલું છે: જન્મથી જ આરંભી એમણે કફની ધારણા કર્યા સુધીનું વ્યવહારમય પૂર્વાવસ્થાનું અને કેવળ અધ્યાત્મમય ઉત્તરાવસ્થાનું. આમ તો તેમનું સમગ્ર જીવન ચમત્કારોથી ભર્યું છે, પણ આધ્યાત્મિક જ્ઞાન તથા અનુભવો કેવળ મુમુક્ષુને બહુ ઉપયોગી હોઈ, અહીં માત્ર તેમના પૂર્વાવસ્થાના પ્રસંગોમાંથી થોડાક રજૂ કરવા છે.

તેમનું મૂળ નામ કસ્તૂરબેન. તેર વર્ષની વયથી તેઓ કાવ્યો અને ભજનો રચતાં થયાં અને તેમાં પોતે 'વિમલા' નામ ધારણ કર્યું. વિમલ આધ્યાત્મિક જીવનને અનુરૂપ એ કાવ્યો હોવાથી, એ પાછળથી 'વિમલાદેવી' નામે પ્રસિદ્ધ થયાં અને અનેકનાં એ અધ્યાત્મ્ય માર્ગદર્શક બન્યાં.

સૌરાષ્ટ્રમાં ભાવનગર જિલ્લામાં સિહોર ગામના પ્રતિષ્ઠિત બ્રાહ્મણ દેવશંકરને ત્યાં માતા અજચકુંવરની કૂખે સં. ૧૯૨૪ના માઘ વદ ૧૧ના રોજ તેમનો જન્મ થએલો. પાંચ વર્ષની વયે માતાપિતા સાથે યાત્રાર્થે દ્વારકા ગએલાં ત્યાં દ્વારકાના મંદિરમાં દોરીથી ખેંચીને નાખવાના મોટા પંખાને હીંચકો માનીને તેની દોરી પકડવા માટે રડવા લાગ્યાં ત્યારે પૂજારીએ દોરી હાથમાં દઈ કહ્યું: 'બોલ રણછોડરાય કી જય.' છોકરીએ તોતડે અવાજે કહ્યું: 'ચંચ સોચ ચાચતી છે.' ને પછી ખૂબ રડવા લાગ્યાં.

પિતા મુંબાઈમાં વ્યાસપદું કરતાં. ત્યાં કસ્તૂરબેનને સાતમે વર્ષે શાળામાં ભણવા મૂકયાં. મોળાકતના દિવસોમાં બીજી છોકરીઓ સાથે મળીને કૂટવાની રમત આદરે ત્યારે કસ્તૂરબેન તેમને છોડી ઘરમાં જઈ કાવ્યદોહનનું પુસ્તક ઉઘાડી વાંચવા લાગે. ઘડપણમાં એ યાદ કરી કહેતાં કે, ત્યારે પ્રહ્લાદ આખ્યાનમાંથી 'બીજો નહીં ભજું વૈકુંઠનાથ વિના' એ લીટી આવે ને હું એકધારું રડું, તે સાંભળી મારી બા ને બેન પણ રડતાં.'

તેમના આઠમે વર્ષે નેપાલ કે કાશ્મીરથી જમનામાતાજી આવેલાં. માબાપ સાથે દર્શને ગયાં ત્યારે મોટો સમુદાય જોઈ દર્શનની આતુરતાથી રડવા લાગ્યાં. એ સાંભળી માતાજી પોતે આવી તેને પોતાને આસને લઈ ગયાં. છોકરીએ રડતાંરડતાં પગ પકડયા. માતાજીએ તેને રોતી રાખવા પ્રસાદ આપવા માંડયો ત્યારે છોકરીએ કહ્યું: 'મને તમારી સાથે તેડી જાઓ.' જનેતાએ એ છોકરીને પરાણે ઘર ભેગી કરવી પડી. તે વખતે માતાજીના ચરણસ્પર્શથી થએલા કંપ આદિ ભાવનું સ્મરણ કસ્તૂરબેનના જીવનમાંથી કદી ઝાંખું થયું ન હતું.

એક વાર મહાલક્ષ્મીમાં વ્યાસમંડળમાં કુટુંબ જમવા ગએલું ત્યાં જમવાનું એક બાજુ રહ્યું ને પાછળ હનુમાનનું મંદિર છે ત્યાં દરિયા સામે બેસી કસ્તૂરબેન ગાવા લાગ્યાં: 'જીવ! કારતકે કરી લે વિચાર, કહેને કયાંથી આવિયો?' ને હનુમાનજીને પૂછવા લાગ્યાં: 'હેં ભાઈ, હું કયાંથી આવી?' એ આવેશમાં બેભાન થઈ ગયાં ને એ જ સ્થિતિમાં ઘેર લાવવાં પડેલાં.

આવી છોકરીને માબાપે દેશમાં લાવી નવ વર્ષની વયે પરણાવી. એ વખતે સિહોરના ડુંગર જોઈ તે છોકરીએ પિતાને કહ્યું: 'બાપા, હવે તમ તમારે સાસરે જાઓ. હું તો આ ડુંગરમાં શંકરને મળવા તપ કરીશ; પણ હું સાસરે નહિ જાઉં, હોં!'

અગિયાર વર્ષની વય થતાં તેને સાસરે, ટાણા ગામે, વળાવ્યાં. પતિ જયરામ પુરુષોત્તમ તેમનાથી દોઢ વર્ષે મોટા. બે ભાઈઓ પણ પરણેલા હતા. કુટુંબ બહોળું હતું. સાસુને પતનો રોગ થયો હતો. એટલે હાથપગનાં આંગળાંમાંથી પાકીપાકીને હાડકાં નીકળતાં ને તેમાં જીવાત પડીને તેની અસહ્ય દુર્ગંધ ફેલાતી. આ રોગને કારણે કોઈ તેની પાસે જતું નહીં, કોઈ સંભાળ રાખતું નહિ. સાસુની આ દયાજનક સ્થિતિ સહન ન થવાથી અગિયાર વર્ષની આ વહુ સતત તેની સેવામાં રહેવા લાગ્યાં. પોતે હાથે ખાંડીને મોરથૂથૂ તથા ખાંડ મૂકી હાથપગમાં પડેલા જીવડા કાઢતાં ને ધોઈને પાટા બાંધતાં. સાસુથી હાથે ખવાતું નહિ તેથી આ વહુ પોતાને હાથે કોળિયા ભરાવતાં, તેમનાં ઠામવાસણ માંજતાં, નવડાવતાં ને કપડાં ધોઈ આવતાં.

સાસુનો રોગ ચેપી છે તેની તેને જાણ હતી, પણ એને ખબર નથી તેમ ઘરનાં બધાં માનતાં. આથી સસરા ને પતિ એને અણસમજુ ગણી દુઃખ દેતા ને કહેતા: 'જો તને એ રોગ લાગુ પડશે તો એ ડોશીને તો ઘરમાં રાખી પણ તને ઘરમાં નહિ રાખીએ.' જવાબમાં તે કહેતાં: 'મને આ સંસાર, આ રોગ કરતાં પણ વધુ દુઃખદાયક છે. માટે ખુશીથી ઘરમાંથી કાઢજો. પણ આ માતુશ્રીએ તમને ચાર ભાઈઓને જન્મ આપ્યો છે, પાળીપોષી મોટા કર્યા છે, એ ગુણનો બદલો આપણે ક્યારે વાળશું? માટે મારી તેમની સેવામાં વિઘ્ન ન નાખતા. આપ બીજી સ્ત્રી સાથે લગ્ન કરી ગૃહસ્થાશ્રમ ચલાવજો. હું તો આપણાં માતુશ્રીની પૂર્વજનમની પુત્રી છું ને તેમની સેવા કરવા માટે તમારી ધર્મપત્ની થઈ આવી છું.'

આવાં સીધાં વાકયોથી ઘરમાં બધાં ગુસ્સે ભરાતાં અને મારતાં. એક વખત તો પતિએ તે મૂર્છિત થઈ પડયાં ત્યાં સુધી માર માર્યો. ત્રાસ સહન ન થવાથી કસ્તૂરબેને ગળે ફાંસો ખાધો. એના ગળાનો ઘરડ ઘરડ થતો અવાજ સાંભળી બારણું ખેડવી પતિ જયરામભાઈ અંદર આવ્યા, દોરડું કાપી નાખ્યું ને ગળાનો ફાંસો છોડી નાખ્યો, પણ કસ્તૂરબેનને ત્રણ દિવસે શુદ્ધિ આવી.

ચેપી રોગવાળાં સાસુની સેવાને મોક્ષનું સાધન ગણી તેઓ ભાવથી સેવા કરતાં. ઘરનાં માણસો સાસુને પેટપૂરતું ખાવા ન દેતાં પણ તેઓ પોતાને માટે રાખ્યું હોય તે છાનુંમાનું સાસુને ખવડાવી દેતાં. મુંબાઈથી પોતાની માતા પાસેથી પૈસા મંગાવી સાસુને સંતોષતાં. અગિયારમે વર્ષે સાસરે આવેલાં તેથી મુંબાઈથી માતા પિયર તેડી જવા આવેલાં પણ દુખિયારી સાસુની સેવા મૂકીને એ પિયર ન જ ગયાં. ઓગણીસમે વર્ષે તેમને સીમંત આવ્યું ને પિયર ગયા પછી પંદર જ દિવસે સાસુએ દેહત્યાગ કર્યો. તે જ રાત્રે કસ્તૂરબેનને રાત્રે સ્વપ્નમાં આવી સાસુએ કહ્યું: 'બેટા કસ્તૂર, કસ્તૂર, કસ્તૂર, તેં મારું ઋણ આપી દીધું છે. હવે હું જાઉં છું, પ્રભુ તારું કલ્યાણ કરો.' વળતી સવારે તેના મૃત્યુના સમાચારનો પત્ર આવ્યો. સાસુની સેવા થઈ શકી તેનો તેમને સંતોષ હતો. આ પછી ત્રણ વર્ષે તેમને એક પુત્ર થયો. તેનું નામ કૃપાશંકર (સં. ૧૯૪૬.) આપણી પ્રાચીન આધ્યાત્મિકતાની આ જીવંત મૂર્તિ પણ જોવા જેવી છે.

કસ્તૂરબેનને પોતાનો દિયર ઘરભંગ થતાં ખેદ થયો કે પોતાને ત્યાં તથા જેઠોને પુત્ર છે પણ દિયરને નથી. બાળ વયે તે વિશાળ થઈ ગએલાં ને તે પછી સાસુને પત થવા છતાં કન્યાનાં માવતરો બાંધેલો સંબંધ એ કાળે તોડતાં નહિ. પણ હવે એ પતવાળીના છોકરાને બીજી કન્યા મળે તેમ ન હતું. આથી તેમણે સંકલ્પ કર્યો કે જો પોતાને પુત્રી થાય તો સામસામી આપીને દિયરને પરણાવવો. સં. ૧૯૫૨માં પુત્રી મુક્તાગૌરીનો જન્મ થયો, તેની અઢી વર્ષની વયે જાતે ઘોઘા પાસે ભૂંભલી ગામે જઈ પુત્રીનું સગપણ કરી ત્યાંની પંદર વર્ષની કન્યા વેરે દિયરને પરણાવ્યા. પણ આ દિયર સુધ્ધાં કસ્તૂરબેનના નિર્મળ ને નિરંકુશ ભગવદ્ભાવને પરખી ન શકયા.

મુક્તાગૌરીના જન્મ પછી કસ્તૂરબેનનું મન વ્યવહારમાંથી ઊઠી ગયા જેવું હતું. એકલાં બેઠાં રામનામની ધૂન લીધા કરે, પદભજન રચે ને ગાય. ગુરુ પાસે દીક્ષા લઈ સાધના કરવી જ જોઈએ એવી ઉત્કટતા થવાથી સિહોરમાં સુંદરજી મહારાજ પાસે રહ્યાં, પણ પોતાના માર્ગના

એ ન લાગવાથી એમને છોડી દીધા. તે પછી એક પરમહંસ ગણુાનંદજી મળ્યા. તેમને ભક્તિથી ઘેર રાખી, સેવા કરી ઉપદેશ સાંભળ્યો. પણ તે પરમહંસને કામાસક્ત જોતાં તેનો તિરસ્કારપૂર્વક ત્યાગ કર્યો. ત્યાર બાદ પાલીતાણા પાસે ચરડિયા વડની જગ્યામાં હનુમાનદાસ નામે મહાત્માને સાધ્યા અને પોતાના પતિને નિત્યની પેઠે સમજાવતાં કહ્યું: 'પૂર્વના મંદ સંસ્કારને અંગે અવિદ્યાના અંગરૂપ આ સ્ત્રીશરીર પ્રાપ્ત થયું છે. આપ માલિક છો. આપની આજ્ઞાનુસાર સર્વ ધર્મોનું અવલોકન કરવું એ મારી ફરજ છે. પણ આપણા આત્મકલ્યાણ માટે આ મહાત્માની દીક્ષા લઈ આપણે બન્ને સંસારસાગર પાર કરીએ.'

પતિએ સહર્ષ સંમતિ આપી. રોજના સમાગમથી સ્ત્રીનો ભક્તિભાવાવેશ તે હવે સમજવા લાગ્યા હતા. બન્નેએ દીક્ષા લીધી. માર્ગીપંથ, કબીરપંથ, નાનકપંથ, પુષ્ટિમાર્ગ, શક્તિપંથ વગેરે બને તેટલા સર્વમાંથી પોતાને ઉપયોગી સાર ગ્રહી લીધો. આ સાધનાના કાળમાં ઘરકામ ભૂલાઈ જતાં, પોતાનું ભાન ચાલ્યું જતું.

'હસતાંરમતાં પ્રકટ હરિ દેખું રે, મારું જીવ્યું સફલ તવ લેખું.'

આ ભાવમાં જ નિમગ્ન રે'તાં. આથી પતિએ રસોઈ તથા ઘરકામ માટે બે બાઈઓ રાખી. એકાન્તનું વાતાવરણ મકાનમાં લાગતું નહિ, તેથી ફળીમાં ગુફા બનાવડાવી તેમાં તે ધ્યાનમાં બેસવા લાગ્યાં. પોતે ભજનો રચતાં, ઊંચે મધુર કંઠે ઘણું સરસ ગાતાં. ત્યારે વડીલો સાંભળે તેની દરકાર ન રહેતી. મન થતાં ભજનમંડળીઓ બોલાવી ઘેર ઉતારો રખાવી રાતભર ભજનનીરમઝટ પણ મચાવતાં. ગુરુને પણ થોડો વખત પોતાને ત્યાં રાખેલા.

કુલવધૂના આ ઢંગ રૂઢિરત્ત વડીલોને સુસંગત ન લાગે તે સ્વાભાવિક હતું. કુલવધુના નિર્મળ ભક્તિના આવેશને પરખી યોગ્ય વ્યવહારથી કામ લેતાં વડીલોને ન આવડયું. એ તેમની અવળચંડાઈ નહિ પણ મર્યાદા હતી. એક વખત ઘરમાં જયરામભાઈની હાજરી ન હતી તે વખતે જેઠ રણછોડભાઈએ આવી કસ્તૂરબેન તથા સાધુઓને ગાળો દઈ કહ્યું: 'આવા સાધુ તારે ઘેર રહે છે તેથી નિંદા થાય છે. તું સાધુઓને રજા દે...નહિ તો મારું માથું ફોડી તારે દરવાજે લોહી છાંટીશ.'

પોતાનું માથું ફોડવામાં કુલઆબરૂ ન જળવાવાનું દુ:ખ મુખ્ય હેતુ તટસ્થને લાગે. પણ પોતાના ભક્તિકર્મમાં જેઠ વિઘ્ન નાખે છે એમ લાગવાથી કસ્તૂરબેન ત્યારે શાક સમારતાં હતાં તે ચાકૂ લઈ બેઠાં થયાં ને કહ્યું: 'જે ભક્તિ કરું છું તે શિરને સાટે છે, ને સાધુઓ પણ તેવા જ છે. લો આ ચાકું. લોહી છાંટવું હોય તો છાંટો.' એમ કહી લાજ છોડી દીધી. આથી જેઠ ચાલ્યા ગયા. પછી દિયર આવ્યા ને કહ્યું: 'મીરાંબાઈ પેઠે આઠ આનાનું અફીણ પીને મરી જા ને.'

કસ્તૂરબહેને કહ્યું: 'મીરાંબાઈને ઝેર પાનાર ક્ષત્રિય બેટો રાણોજી હતો. એવી શક્તિ જો તમ ભિક્ષુક બ્રાહ્મણમાં હોય તો પાઓ. મારે તો જાતે પીવું નથી ને પાઓ તો ના નથી':

'જીવું તો ભક્તિ કરું ને મરું તો પદ પાઉં,
બેઉ હાથમાં લાડવા, જે ભાવે તે ખાઉં.'

તે વખતે બૂઢણેથી દેશળજી નામે કાઠી આવેલ તેને ક્રોધ ચડી ગયો. તલવાર પર હાથ નાખી તેણે કહ્યું: 'આ દેવી પર જુલ્મ ગુજારો છો તેનું પરિણામ આ વખતે જ બતાવી દઉં.' ને દિયર ચાલ્યા ગયા.

પણ લોકો તેમને દેવી ગણી પૂજતા, તેમની માનતા રાખતા, પોતાને ત્યાં આમંત્રી પૂજા કરતા. ઉપરના પ્રસંગને વળતે દિ' ગામમાંથી આવી જયરામ ભટ્ટે કહ્યું: આપણે આ ઘરનું રૂપાન્તર કરવું છે.' કસ્તૂરબહેને પૂછ્યું: 'એમ કેમ બોલો છો?' પતિએ કહ્યું: 'વડીલબંધુએ મને બોલાવીને કહ્યું કે તું જયરામ ભટ્ટ મટીને જયરામદાસ થા, તારા ઘરનું મંદિર કરી, શંખ, ઝાલર, નગારાં વગેરે વગડાવ ને ઘર પર ધરમની ધજા બાંધ'.

ને પછી એ તુરત સિહોર જઈ ઝાલર નગારાં લઈ આવ્યા ને ત્રીજે દિવસે ઘરમાંથી શંખ ફૂંક્યો ને લીલી ધજા ઘર પર ફરકાવી. આથી જયરામભાઈના ભાઈઓ તથા તેમના મિત્ર બ્રાહ્મણો વારંવાર ફોજદાર પાસે ગયા ને 'તેને ઘેર સાધુઓનો ઉતારો રહેવો ન જોઈએ. નહિ તો એને જ્ઞાતિ બહાર કરશું'. વગેરે દલીલો કરી. પણ ફોજદારે તેઓને પોતાના અધિકારની મર્યાદા સાથે વાત સમજાવી નરમ પાડયા.

ટાણાથી છ ગાઉ દૂર વાળુકડ ગામે ગુરુને મળવા કસ્તૂરબેન એક આઠ વર્ષના છોકરાને લઈને નીકળ્યાં. સાથે જે છોકરો હતો તેના બનેવીનું નામ રામકૃષ્ણ. તે ભીકડાથી રસ્તામાં સાથે થઈ ગયો. માર્ગમાં તડકામાં એક ઝાડ તળે સૌ આરામ કરવા બેઠાં. ત્યારે રસ્તે નીકળનાર કોઈ રજપૂતે કહ્યું: 'તમારી પાસે દાગીના છે. અહીં ન બેસો, કારણ કે ગઈ કાલે જ અહીં સાધુઓના લોટની કાવડ લૂંટાઈ હતી.' પણ એ સલાહને અવગણીને તેઓ બેઠાં રહ્યાં. એવામાં આડબીડમાંથી એક સિંધી મુસલમાન કડિયાળી ડાંગ લઈ દોડતો આવ્યો. રામકૃષ્ણ તેને મારવા બેઠો થતો હતો તેને રોકી કસ્તૂરબેને એ નજીક આવ્યો એટલે કહ્યું: 'તડકામાં થાકીને આવે છે તો તેને થોડો વખત બેસવા દે'. પેલો બેઠો એટલે રામકૃષ્ણને કહ્યું: 'ભાઈને બીડી પા.' પેલાએ બીડી લીધી નેકસ્તૂરબેને ગાવું શરૂ કર્યું:

'ગાફિલ, ક્યું સમજ્યો નહીં, ખુદાસે મહોબત બી ન કી...'

આ ગીત ચાલ્યું ત્યાં સુધી બીડી હાથમાં જ રહી, પિવાઈ નહિ. ગીત પૂરું થતાં તે રોઈ પડયો. રડવાનું કારણ પૂછતાં તેણે કહ્યું: 'હું ઘણો પાપી છું. મેં જ ગઈ કાલે સાધુના લોટની કાવડ લૂંટેલી. તમને લૂંટવા જ આવેલો. પણ તમે આ ગાયું. મેં સાંભળ્યું. હવે મારામાં તાકાત નથી. આવાં કામની આદત પડી છે. હું ક્યારે છૂટીશ? હવે તો તમે જ મારી મા છો.'

કસ્તૂરબેને તેને આશ્વાસન આપી સાથે લીધો, ને રસ્તો બતાવવા બોલાવેલા રામકૃષ્ણને રજા આપી. પેલાને રસ્તાની ખબર હતી એટલે જવાબદારી તેને જ સોંપી. એ આડરસ્તે લઈ જાય છે તેવું યે લાગેલું, પણ પહોંચ્યા પછી ખબર પડી કે તે ટૂંકે માર્ગે દોરી ગએલો. ગુરુને આશ્રમે લઈ જઈ તેને જમાડયો, વળતે દિ' રજા આપી.

ત્રણ દિવસ રહી એ નીકળ્યાં. રસ્તામાંથી ઊલટ ચડતાં સીધા માળનાથ ગયા. ખોખરાના ડુંગરની ગાળીમાં અજાણ્યા માણસને ન જડે એવું એ મંદિર છે. એ મંદિરે કોઈ રે'તું નહિ. પણ એમણે એ ખોળી કાઢયું ને ત્યાં રોકાયાં. બાજુના કૂંડમાં દીપડો પાણી પીવા આવ્યો ત્યારે તે નજીક સૂતાં'તાં. ત્યાંથી મંદિરમાં ગયાં. ત્યાં ૐકારના ધ્વનિ કાને પડવાથી નાચવા લાગ્યાં, તે પછી થાળાનું ઓશિકું કરી સૂઈ ગયાં. રાત'દિ ભજન ગાયા કરતાં. પતિએ શોધ માટે મોકલેલાં માણસોમાંથી બે માણસો ખોખરાના ડુંગરામાં તપાસે આવેલા તેમને ગોવાળોએ જણાવ્યું કે મંદિરમાં ત્રણ રાતથી કોઈ બાઈ છે તેનો ગાવા ને રોવાનો અવાજ વારંવાર સંભળાય છે. આમ ભાળ લાગી ને તે તેમને પાછાં ટાણે લઈ આવ્યા.

એક વખત ટાણેથી ખોખરા ગામે કોઈની કાણે એક બાઈની સાથે કસ્તૂરબેન જતાં હતાં. રસ્તામાં ઊંડવીને નહેરે થાક ખાવા બેઠાં, ત્યાં ત્રણ માણસોએ આવી ઘેરી લઈને કહ્યું: 'તમારા બધા દાગીના ઉતારી દો.'

કસ્તૂરબેને દાગીના ઉતારી આપ્યા તે લઈ એ લોકો પાંચેક કદમ ચાલ્યા ત્યાં પાછળથી કસ્તૂરબેને બોલાવ્યા: 'ભાઈ, ઊભા રહો; હું તમારી ચોર છું'. કહી કાનના વચલા ભાગનાં ફૂલ કાઢી તેના હાથમાં દીધાં, એ ફૂલ જેણે લીધાં તેણે બીજા બેને કહ્યું: 'તમે જાઓ, આમાં તમારો ભાગ નથી.' એ ગયા ને પેલાએ કહ્યું; બેન, લ્યો આ તમારા દાગીના. તમે અમારાં ચોર નથી, અને અમે તમારા ચોર નથી, પણ પ્રભુના ચોર છીએ.'

જયરામભાઈ અમુક વખત મહાદેવના પૂજારી તરીકે રહેલા ત્યારે ગામમાં ન રહેતાં, પતિપત્ની બંને રાજપરા ગામની બાજુના ખોડિયાર મંદિરે

કાંઠમાં આવેલા નિર્જન મંદિરના સ્થળે રહેતાં. સાધના માટે એકાન્ત પ્રિય હતું. મહારાજા ભાવસિંહજીની જન્મતિથિ ચૈત્ર વદ ૫. રિવાજ એવો હતો કે પોતાના જન્મદિવસે આ ખોડિયારના મંદિરે બકરો વધેરીને મહારાજા તેનો પ્રસાદ લેતા. એ રીતે વરતેજનો ફોજદાર તથા એક માણસ બકરો લઇને મંદિરે આવ્યા. કસ્તૂરબેનને જાણ થઈ, તે એકદમ સીધાં ધસી ગયાં ને પુણ્યપ્રકોપથી કહ્યું : 'આ મંદિર માતાજીનું છે. માના મંદિરમાં કોઈ જીવની હત્યા ન હોય. હું બકરો વધેરવા નહિ દઉં.'

ફોજદારે કહ્યું : 'આ મહારાજાનું કામ છે એટલે કર્યા વગર છૂટકો નથી. કોઈથી આડું અવાય નહિ.' 'તો' કસ્તૂરબેને કહ્યું : 'મારું બ્રાહ્મણીનું માથું પહેલાં વાઢી લો. હું જીવું છું ત્યાં સુધી આ મૂંગા જીવની હત્યા નહિ થવા દઉં. જઈને કહો મહારાજાને. એ પણ મારી વાત માનશે.'

મહારાજા સંમત થયા, રાજી થયા અને એ પછીથી ખોડિયાર મંદિરે બકરાનો બલિ દેવાની પ્રથા બંધ થઈ.

દર વર્ષે આખો શ્રાવણ માસ કસ્તૂરબેન પોતાને ત્યાં ઠાકોરજીનો હીંડોળો રાખતાં. દર્શને આવનારે ભેટ ન ધરવી તેવો નિયમ હતો. આ રીતે એક શ્રાવણ માસ વીત્યા પછી મોટા ભાઈ રણછોડે જયરામને બોલાવી કહ્યું : 'તારી સ્ત્રી દુકાન માંડીને બેઠી છે ને નટડીની પેઠે નાચે છે. કોઈની લાજશરમ નથી રાખતી. માટે એને ભક્તિ કરવી હોય તો ઘરમાં દીવો કરીને કરે ને તું ઠાકોરજીને રસ્તામાં નાખી આવ.'

પતિએ ઘેર આવી ઠાકોરજીને ફળિયામાં ફેંકી દીધા. રાતના આઠ થયા હતા. કસ્તૂરબેન ઠાકોરજીને વીણી પોતાના ગુરુ પાસે મૂકવા ગયાં ને કે'તાં ગયાં 'મારી ગુફા પાડી નાખશો મા.' પણ રાત્રે એક વાગ્યા પછી આવીને જોયું તો ઘરનાં માણસોએ ગુફા પાડી નાખી હતી.

આથી કસ્તૂરબેનને વૈરાગ્ય થઈ આવ્યો. પતિ સામે એ કદી થતાં નહિ અને પતિ પણ ધીમે ધીમે અનુકૂળ થતા જતા હતા. છતાં ક્યારેક ભાઈઓના ચડાવ્યા ચડી જતા. કસ્તૂરબેન પુત્ર કૃપાશંકર અને ભાઈના પુત્ર ઉમિયાશંકરને લઈ ઘર છોડી નીકળી ગયાં ને છેક નર્મદાકાંઠે શુક્લતીર્થમાં જઈ રહ્યાં. ત્યાં ગામમાં પ્લેગ હતો અને માણસો વાડીમાં રે'તાં. તેઓ પણ એક આંબા નીચે રહેવા લાગ્યાં ને એમ માહ માસની આકરી ઠંડીમાં દોઢ માસ ગાળ્યો. દિ'રાત ભજન કરવાની ટેવ, ને ભક્તિજ્ઞાન હોવાથી પરિચય વધવા લાગ્યો. ત્યાંના ૐકારેશ્વર મંદિરના પૂજારી રોજ ભજનમાં આવતા. તેમની વિનંતીથી તેનાં કાકી દિવાળીબહેન જેણે દીકરા ને દીકરાની વહુને પ્લેગમાં ગુમાવ્યાં હતાં તેને ત્યાં મળવા ગયાં. ત્યાં ઓળખાણ તાજી થઈ, બંને મુંબાઈમાં જીવરાજ બાલુની સ્કૂલમાં સાથે ભણેલાં. દિવાળીબેનના ખૂબ આગ્રહને વશ થયાં, પણ પતિને મૂકીને ચાલી નીકળેલાં એટલે પાછાં ટાણે જઈ પતિ તથા પુત્રીને તેડી લાવ્યાં ને ત્રણ માસ રહ્યાં.

ૐકારેશ્વરના મંદિરમાં એક વાર હકમોજી નામે એંશી વર્ષનો એક વૃદ્ધ ભગત ઘણા કાળના પરિચિત પેઠે મળ્યો. છેલ્લાં સાત વર્ષનું મૌન તોડી તેણે કહ્યું : 'ગુરુપત્નીએ અવસાન વખતે મને રડવાની ના કહીને કહેલું કે મૌન વ્રત પાળી ફળાહાર પર શુક્લતીર્થમાં જ રે'જે. તારું અધૂરું સાધન પૂરું કરાવનાર તને ત્યાં જ મળશે.' એ કસ્તૂરબેનનો શિષ્ય બની રહ્યો. કસ્તૂરબેન મંદિરમાં ભજન ગાતાં ત્યારે એ પગે ઘૂઘરા બાંધી નાચતો ત્યારે વૃદ્ધ છતાં તેમાં એને બિલકુલ પરિશ્રમ લાગતો નહિ.

એ ત્રણ માસ દરમિયાન ઊંચડિયા તથા ઇન્દ્રકેશ્વર મહાદેવ કે જે સ્મશાનમાં આવેલા છે ત્યાં ગુફામાં મધરાતે સાધના કરવા વગેરેનો અનુભવ લઈ તેઓ પાછાં ટાણે આવ્યાં ને કુટુંબનાં સાઠસિત્તેર ઘરને જમાડવા ઇચ્છા કરી. બીજા બ્રાહ્મણોએ હા કહી, પણ મોટા ભાઈ રણછોડ ન માન્યા. રસોઈ તૈયાર થતાં કસ્તૂરબેન જેઠાણીને પગે પડી મનાવવા ગયાં, પણ એ માન્યાં જ નહિ. પંચ લઇને ફોજદાર પણ આવેલા. તેમાંથી કોઇએ જેઠાણીને કહ્યું : 'પૂરીબેન, અમે તો ધારતા'તા કે રણછોડજી (પૂરીબેનના પતિ) ને ગોપાળજી (દિયર) અણસમજું છે, પણ તમે તો સમજુ છો.'

ત્યારે વચમાં પડી કસ્તૂરબેને કહ્યું : 'મારા સાસરિયા કુટુંબ વિષે એમ ન કહેશો. અમારા સસરાનું નામ પુરુષોત્તમ, એટલે બધા પુરુષોમાં ઉત્તમ. તેના વડીલ પુત્ર રણછોડજી એટલે ચોરાશીનું ઋણ છોડાવનાર. તેમનાં સ્ત્રી પૂરી એટલે મારી ભક્તિ પૂરી થશે. ને તો જ—

ભક્તિ કરત પાતાલમેં, પ્રગટ હોત આકાશ;
દાબી દૂબી નહિ રહે, કસ્તૂરીની વાસ.

પરંતુ જેઠાણી ન માન્યાં. ઊલટું સંભળાવ્યું: 'તારા ગોળાનું પાણી હરામ છે.'

બીજે દિવસે એ પૂરીબેનની દીકરી મણિને કૉલેરા થયો. કસ્તૂરબેનને ખબર પડવાથી પતિ સાથે રાત્રે ત્યાં ગયાં. મણિને કાકી પર બહુ પૂજ્યભાવ હતો એટલે તેને સાકર-જીરું વાટીને પાવાનાં હતાં તે 'કાકી પાય તો સાજી થઈ જાઉં' એમ તેણે હઠ કરવાથી કસ્તૂરબેને તે પાયું. પછી દોઢ-બે કલાકે આરામ થયો. આગલે દિ' પોતે જમવા ન ગયાં ને દેરાણીને કઠણ વચનો કહેલાં તેનો પૂરીબેનને ત્યારે પશ્ચાત્તાપ થયો.

પુત્રી મુક્તાને આઠમું વર્ષ બેસતાં તેને પરણાવી સંસારમાંથી નિવૃત્તિ લેવાનો સંકલ્પ પતિને કહ્યો. બહુ નાની વયે દીકરીનાં લગ્ન કરતાં હોવાથી વડીલોએ સાથ આપવા ના કહી, તો યે લગ્નની તૈયારી કરવા લાગ્યાં. એવામાં ચૈત્ર માસમાં ખુઘેલ ગામે રામચંદ્રજીના મંદિરે તેમના ગુરુ રહેતા, ત્યાં રામનોમ પર આવી જવા, મંદિર બંધાવનાર દેવચંદ પ્રેમજીએ આમંત્રણ મોકલ્યું; પણ કસ્તૂરબેનની આંખો આવેલી એટલે ના લખી નાખી. પરંતુ રાત્રે આંખે ભરણ ભરી સૂતાં ને મધરાતે એકાએક જાગી જઈ પતિને જગાડીને કહ્યું : 'આપણે વહેલી સવારના ગુરુદેવ પાસે જવું છે.' પતિએ હા કહી. ચાલીને જતાં મધ્યાહ્ન થયો. મંદિર નજીક જતાં ત્યાંથી આવતાં માણસોએ ગુરુદેવને પ્લેગ થયાના ખબર આપ્યા. પત્નીને થતી ચમત્કારિક સ્ફુરણાનું પતિને એક વધુ દૃષ્ટાંત મળ્યું. જગ્યા ગામથી પોણો ગાઉ દૂર એકાંતમાં હતી. ત્યાં ઊંદરો પડતા હોઈ પતિને રજા આપી પોતે એકલાં ગુરુની સેવામાં રહ્યાં. આપસૂઝથી કુંવારના લાપરામાં મીઠું હળદર વગેરે વાટી, મરકીની ગાંઠ પર બાંધી, મીઠાની પોટલીનો એકધારો શેક કરવો શરૂ કર્યો, ને પ્રભુકૃપાથી ગુરુને સારું થયું.

ગુરુ પાસે પંદર દિ' રહી, ટાણે જઈ દીકરી મુક્તાનાં લગ્ન કરી, પતિને ઘણી વિનતિથી સમજાવ્યા ને તેમને ગુરુપદે સ્થાપી, જાતે સીવી રાખેલી કફની તેમને હાથે પહેરી, ગામને પાદર ભીડભંજન શિવાલયમાં જઈ રહ્યાં. પતિની ઇચ્છાને માન આપી, જેઠ રણછોડભાઇને ત્યાં સાંજે ભિક્ષા માગવા ગયાં. ચરણથી ગળા સુધીની કફની, છૂટા કેશ, ને હાથમાં તૂંબીપાત્ર લઈ ઊભી બજારે એ નીકળ્યાં ત્યારે લોકો બેઠા થઈ ગયા. થોડાક તો રડીને ચરણમાં પડયા. કુટુંબમાં જે તેમના આચાર માટે ઉદ્વેગ હતો તે સહુ ઓસરી ગયો. જેઠદિયર સહિત આખા કુટુંબને પશ્ચાત્તાપથી રડવું આવ્યું. પતિએ પણ તે પછી બેત્રણ વરસે સંન્યાસ લઈ લીધો. □

હરિ: ૐ આશ્રમ તરફનાં
માર્ચ અંક માટેનાં રૂ. ૫૦-૫૦નાં બે પારિતોષિકો

જીવનચરિત્ર પારિતોષિક
'કવિ દલપતરામ'ના લેખક શ્રી ધીરુભાઈ પરીખને અને
વ્યક્તિ-ઘટનાચિત્ર પારિતોષિક
શ્રી સુકુદરાય પારાશર્યને આપવામાં આવ્યાં છે

શતરંજ

૧૯૭૦ની શતરંજની કોયડા-હરીફાઇનું પરિણામ

આ હરીફાઈમાં ૧૯૭૦ના વર્ષ દરમિયાન દર માસે એક એમ કુલ ૧૨ કોયડા આપવામાં આવ્યા હતા. જેમાં ૩ બે ચાલવાળા, ૩ ત્રણ ચાલના સીધા મ્હાતવાળા, ૩ અંતની પરિસ્થિતિને લગતા અને ૩ Fairy કોયડાઓ હતા. દરેક કોયડાના ૧૦ ગુણ (બારે કોયડાના મળી કુલ ૧૨૦ ગુણ) રાખેલા અને અધૂરા ઉકેલના ઉકેલ પ્રમાણે ગુણ આપીને બાર કોયડામાં વાચકોએ મેળવેલા ગુણના સરવાળા પ્રમાણે સૌથી વધુ ગુણવાળા જે પહેલા ત્રણ જણ આવે તેમને પારિતોષિક આપવાનું ઠરાવ્યું હતું.

હરીફાઇમાં કુલ ૬૩ વાચકોએ ભાગ લીધો. જેમાં બારેબાર કોયડાના ઉકેલ મોકલનાર ૬ જણ જ હતા. જ્યારે ૨૯ વાચકોએ ફક્ત એક એક કોયડાનો જ ઉકેલ મોકલ્યો હતો. આ રીતે બધા મળીને વર્ષ દરમિયાન ૨૪૭ ઉકેલ મળેલા, એટલે કે સરેરાશ ૨૦ ઉપરાંત ઉકેલ આવતા હતા. પણ શરૂઆતમાં વધુ ઉકેલ આવ્યા હતા અને અંતે ઓછા થતા ગયા હતા. આનું એક કારણ કોયડા ઉત્તરોત્તર વધુ અઘરા હતા એ, અથવા તો પ્રકટ થતા ઉકેલો પરથી વાચકોને લાગ્યું કે હવે તેમને પારિતોષિક મળવાની તક રહી નથી એટલે ઉકેલ મોકલવા બંધ કર્યા હોય એ શક્ય છે. પહેલા કોયડાના ૩૯ અને છેલ્લા બારમાના ફક્ત ૯ ઉકેલ મળ્યા હતા. વિદેશના વાચકો તરફથી એક જ ઉકેલ મળ્યો હતો.

હરીફાઈમાં ભાગ લેનાર બધા વાચકોનાં નામ તેમણે મેળવેલા ગુણ અને તેમણે કેટલા ઉકેલ મોકલ્યા હતા તેની માહિતી આ સાથે આપી છે. વાચકોને ગુણ પ્રમાણે ગોઠવ્યા છે. જેમના સરખા ગુણ હોય પણ તેમણે ઉકેલ ઓછા વધતા મોકલ્યા હોય તો ઓછા ઉકેલ મોકલનારને પહેલા ગોઠવ્યા છે. ગુણ અને ઉકેલ બન્ને સરખા હોય તેવા વાચકોના જૂથને નંબર આપ્યા છે. છ વર્ષ પહેલાંની આવી જ હરીફાઈના વિજેતા ડૉ. ઇન્દ્રવદન મોદી આ વખતે ત્રીજું પારિતોષિક મેળવે છે તો તે વખતના બીજા પારિતોષિક વિજેતા ભૂજના મહેન્દ્ર મહેતાને આ વખતે પહેલું પારિતોષિક મળે છે. ભાવનગરના વિદ્યાર્થી દિલિપ આહલપારાને બીજું પારિતોષિક મળે છે. આ ત્રણેને અભિનંદન.

હરીફોનાં નામ અને તેમણે મેળવેલા ગુણ (નામને છેડે કૌંસમાં મૂકેલી સંખ્યા એમણે મોકલેલા ઉત્તરોની સંખ્યા દર્શાવે છે.)

૧ મહેન્દ્ર મહેતા, ભૂજ–૧૦૭½ ગુણ (૧૨); ૨ દિલિપ આહલપારા, ભાવનગર–૧૦૪ ગુણ (૧૨); ૩ ડૉ. ઇન્દ્રવદન મોદી, ભાવનગર–૯૯½ ગુણ (૧૧); ૪ લક્ષ્મણ હરિરામ, અમદાવાદ–૯૪ ગુણ (૧૨); ૫ બિપિન પટેલ, અમદાવાદ–૯૧ ગુણ (૧૨); ૬ નટવરલાલ સૌદાગરા, અમદાવાદ–૮૯ ગુણ (૧૨); ૭ ભૂદરભાઈ ચાવડા, વિરમગામ–૮૪½ ગુણ (૧૨); ૮ કલ્યાણભાઈ મૂલિયા, વિરમગામ–૮૦ ગુણ (૧૧); ૯ શાંતિલાલ સોલંકી, અમદાવાદ–૭૮ ગુણ (૧૦); ૧૦ મહેન્દ્ર મહેતા, મુંબાઈ–૫૯½ ગુણ (૭); ૧૧ કિરણ શાહ, નડિયાદ–૫૬½ ગુણ (૯); ૧૨ અક્ષરકુમાર વૈદ્ય, ભૂજ–૫૫½ ગુણ (૭); ૧૩ કિશોર ગાંધી, કાલાવડ–૫૧ ગુણ (૯); ૧૪ ગોપાલ તેરૈયા, અમરેલી–૮૪½ ગુણ (૬); ૧૫ મહેન્દ્ર ત્રિવેદી, કલોલ–૪૦ ગુણ(૯); ૧૬ દિનેશકુમાર પંચમિયા, રાજકોટ–૩૫½ ગુણ (૫); ૧૭ માણેકજી મોડાયા, મુંબાઈ–૩૧½ ગુણ (૫); ૧૮ હેમન્ત આચાર્ય, રાજકોટ–૨૮½ ગુણ (૫); ૧૯ મહેન્દ્ર રાવળ, ભાવનગર–૨૬ ગુણ (૩); ૨૦–૨૧ પી. જે. પંડ્યા, રાણાવાવ અને જયતિલક નાયક, રાયપુર બન્ને ૨૫ ગુણ (૩); ૨૨ અવિનાશ પટવર્ધન, અમરેલી–૨૪ ગુણ (૪); ૨૩ ગિરીશ માંકડ, અમદાવાદ–૨૪ ગુણ (૫); ૨૪ સુમન દોશી, કાલાવડ–૨૨ ગુણ (૩); ૨૫ ડૉ. એમ. બી. મોતીવાલા, અમદાવાદ–૧૭½ ગુણ (૪); ૨૬ એસ. એન. બાપોદરા, મહેસાણા–૧૭ ગુણ (૨); ૨૭ ધીરુભા ગોહીલ, ટાણા–૧૬½ ગુણ (૩); ૨૮ પ્રદિપ ભટ્ટ, ભાવનગર–૧૫ ગુણ (૨); ૨૯ ચંદ્રશેખર ઉપાસની, વડોદરા–૧૪½ ગુણ (૪); ૩૦ સુધીરકુમાર ભટ્ટ, ભાવનગર–૧૩ ગુણ (૩); ૩૧ કૃષ્ણલાલ સાંગાણી, ક્રેટર એડન, દ. યેમેન–૧૦ ગુણ (૧); ૩૨ ગોપાલ શાહ, પાદરા–૯½ ગુણ (૧); ૩૩–૩૭ રમેશચંદ્ર જાની–ભાવનગર, નવીનચંદ્ર મહેતા–મોરબી, ભરતકુમાર મહેતા–મોરબી, ભૂપેન્દ્ર ભાટિયા–મુંબાઈ તથા ચંદ્રકાંત ફીચડિયા–અમરેલી દરેકના ૯ ગુણ (૧); ૩૮–૪૨ હસુ વ્યાસ–કેશોદ, વિભૂતિ મહેતા–કેશોદ, ભરત પંડ્યા–લુણાવાડા, મધુકર કેદુંરકર–લુણાવાડા અને નિખીલેશ દેસાઈ–સુરેન્દ્રનગર દરેકના ૮½ ગુણ (૧); ૪૩–૪૪ હરકિશન મલકાણ–મોરબી અને અનિલ પટવર્ધન–અમરેલી બન્નેના–૮ ગુણ (૧); ૪૫–૪૮ દિલિપ મહેતા–મુંબાઈ, જીતેન્દ્રકુમાર કંસારા–આણંદ, અંજના શાહ–આણંદ અને રાજેન્દ્ર શાહ–મુંબાઇ દરેકના ૭ ગુણ (૧); ૪૯ મહેન્દ્રકુમાર તળાજિયા, ભાવનગર–૭ ગુણ (૫); ૫૦–૫૧ નલીન ઉદાણી–અમદાવાદ અને મુકેશ સરૈયા, અમરેલી બન્નેના ૬ ગુણ (૧); ૫૨–૫૩ અવિનાશ સોપારકર–અમદાવાદ અને ઇન્દુભાઈ પટેલ, કોચીન–૨ ગુણ (૧); ૫૪–૫૫ નન્દુભાઈ ખમાર–કડી અને અશોક ભણશાળી–૨ ગુણ (૨); ૫૬–૬૨ વિનોદ સોની–આણંદ, પ્રાણલાલ ખત્રી–માંડવી, નિરંજન મહેતા–મુંબાઇ, હરકિશન કાણકિયા–મુંબાઈ, રાજેન્દ્ર રાવ–રાજપિપળા, કુંજ ઝવેરી–કસ્બાપાર અને અશોક રાવળ–અમદાવાદ દરેકના ૦ ગુણ (૧); ૬૩ હરિકૃષ્ણ સેવક, પિપલોદ–૦ ગુણ (૨).

ત્રણે પારિતોષિક વિજેતાઓને પોતાનું પૂરું સરનામું કુમાર કાર્યાલયને મોકલવા વિનતિ. સર્વ વાચકોનો આભાર. **સુરેશ મોદી**

ઇડિપસ કૉલોનસમાં (અનુ. પૃ. ૧૨૧થી) ઝ્યૂસને ખોટો માનજો... ઍપોલોને જુઠ્ઠો માનજો...પણ...' ડોસો એકાએક અટકી ગયો. 'બસ ભાઈ. આથી વિશેષ તો મારે ય બોલવું ન જોઇએ. કેટલીક આણ સૌએ પાળવી પડે. તમે ય, ભલા થઈ ને, હવે મને વધુ પૂછશો નહિ... હા, પણ એટલી ખાતરી આપું છું, ઇડિપસને આશરો આપવાનું તમારું સત્કાર્ય ફળ્યા વિના નહિ રહે... તમે તમારું વચન પાળો, એટલે બસ.'

એને આશ્રય આપવા બાબતમાં તો હવે કોઈના મનમાં રજમાત્ર શંકા રહી નહોતી. થીસિયસે તો એની વિધિસર જાહેરાત પણ કરી. એના રક્ષણ માટે માણસો મૂક્યા. છતાં પૂછ્યું: 'તમારે મારી સાથે આવવું હોય તો ઍથેન્સમાં ચાલો.'

'ના, ના. મારે માટે નિયતિનિર્મિત સ્થાન તો આ જ છે.' ઇડિપસે ઇચ્છા વ્યક્ત કરી. એ મુજબ વ્યવસ્થા કરી રાજાએ વિદાય લીધી.

'પણ પેલા ત્રાટકશે, હોં.' ઇડિપસના મનમાં ભય હતો. રાજાએ એને સમજાવ્યો: 'મેં વ્યવસ્થા તો કરી છે જ; પણ તમે દેવસ્થાનમાં છો. કોઈની મજાલ નથી કે અમારા માણસ પર હાથ ઉપાડે.' રાજા ગયો.

'આ ધરતીનું પાણી તમે હજી જોયું નથી.' કૉલોનસના અગ્રેસરે કહ્યું, ને સૌ એમાં ભળ્યા. અહીં જેવાં વનો, પર્વતો ને નિર્ઝરો—નદીઓ ક્યાં છે? પાણીદાર તુરંગો ને સાગર નાથનાર સાગરખેડૂઓ, પવિત્ર વૃક્ષો ને ગાતાં બુલબુલો, દેવથાનકો ને...' પ્રશસ્તિ હજી ચાલત, પણ ઍન્ટિગોનીએ દૂર આંગળી ચીંધીને કહ્યું: 'મને લાગે છે કે આપણો કસોટી-કાળ આવી પહોંચ્યો છે.' 'શું?' ઇડિપસે પૂછ્યું.

'જુઓ.' એણે લોકોનું ધ્યાન દોર્યું. કોઈક રાજાનો રસાલો મારતે ઘોડે આવતો હતો. ને ઍન્ટિગોનીએ એને ઓળખ્યો, સૈનિકો સાથે એ નજીક આવી પહોંચ્યો. એ વૃદ્ધ, છતાં સશક્ત હતો. આટલા બધા લોકોથી વીંટળાઈ ને ઇડિપસને બેઠેલો જોઈ ને, પહેલાં તો, એ ડઘાઈ ગયો. પણ પછી એણે લોકોને નમન કરી, પોતાના આગમનનું કારણ કહ્યું: 'હું આમનો ખૂબ નજીકનો સગો છું, ને વૃદ્ધ છું, તેથી મારી પ્રજાએ મને અહીં મોકલ્યો છે આમને તેડવા. એમને અમારા ક્રોધનો ભોગ થવું પડ્યું, આ દીકરીને ય એની જુવાની આખી રઝળપાટમાં ઘસી નાખવી પડી, એનું મને પારાવાર દુ:ખ છે. આમને, આમ પારકા મુલકમાં ઓશિયાળા થઇને રઝળવું પડે એ અમારે માટે શરમનો વિષય છે.' પછી ઇડિપસને ને ઍન્ટિગોનીને સંબોધીને બોલ્યો: 'હવે, વડીલ, આ શરમને આપણે ઢાંકીએ. પાછા વતનમાં ચાલો. સૌએ તેડાં મોકલ્યાં છે. ઍથેન્સનું ઋણ આપણ સૌને માથે. એણે તમને શરણું આપ્યું; પણ વતન તો પહેલું. કેમ, સાચુંને?' એણે કૉલોનસના આગેવાનોને પૂછ્યું.

ઇડિપસના બોખા મોંમાંથી કટાક્ષભર હાસ્ય સરી પડ્યું: 'વાહ! ક્રિયોન, તારા શબ્દો તો પાણીપાણી કરે એવા છે, હોં! પણ આ શબ્દ-છલનામાં હજી યે હું ફસાઈશ, એમ તું માને છે? મેં માગ્યો ત્યારે ન આપ્યો, ને વતનની હૂંફ વળતી'તી ત્યારે તેં મને હદપાર કર્યો! તું મારો હિતેચ્છુ તો ખરો જ ને?! હવે, અહીં મને પાછો માંડ કરાર મળે એમ છે ત્યાં, તું અહીંથી મને હઠાવવા આવ્યો છે! વાહ, તારો પ્રેમ! ધિક્કારને છુપાવવાનું ઓઢું પણ બની શકે છે પ્રેમ! પણ મને એ ન ખપે એનું શું? પરાણે પ્રીત કાંઈ થોડી થાય? આ બધા કદાચ ન જાણતા હોય તો હું જાહેર કરું છું તારો ઇરાદો. તું આવ્યો છે તારી ભૂમિમાં મને લઈ જવા નહિ, તારી સરહદે મારા પાળિયાને ખોડવા, જેથી ઍથેન્સના ખોફમાંથી તમે ઊગરી જાવ ને આ ડોસાને લાગે કે એ વતન-ની નજીક છે!! તું કોને છેતરે છે, ખલ? તારી મુરાદ ક્યારે ય બર નહિ આવે. હા, આટલું બનશે: તારી ભોમ પર વરસશે મારો સદાનો શાપ. મારા પુત્રોની એ કબર બનશે. પિતાના વારસામાં એમને મળશે એટલી જમીન... તારા કરતાં હું વધારે સારી રીતે થીબ્સનું ભાવિ જોઈ શકું છું, એ તું માનીશ? તું અહીંથી ઝટ ટળ. રસ્તે પડ!' ક્રિયોનનું સ્વમાન ઘવાયું. 'વર્ષોની વેદના છતાં તમારામાં ભાન નથી આવ્યું. હું તો ભલાઈ કરવા આવ્યો, ત્યાં તમે શાપ વરસાવ્યો! ભલાઇનો જમાનો જ ક્યાં છે? ખેર!' અને એણે એના સિપાઇને હુકમ કર્યો: 'પેલી છોકરીને પકડી લો.' કૉલોનસના આગેવાનોએ એને રોકવા પ્રયત્ન કર્યો.

'હું તમારા માણસને તો હાથે ય અડાડતો નથી. આ છોકરી પર તો મારો અધિકાર છે.' એણે કહ્યું. સૈનિકોએ લોકોને દૂર ખસેડ્યા. એ મદદ માટે રાડો પાડતા જ રહ્યા. ઍન્ટિગોની પણ ચીસો પાડતી રહી. પણ કોઈનું કાંઈ ન ચાલ્યું.

'લઈ જાવ એને અહીંથી.' ક્રિયોને હુકમ કર્યો, ને સૈનિકો ઍન્ટિ-ગોનીને બળજબરીથી ઘોડા પર નાખી ચાલ્યા ગયા. ક્રિયોન ઇડિપસ તરફ જોઈને બોલ્યો; 'આની બહેનને તો મેં પહેલાં જ પકડી લીધી છે, હોં! એની મિથ્યા તપાસ ન કરતો. તને હું નથી પકડી શકતો એટલી મારી હાર હું સ્વીકારું છું. પણ આખા થીબ્સની ઇચ્છાને ઠુકરાવીને તું તારું ભાવિ પણ ઠુકરાવે છે! તું એકલો હવે રવડજે, જા!' કહીને એણે જેવું જવા માંડ્યું કે લોકો એને ઘેરી વળ્યા.

'ખસો'. એણે ત્રાડ પાડી. લોકો બોલ્યા: 'પેલી બન્નેને નહિ છોડો ત્યાં સુધી અમે તમને અહીંથી નહિ જવા દઇએ.'

'એ...મ!' કહીને એણે તલવાર વીંઝી. લોકો હટ્યા એટલે એણે લગામ ખેંચી. ઘોડો ઝાડ થઇને કૂદ્યો ને એક છલાંગે એ ઇડિપસ પાસે પહોંચી ગયો. વીજળીની ઝડપે એણે નીચે કૂદી, ઇડિપસનું કાંડું પકડી લીધું ને બોલ્યો: 'તમે મને રોકવા માગો છો, એમ? હું તમારા આ જણને પણ હવે તો નહિ છોડું. જોઉં છું મને કોણ રોકે છે!' એણે ઇડિ-પસને કાંડાથી કચકચાવીને પકડ્યો.

'ઓ...છોડ...હરામ...' ઇડિપસે ચીસ પાડી: 'દેવીઓ, માવડી, તમે ય નહિ મદદ કરો? ...જાલિમ, મેં મારી આંખો તો વર્ષો પહેલાં ફોડી નાખી છે, પણ તેં તો મારી બે જીવતી આંખોને ઉખાડી લીધી. તો, આ સૂરજદેવ તારી પણ આવી જ દશા કરો. તારા આખા કુટુંબની, તું તો મરતાં સુધી અંધાપો પામ...' ડોસાની કોપવાણીથી લોકો થરથર્યા, પણ ક્રિયોન, ઊલટો, વધારે ક્રોધે ભરાયો.

'હા દેવ! મારા પાસે હવે શાપ વિના બીજી કોઈ શક્તિ નથી! દયાળીઓ...આવો!'

ક્રિયોને વૃદ્ધને ઘોડે ચડાવવા પ્રયત્ન કરવા માંડ્યો, પણ એક હાથે પાસે આવતા લોકોને ખાળવા પડતા હોવાથી એમાં એ ન ફાવ્યો. આ ધમાલ ચાલુ જ હતી ત્યાં રાજા પોતાના સૈનિકો સાથે આવી પહોંચ્યો.

'શું છે? શાનો છે આટલો હોબાળો?' એણે પૂછ્યું. લોકોએ મારગ કર્યો, ને એણે જોયું કે ઇડિપસનું કાંડું કચકચાવીને ક્રિયોન ઊભો હતો!

'કોણ છો તમે? આ શું? છોડો એમનો હાથ.' એણે ક્રિયોનને હાકલ કરી. ક્રિયોને ઇડિપસનો હાથ છોડ્યો. 'હું તો દેવપૂજામાં બેઠો હતો; ત્યાં આ સાંભળ્યું, એટલે દોડી આવ્યો. છે શું?'

'આ થીબ્સના ક્રિયોન આમની દીકરીઓનું હરણ કરી ગયા.' લોકોએ કહ્યું. 'દીકરીઓ? કોણ લઈ ગયું?' 'આમના સૈનિકો'.

'સાચી વાત?' થીસિયસે ક્રિયોનને પૂછ્યું. ક્રિયોન ચૂપ રહ્યો.

'એ...મ? એણે એક સૈનિકને કહ્યું: 'જલદી જાવ, સૈનિકોને સાબદા કરો ને ખીણને મારગે આ લોકનો મારગ નીકળે છે ત્યાં રસ્તો રૂંધો. મારી આજ્ઞાની સૈનિકોને જાણ કરો. ઝટ જાવ. દરેક પળ કીમતી છે; આપણી આબરૂનો આ સવાલ છે.' સૈનિક ગયો એટલે થીસિયસે ક્રિયોન-ને સંભળાવ્યું: 'અમારા કાયદા, અમારા દેવો, અમારા અતિથિ, અમારા લોકો—કશાની તમને પડી નથી, કેમ? તમે એમ ધારો છો કે અહીં બધા ગુલામો ભર્યા છે તે તમારી શઠતાને મૂંગે મોઢે વેઠી લેશે? અહીંનો રાજા

લઘુકથા એણે સીટ કેમ બદલી?

નટવર ગિ. પટેલ

બસ ઊભી રહી. ઊતરનાર કોઈ ન હતું. ચડનાર પણ તે એકલો જ હતો. જેવો તે પ્રવેશ્યો કે કંડક્ટરે પૂછ્યું: 'બોલો, ટિકિટ...?'

'લાલ દરવાજા.' અને તેણે ટિકિટ લીધી, પૈસા ચૂકવ્યા ને ઊભાં ઊભાં જગ્યા માટે નજર ઘુમાવી.

બારી બહાર તાકી રહેલી એક યુવતીની બાજુમાં એક જગ્યા હતી. તે એ તરફ સરક્યો, પણ એકાએક એની નજર પેલી સ્ત્રીના ખોળામાં પડેલી પર્સ પર પડી ને એ તુરત થંભી ગયો. પેલી યુવતીએ પણ અચાનક તેની સામે જોયું અને તુરત નજર પાછી વાળી લીધી.

'સાહબ...ઉધ્ધર બૈઠ જાઈ યે ન...?' કંડક્ટરે કહ્યું. કેટલાક પૅસેન્જરોની ભટકતી નજર ઊડીને તેને વળગી. તેણે નોંધ્યું તો પેલી યુવતીએ તેના ભણી ફરી વાર જોવાની તસ્દી પણ ન લીધી.

તે વિમાસણમાં પડી ગયો: બેસવું કે નહિ? નહિ બેસે તો લોકો શું માનશે? ને જો બેસી જાય તો...

'બૈઠ જાઈએ...' કંડક્ટરે ફરી ટકોર કરી. હવે? ને તે ધીરે રહી, પેલી યુવતીને જરાક પણ સ્પર્શ ન થાય એ રીતે બેસી ગયો. તરત પેલી યુવતી, જાણે કે અભડાઈ જતી હોય તેમ, સંકડાઈને બારી નજીક સરકી. તેને ઊભા થઈ જવાનું મન થઈ આવ્યું.

બીજા સ્ટૉપ પર બસ ઊભી રહી. કેટલીક સીટો ખાલી થઈ કે તરત એણે સીટ બદલી નાખી. પૅસેન્જરોને એ જોઈ કુતૂહલ થયું. કંડક્ટરે પણ મૂછમાં મલકી લીધું. તે નીચું જોઈ ગયો.

તે વિચારી રહ્યો: શું આ લોકોને પણ ખબર હશે એ યુવતીથી તેણે ગઈ કાલે જ, મહામહેનતે, કોર્ટમાં છૂટાછેડા લીધા હતા!

તમારે મન કોઈ વિસાતમાં નથી? અમને શું તમે બાયલા માની બેઠા?'

'ના, ના, એવું નથી. હું તો, ઊલટું ભલું કરવા ગયો. મને તો એમ હતું કે આ શાણી ભૂમિ પિતૃઘાતી, માતૃગામી, રઝળુને તો આશરો ન જ આપે. એટલે એને હું લઈ જઈશ તો લોકો ઊલટા મને આશિષ આપશે. ને તો ય, તમારી ઇચ્છા જાણ્યા વિના તો હું આને ન જ લઈ જાત; પણ આંધળે પણ મારો ઉપકાર માનવાને બદલે મારા પર શાપ વરસાવવા માંડ્યો! એટલે ન છૂટકે મારે મારું પાણી બતાવવું પડ્યું. હું તો આ ઊભો તમારા બધાની વચ્ચે એકલો. જે કરવું હોય તે કરો.'

માતૃગમન ને પિતૃઘાતનો ઉલ્લેખ થતાં ઇડિપસ ઊકળી ઊઠ્યો. પોતે દૈવનો ભોગ કેવી રીતે બન્યો તેની ફરીથી એણે, માંડીને, વાત કરી. પણ લોકોને તો એની નિર્દોષતા બાબતમાં હવે કોઈ શંકા રહી નહોતી. ક્રિયોનને પણ લાગ્યું હતું કે હવે એકલા લડી લેવાનો કોઈ અર્થ નથી. એણે થીસિયસને પૂછ્યું: 'બોલો, હવે તમે મારું શું કરવા માગો છો?'

'ચાલો, આગળ થાવ ને તમારા માણસોના હાથમાંથી બન્ને દીકરીઓને છોડાવી, મારે હવાલે કરો; નહિ તો, તમે તો છો જ, પણ તમારો એક એક મદદગાર આ પાપની આકરી સજા ભોગવશે. ચાલો.' થીસિયસે હુકમ કર્યો; ને ઇડિપસને હૈયાધારણ આપી: 'તમારી પુત્રીઓને અમે કોઈ પણ ભોગે પાછી મેળવશું, હો. તમે નિશ્ચિંત મને અહીં જ રહેજો.'

થીસિયસે એનું વચન પાળ્યું. કામ પાર પાડ્યું. પુત્રીઓ સાથે એ પાછો ફર્યો ત્યારે ઇડિપસના હરખનો પાર ન રહ્યો. પુત્રીઓને તો એ ભેટ્યો જ, પણ થીસિયસને પણ ભેટવા ગયો. ત્યાં યાદ આવ્યું કે પોતાના શાપિત દેહના સ્પર્શે કદાચ એનું બૂરું થાય તો? એણે એના લાગણીપૂરને ખાળ્યું. થીસિયસનો ઉપકાર માનવા એની પાસે શબ્દો નહોતા; ત્યારે પોતાના પરાક્રમની વાત કરવા થીસિયસ પણ તૈયાર નહોતો. 'પણ એક સમાચાર છે.' થીસિયસે કહ્યું. ઇડિપસને ચિંતા થઈ; શું હશે?

'પૉસિડોનના બલિસ્થાને એક જુવાન શરણ યાચતો આવ્યો છે. તમને એ મળવા માગે છે. કહે છે કે એ તમારો વંશજ છે.'

'મારો વંશજ?' ઇડિપસ મૂંઝાયો.

'કહે છે કે થોડી-બેચાર વાતો કરવી છે. મળીને તરત જતો રહેશે. આર્ગોસમાંથી કે...'

'હા, હા.' ઇડિપસને ફાળ પડી. એ સમજી ગયો: 'મારે એને નથી મળવું.'

'કેમ? એ તો કહે છે કે બે વેણ કહીને એક ક્ષણમાં એ જતો રહેશે. દેવનો શરણાગત થઇને આવ્યો છે, એટલે આ ભૂમિના રિવાજ મુજબ એને સાંભળ્યા વિના કાંઈ ચાલે?' થીસિયસે દલીલ કરી.

'એક ક્ષણ ને બે વેણ કહેવા આવનારે આમ દેવનું શરણું શા માટે લેવું જોઇએ?' ઇડિપસે પ્રશ્ન કર્યો.

'જે હોય તે. એને સાંભળવામાં તમારું શું જાય છે?' ઍન્ટિગોનીએ પ્રશ્ન કર્યો. એની ઇચ્છા ભાઇને મળવાની હતી. એમાં ઇઝમિનીએ ટાપશી પૂરી: 'ને બદ ઈરાદો હશે તો એને જ ભારે પડશે.' 'છોરુ કછોરુ થાય, પિતાથી ન થવાય. ક્રોધને કારણે તમે એને મળવાની ના પાડો છો એ ઠીક નથી કરતા. તમે જ તમારા પિતાનો વિચાર કરો. એમના ક્રોધનું કેવું ભયંકર પરિણામ આવ્યું!' ઍન્ટિગોનીએ ઇડિપસને સ્પષ્ટ વાત કહી. ઇઝમિનીએ ઉમેર્યું: 'ને તમે તો દયાનો અનુભવ પણ અહીં કર્યો છે. તમે જ દયા નહિ બતાવો?'

પુત્રીઓ આગળ પિતાએ નમતું જોખ્યું.

'તો હું જાતે જ જાઉં; એને મોકલું.' ને માણસોને ખબરદાર રહેવાનું કહી થીસિયસ ગયો. આકાશમાં એકાએક વાદળો ઘેરાતાં હતાં. 'પાછું કાંઈ અનિષ્ટ થવાનું કે?' લોકોને શંકા થતી હતી. પવન ફૂંકાવો શરૂ થયો.

થોડી વારે પૉલિનીસસ આવ્યો. એની આંખે શ્રાવણભાદરવો છલકતો હતો. એના હોઠે વિલાપ હતો. એણે પિતાના પગમાં પડતું મૂક્યું. બહેનોને ગળે વળગાડી. 'આ તે કેવી દશા! કોણ કોની દયા ખાય? હું પિતાની કે પિતા મારી? આંખે અંધાપો, પરદેશમાં રઝળપાટ, વસ્ત્રોમાં ચીંથરાં, નહિ ખાવાનાં ઠેકાણાં, નહિ રહેવાનાં! પારકી દયા પર ઓશિયાળાં! બહેન, તમારી આ દશામાં મારો ય હાથ છે! હું મૂરખ હતો, મને અક્કલ નહોતી! કબૂલ કરું છું, મને કમત સૂઝી'તી, અવળી મતિ! હું દુષ્ટ હતો. મને એનું ફળ મળી ગયું છે, બાપુ, બોલોને! જવાબ દો!'

ઇડિપસના હોઠ વધુ સખત બન્યા.

'તમારા ક્રોધનું કારણ તો કહો! મેં શું બગાડ્યું છે? મારો વાંક? બાપુ, બોલો ને!' પછી એણે બહેનોને વિનંતી કરી: 'કહોને બહેન, બાપુ બોલે. સમજાવોને એમને. હું તો દેવનો શરણાગત થઈને આવ્યો છું. રાજાએ વચન આપ્યું છે કે પિતા મારી સાથે બોલશે.'

'જો ભાઈ, વેદના વાણીને થંભાવી દે છે; પણ તું તારે જે કહેવાનું છે તે એમને કહે ને. હૈયાને સ્પર્શતી વાત હશે તો વાણીને ખાળી નહિ શકાય.' ઍન્ટિગોનીએ કહ્યું.

'ને બહેન, રાજાનું વચન તો પાળવું પડે ને? એમણે મને કહ્યું છે છે કે બાપુ બોલશે.' પછી ઇડિપસનો ચરણ સ્પર્શ કરી એ બોલ્યો: 'બાપુ, જાણો છો? મને મારી માતૃભૂમિમાંથી હાંકી કાઢવામાં આવ્યો છે! મારો વાંક એટલો જ કે મારી પૈતૃક રાજગાદી પર મેં મારો જન્મસિદ્ધ અધિકાર માગ્યો; ત્યારે મારા નાના ભાઈ ઇટિયોક્લ્સે મને દેશપાર કર્યો! કોઈ દલીલ ન સાંભળી, કોઈ દ્વંદ્વ નહિ. પણ એણે યેનકેનપ્રકારેણ, નગરના જનમતને પોતાને પક્ષે જીતી લીધો. તમારો શાપ મારા પર વરસવાનો છે એ આગાહીનો એણે એમાં ઉપયોગ કર્યો.

પછી આર્ગોસ ગયા વિના મારો છૂટકો નહોતો. ત્યાં ઍડ્રસ્ટની પુત્રી-

ને પરણ્યો. ત્યાંના સાત પ્રખ્યાત સરદારોના સાથમાં મેં થીબ્સને પરાસ્ત કરી, મને હાંકી કાઢનારને હદપાર કરવાનો અથવા ગૌરવભેર મરવાનો નિર્ધાર કર્યો છે. એટલે હું અને મારા સાતે ય સરદારો તમારી આશિષ યાચીએ છીએ. અમારું લશ્કર તો થીબ્સને ઘેરો ઘાલવા ઊપડી ચૂક્યું છે. અન્યાયીને સીધો કરવા હું જાઉં છું, બાપુ; મને આશિષ દો. બાપુ, દેવવાણી છે કે તમારી આશિષ જે પામશે તે જીતશે. બાપુ, તમે હદપાર છો, હું યે હદપાર છું. બન્નેને અન્યાય થયો છે. થીબ્સે જ એ અન્યાય કર્યો છે, બાપુ. આપણે બન્નેને વતનમાં પાછા માનભેર જવું છે, રહેવું છે. તમારી કૃપાથી એ થશે બાપુ. હું અન્યાયીને ભગાડીશ, તમારી સલાહ મુજબ વર્તીશ, તમારી પાછલી અવસ્થા સુધારીશ. બોલો. બોલોને, બાપુ! રાજાજ્ઞા તો પાળો, દેવશરણની આણ તો રાખો.'

ઇડિપસને, આખરે, બોલવું પડ્યું: 'બોલું? હા, થીસિયસનો આદેશ છે, એટલે છૂટકો નથી; નહિ તો, તને અહીં જ ચમત્કાર બતાવત. પણ...નાલાયક, સાંભળ. પેલા તારા ભાઈએ રાજ્ય ઝૂંટવી લીધું તે પહેલાં તો તું ગાદીએ ચડી બેઠેલો—ને નગરના હિતની વિરુદ્ધ? તે પછી હું દેશપાર થયો; ત્યારે તારું રૂંવાડુંય ફરક્યું'તું કે? એ તો આ પુત્રસમોવડી પુત્રીઓ ન હોત તો મારું શું થાત? કાળની કરાળ આંખ તારા ઉપર મંડાએલી છે. તારાં લશ્કરો થીબ્સ પર ત્રાટકવા ભલે ગયાં; એ નગર નહિ પડે, તું પડીશ. ને તારો ભાઈ પણ—બન્ને સાથે, એકબીજાને હાથે. તારાથી તારું વતન નહિ જિતાય; તારાથી જીવતાં ય ક્યારે ય આર્ગોસ પાછા નહિ ફરાય; તારાથી, આખરી પળે, તને દેશપાર કરનારની હત્યા થાય, પણ તારો વધ પણ એનાથી જ થાય. દેવને મારી આ પ્રાર્થના છે. જા, જાણ કર આની હવે તારા સાત ભડવીરોને.'

પૉલિનીસસ ચૂપ થઈ ગયો. એનું મોં પડી ગયું. ઍન્ટિગોનીએ એને આર્ગોસ ચાલ્યા જવાને, લશ્કર પાછું ખેંચી લેવાને ને થીબ્સ પર હલ્લો કરવાનો વિચાર માંડી વાળવા સમજાવ્યો. 'હવે પાછા ફરવાનું શક્ય નથી, બહેન; હવે તો અહીં થએલ વાત પણ હું દાટી દેવાનો. હવે તો સામે પ્રારબ્ધ આવશે તો તેની સાથે પણ ટકરાઈશ. થવું હોય તે થાય.... પણ બહેન, મારું આટલું માનીશ?' એણે પૂછ્યું. 'શું?'

'કદાચ ભાવિ તને થીબ્સમાં લઈ જાય, ને મારી આખર પળે તું ત્યાં હો, તો મારી અંત્યેષ્ટિ તારે હાથે કરજે... ભગવાન તમને બન્નેને સુખી રાખે.' કહીને એણે રજા લીધી.

આ આખા પ્રસંગ દરમિયાન ઘેરાવા માંડેલાં કાળાં વાદળોએ પૂરું આકાશ ઢાંકી દીધું હતું. એકાએક જાણે આભ તૂટી પડ્યું! દિશાઓ ડોલી. ભયંકર ગડગડાટથી અવકાશ આખું ધ્રૂજી ઊઠ્યું. ઇડિપસે આંખના ગોખલા આભના ઊંડળ ભણી ઊંચક્યા. 'દીકરી મારી! થીસિયસ ક્યાં? એને બોલાવો. મારાં તેડાં આવ્યાં.' 'શું, બાપુ?'

'દેવોનો આદેશ આવ્યો, બહેન. મારું આયખું પૂરું થયું. ઝટ કરો, થીસિયસને જલ્દી બોલાવો; જલ્દી.' ગર્જના હવે બહુ નજીક આવી હોય એમ લાગ્યું. વીજળીના ઝબકારા થવા લાગ્યા. આકાશની પારનો અગ્નિ ઘનીભૂત થઈને ત્રાટક્યો! પુત્રીઓ પિતાને વળગી પડી. માથે હાથ પસવારતાં ઇડિપસ બોલ્યો: 'બેટા, હવે મારાથી ન રોકાવાય. આયખું પૂરું થયું, દીકરા.'

'પણ તમે કેમ જાણ્યું, બાપુ?' ઇસ્મિનીએ પૂછ્યું.

'જાણું છું, બરાબર જાણું છું, દીકરી. દેવવાણી છે. રાજાને જલ્દી બોલાવો...ઝટ કરો...દોડો...'

એક સિપાઈ ગયો. ઇડિપસે લોકો પાસે પવિત્ર નિર્ઝરનું જળ મંગાવ્યું. એક કોરું વસ્ત્ર મંગાવ્યું. જીર્ણ વસ્ત્રો ત્યાગી, જળથી પવિત્ર થઈ, કોરું વસ્ત્ર ધારણ કરી, એણે દેવોને અર્ઘ્ય આપ્યો.

પછી, રુદન કરતી પુત્રીઓને માથે હાથ પસવારતાં બોલ્યો; 'બેટા, જવાનું તો એક દિવસ સૌને છે. હિંમત રાખો. મારું વેદનાગ્રસ્ત દીર્ઘ આયુ સહ્ય બન્યું હોય તો તે એકમાત્ર પ્રેમથી...બેટા, સર્વ વ્યાધિઓનું એ આખરી ઓસડ છે; આપણી એકમાત્ર મૂડી.'

પુત્રીઓનાં હીબકાં તોય ન શમત, પણ ભયંકર ગર્જના થઈ, ને બન્ને ઇડિપસને વળગી પડી. પછી શાન્તિની ખીણમાંથી જાણે કે કોઈ સાદ સંભળાયો: 'ઇડિપસ,...ઇડિપસ!...વેળા વીતે છે, હોં! ચાલશું?'

ગર્જના સાથે વીજળીના ચમકારા હવે વધ્યા. લોકો ભયભીત થઈ પ્રાર્થના કરવા લાગ્યા. ઇડિપસ આતુર બની થીસિયસને ઝંખવા લાગ્યો.

'એમનું શું કામ છે, બાપુ?' ઇસ્મિનીએ પૂછ્યું.

'મેં એમને વચન આપ્યું છે ને, બેટા, એક વરદાન આપવાનું. જતાં પહેલાં મારે એ પાળવું જોઈએ.'

'ઓહો! આવી પહોંચ્યા!' લોકો બોલ્યા.

'આવ્યો, ભા? હા...શ! લો મારું વેણ હવે પૂરું થશે.' 'શાનું?'

'મારે તને પેલી બક્ષિશ આપવાની છે ને? દેવોનું વચન ફળ્યું. તેડું આવ્યું છે. મારે જવાનું છે.'

એણે રાજાને પુત્રીઓની સોંપણી કરી, એમના પાલનનું વચન લીધું. પછી સલાહ આપી: 'હવે તમે હિંમત રાખજો, હોં અમારી પાછળ ન આવતાં.' ને રાજાને કહ્યું: 'હું કહું એમ કરો, મારી પાછળ પાછળ આવો.'

પુત્રીઓ અને નગરજનોને એણે હાથ જોડ્યા. આશિષ આપી. પાછળ આવવા પગ ઉપાડતી પુત્રીઓને ફરીથી વારી: 'તમે ત્યાં જ રહેજો; એકલો રાજા જ મારી પાછળ આવે, બીજું કોઈ નહિ.'

ને જાણે એને આંખો ફૂટી હોય તેમ એણે ચાલવા માંડ્યું. જાણે એના પથદર્શન માટે જ ન હોય એમ વીજળીના ચમકારા વધી ગયા. 'આવ ભાઈ, હજી આગળ, હાં, હજી,' કહેતો અંધ રાજાને દોરવા લાગ્યો. જાણે ક્યાં જવું છે તે એ જાણતો ન હોય! વાંકીચૂંકી વનવીથિઓ વટાવતો એ ઊંચાણમાં—ઊંડાણમાં એક ધાર પર આવીને અટક્યો,

'તારે મારા મૃત્યુસ્થાનની કોઈને જાણ કરવાની નથી હોં!' એનો અવાજ બદલાઈ ગયો હતો: 'કોઈ ક્યારેય એ જાણે નહિ. આટલું થશે તો એ સ્થાન તારે માટે અકલ્પ્ય બળનું પ્રેરક બની રહેશે. મારા મૃત્યુનું રહસ્ય કોઈને, મારાં સંતાનોને પણ, હું પ્રગટ કરી શકું એમ નથી. આ રહસ્ય આખા જીવન સુધી તું જાળવજે ને મૃત્યુ વખતે તારા રાજ્યના વારસને જણાવજે; એ, એ જ રીતે, એનાને જણાવે—એમ પેઢી-દર પેઢી ચાલ્યાં કરે. તારા નગરને આંચે ય નહિ આવે.'

ને વીજળીની એક વેલે રાજાની આંખો મીંચાઈ ગઈ; એ જાણે ઝડપ કરતીક ને પ્રદક્ષિણા કરી ગઈ! ઇડિપસ અટકી પડ્યો. 'હાં, થોભ!'

ત્યાં અચાનક વાદળ ફૂટ્યાં! ને સૂર્યનો નાનકડો ધોધ ઇડિપસને માથે પડ્યો. એમાં જાણે એ ડૂબી ગયો! થીસિયસની આંખો બહેર મારી ગઈ! પ્રકાશ સિવાય કશું ભળાતું-કળાતું નહોતું! એ તેજોનિધિની વચ્ચેથી જાણે કે શબ્દો ફૂટ્યા: 'આવજે, હોં! પ્રભુ તારું ને તારા નગરનું કલ્યાણ કરે! મારી પાછળ કોઈ વિલાપ કરશો મા...' એ શબ્દો સ્પષ્ટ હતા, પણ જાણે દૂરથી આવતા હતા! હજી કાંઈક સંભળાતું હતું: '...અમરો જાતે તેડવા આવે એવું મંગલ મોત...' એ છેવટના શબ્દો તો, વાદળપારના હતા તેથી કે વાદળ ગાજતાં હતાં તેથી ન સંભળાયા?

શૂન્યમનસ્ક જેવા થીસિયસે સામે જોયું તો કાંઈ જ નહોતું! ઊંચે આભ ભણી પેલો પ્રકાશધોધ વીજળીની ઝડપે સંકોચાઈને વિલીન થઈ ગયો! જે સ્થળે ઇડિપસ ઊભો હતો ત્યાંની ધૂળ થીસિયસે માથે ચડાવી.

એણે પાછા આવી, જ્યારે ઇડિપસની પુત્રીઓને હૈયાસરસી ચાંપી, આંસુ લૂછતાં તેમના પિતાનો આખરી સંદેશ સંભળાવ્યો ત્યારે ઍન્ટિગોની બોલી: 'જીવતી વ્યથા શમે, છતાં એનીયે ખોટ ઓછી સાલતી નથી. દુઃખમાં ય કેવો આનંદ હતો!' □

પચ્ચીસ વર્ષ પહેલાં

એપ્રિલ ૧૯૪૬ અંક ૨૬૮

અંગ્રેજી સાહિત્યમાં સાયન્સ ફિક્શન – વૈજ્ઞાનિક શોધો વિષયક કલ્પનાકથાઓ આકર્ષક સ્થાન ધરાવે છે. ગુજરાતના પત્રકારત્વમાં કદાચ 'કુમાર' એવી કથાઓ આપવામાં પ્રથમ હતું. આજથી પચ્ચીસ વર્ષ પહેલાંના અંકમાં આવેલી એવી એક કલ્પનારંગી વિજ્ઞાનકથા

વિષ-પીયૂષ

પૃથ્વી સંદેશો મોકલે છે, પ્રોફેસર કમલનયન! તમે જે કોઈ પણ ગ્રહ પર હો ત્યાંથી એકાએક આપણી પૃથ્વીને બચાવવા આવો. આપણી માનવજાત જે ભયંકર વિનાશને આરે ઊભી છે તેને તમારું જ વિજ્ઞાની મગજ બચાવી શકશે. તમારું શોધેલું પીયૂષ માનવજાતને વિષ સમાન નીવડયું છે. એનાથી માણસ સાપેક્ષ અમરત્વ તો પામે છે જ, પણ તેની સાથેસાથે આકસ્મિક વિનાશ પણ પામે છે. એનું કારણ એમ જણાય છે કે તમારા પીયૂષમાં પ્રત્યેક પળે બમણું થતા જવાનો ગુણ લાગે છે. કેમ કે તમારા પીયૂષને માનવજાતને પાઈ દીધા પછી જે બાકી રહ્યું તે બમણું થતું જતાં આજે બધા મહાસાગરો ભરાઈ ગયા છે. આખી પૃથ્વીના ઉચ્ચ પ્રદેશો સિવાયના ભાગોમાં અત્યારે મહાસાગરનાં મોજાં ફરી વળ્યાં છે. હજારો શહેરો અને કરોડો માણસો અમરત્વ પામવા છતાં સાગરતળિયે ડૂબી ગયા છે. એ ડૂબી ગએલાઓ જીવતા છે કે મૃત એ અમારાથી જાણી શકાતું નથી. હવે તો જો તમે આવીને આ પીયૂષવર્ધનને નહિ અટકાવો તો થોડા જ વખતમાં આખી માનવજાત સાગરતળિયે સૂતી હશે. પ્રોફેસર કમલનયન! આ સંદેશો પૃથ્વી મોકલે છે. તમે જ્યાં હો ત્યાંથી આપણી પૃથ્વી પર આવો!'

ઈ. સ. ૨૭૮૯માં પ્રોફેસર કમલનયને એક પીયૂષ શોધી કાઢયું હતું. આખી દુનિયાના મહાન વિજ્ઞાનીઓમાં એમની ગણના થતી હતી. ઉપર્યુક્ત પીયૂષ શોધાયા પછી પૃથ્વી પરથી બૃહસ્પતિના ગ્રહ પર માનવજાતની વસાહતની શકયતાઓનું સંશોધન કરવા વિજ્ઞાનીઓનું એક કમિશન અણુશક્તિ-ચાલિત વિયતયાન મારફતે મોકલવામાં આવેલું. એ કમિશનના નેતા તરીકે પ્રો. કમલ ત્યાં ગયા હતા.

પ્રો. કમલની શોધમાં કોણ જાણે શી ભૂલ રહી ગઈ હશે કે જેથી એમનું પીણું પ્રત્યેક પળે દ્વિગુણિત થતું જતું હતું! પૃથ્વી પર વસતા માણસોને આ પીણું પાઈ દીધા પછી એને ફેંકી દેવામાં આવેલું પણ એ જ્યાં હતું ત્યાં પણ દ્વિગુણિત થવા લાગ્યું. પરિણામે એ બધું પ્રવાહી મહાસાગરોમાં જઇને ભળ્યું. માનવીઓના કમનસીબે, નાશ પામેલાં શહેરોમાં પ્રો. કમલનું શહેર જ પહેલું ભરખાયું હતું; નહિતર તો બીજો કોઈ વિજ્ઞાની પ્રોફેસર કમલની પ્રયોગનોંધો વાંચીને આ પીયૂષવર્ધનનો પ્રતિકાર શોધી કાઢત.

ઉપર પ્રમાણેના સમાચાર ગ્રહગમ-આંદોલનો મારફતે પૃથ્વીના વાતાવરણને ભેદીને પ્રોફેસરને મોકલવામાં આવ્યા. પણ મનુષ્યોના કમનસીબે એ આવ્યા જ નહિ. અહીં પીણું તો અનેકગણી ઝડપથી વધી રહ્યું હતું. એકએક દિવસ જતો અને એ અમૃતનો મહાસાગર હજારો શહેરોને ભક્ષી જતો. માનવો બધી જાતની પ્રવૃત્તિ છોડી દઇને માત્ર પોતાની જાતને બચાવવા મથી રહ્યા હતા. લાખોની સંખ્યામાં પર્વતો પર સ્થળાંતર થઈ રહ્યું હતું. ઉદધિ આખો લાખો નાનીમોટી સ્ટીમરોથી ઉભરાઈ રહ્યો હતો. આ સ્ટીમરોમાં માણસો જેમતેમ પોતાનો જીવનનિર્વાહ કરી રહ્યા હતાં.

'**આ**પણી કોઈ ભૂલ થતી હોય એમ લાગે છે. વિયતયાન દિશાદર્શકે કહ્યું. 'ના; આપણી ભૂલ ભાગ્યે જ થઈ છે. જુઓ, આ ડાબી બાજુએ મંગળનો ગ્રહ; અને પેલા ખૂણામાં ચંદ્રસ્થ આપણા ભાઇઓએ આપણી વિદાયમાં સળગાવેલી આતશબાજી પણ દેખાય છે.' દૂરબીન પર બેઠેલા માણસે કહ્યું.'

'હા, પણ આપણા દૂરબીનમાં આપણે કરોડો માઈલની વસ્તુને સંપૂર્ણરીતે સ્પષ્ટપણે જોઈ શકીએ છીએ. સામે દેખાય છે તે આપણી પૃથ્વી જ હોય તો આખો એશિયાખંડન દેખાય? ત્યાં તો આપણને માત્ર મહાસાગર દેખાય છે!' કમલનયને કહ્યું.

'ચાલો, ત્યારે એ ગ્રહની વધારે પાસે જઈ ખાતરી કરી લઇએ, કે એ પૃથ્વી છે કે નહિ.' દિશાદર્શકે જણાવ્યું.

પ્રોફેસર કમલનયનનું વિયતયાન પૃથ્વીની પાસે આવી ગયું. હિમાલયના સર્વોચ્ચ શિખર ગૌરીશંકર સિવાય સર્વત્ર મહાસાગર-સલિલ ફરી વળ્યું હતું. આ શિખર પર થોડાં માનવો જીવનની છેલ્લી ઘડીઓ ગણી રહ્યાં હતાં. વિયતયાનના એક માણસે નીચે ઊતરી એમાંના એક પાસેથી પૃથ્વી પર બનેલી બીના જાણી ત્યારે જ એને ખબર પડી કે એમનો રેડિયો બગડી જતાં એમને સમાચાર મળેલા જ નહિ! એણે વિયતયાનમાં આવી સઘળી બીના કમલનયનને જણાવી.

કમલનયનને પોતાની શોધની યાદ બરોબર તો રહી ન હતી. છતાં એમણે પ્રયત્ન શરૂ કર્યો. કલાકોના શ્રમ પછી એમને માલૂમ પડયું કે એમની શોધના સૂત્ર (ફૉર્મ્યૂલા)ના સમીકરણમાં જ્યાં એક 'વત્તા'ની નિશાની જોઇએ ત્યાં 'ઓછા'ની નિશાની આવી જતાં આ ભયંકર પરિણામ આવ્યું હતું! એ ભૂલ સુધારી, એમણે સૂર્યકિરણો કેન્દ્રિત કરીને કોમોરોડાઇના નામનું બીજું પ્રવાહી બનાવી કાઢયું.

'મારી એક જ ભૂલથી હું જનકુલઘાતક બન્યો. બાકી રહેલા જનકુલને હું આ પ્રવાહીથી બચાવીશ. આ પ્રવાહી મારા જઠરમાં જતાં જઠરરસ સાથે ભળીને પીયૂષવર્ધન-પ્રતિકાર તૈયાર થશે. હું આ પ્રવાહી પી લઉં તે પછી એક કલાક સુધીમાં મારું ઑપરેશન કરી એ પ્રતિકાર મારા જઠરમાંથી બહાર કાઢી આ મહાસાગરમાં નાખી દેજો. પાંચસાત દિવસમાં આખી પૃથ્વી મહાસાગરને તળિયેથી બહાર આવશે.' કમલે પોતાના સાથીઓને જણાવ્યું.

'તમે ભૂલ જાણીજોઇને નહોતી કરી. એ પ્રવાહી તમારે પીવાની શી જરૂર? તમે જીવંત હશો તો જનકુલને તમારા વિજ્ઞાનથી ઉન્નતિના શિખરે પહોંચાડશો અમારામાંથી કોઇને એ પ્રવાહી પીવા દો.' બધા સાથીઓ એકીસાથે બોલી ઊઠયા.

'ના, એને માટે તો હું જ યોગ્ય છું જઠરરસ કાઢી લીધા પછી મારા દેહને બાળશો કે દાટશો નહિ એને વિદ્યુત્-સ્નાન આપી સાચવી રાખજો. આ મારી બીજી અર્ધ શોધેલી ફૉર્મ્યુલામાંથી ભાવિના કોઈ વિજ્ઞાની મને બચાવે તો મારાં અહોભાગ્ય.'

આજે ૩૦૦૧ની સાલ આવ્યા છતાં પ્રો. કમલના અર્ધ સૂત્રને હજી કોઇએ પૂરું કર્યું નથી.


કાલિદાસ જાદવ

ટપાલ-ટિકિટની કથા-૪



પોર્ટ ઑાવ સ્પેઈન અને સૅન ફર્નાન્ડો બંદર વચ્ચે 'લેડી મૅકૂલીઑાડ' નામે એક આગબોટ આવતી-જતી. એમાં જતી ટપાલ પર ચોડવા એના કપ્તાને ટપાલટિકિટો છપાવી હતી, જેમાં આગબોટનું ચિત્ર અને એના નામના પ્રથમાક્ષરો હતા. ટિકિટની કિંમત છાપેલી નહિ, પણ સામાન્યતઃ પાંચ સેન્ટમાં એ વેચાતી. રદ્દીકરણ માટે તેના પર માત્ર પેન્સિલનો લીટો જ મારવામાં આવતો યા ઘણી વાર ટિકિટનો એક ખૂણો ફાડી લેવામાં આવતો. એટલે એમાંની હાલ મળતી કેટલીક ટિકિટો ફાટેલા ખૂણાવાળી પણ હોય છે. બે વર્ષ પછી ૧૮૪૯માં એ આગબોટ વેચાઈ ગયા બાદ એ ટિકિટોનો વપરાશ બંધ થઈ ગયો હતો.

૧૩મી સદીમાં ટ્રાન્સિલ્વાનિયા (હાલ મધ્ય રશિયા)નો એક રાજકુમાર શિકારે નીકળેલો. દૂર એક પહાડી પ્રદેશમાં સંખ્યાબંધ બાઈસન (આખલા જેવું વનપ્રાણી) રહેતાં હતાં. એમાંના એકે રાજકુંવરના માનીતા કૂતરા 'મોલ્દા'ને મારી નાખ્યો. કુંવરે પેલા બાઈસનનો શિકાર કર્યો, પણ એને એ પ્રદેશ બહુ ગમી ગએલો એટલે એણે એ પોતાના રાજમાં ઉમેરી દઈને પોતાના પ્રિય કૂતરાની યાદમાં તેનું નામ રાખ્યું 'મોલ્દાવિયા', અને રાજચિહ્નમાં પેલા ભીમકાય બાઈસનનું માથું મૂકયું. ઈ. ૧૮૫૯માં મોલ્દાવિયાની ઠકરાત ઑાસ્ટ્રિયાથી સ્વતંત્ર થઈ એટલે ૧૮૫૮ના જુલાઈમાં એણે પોતાની અલગ ટપાલટિકિટો કાઢી. એ પહેલી ટિકિટમાં પેલા બાઈસનના માથાનું આલેખન છે એટલે



આજે એ 'મોલ્દાવિયન બુલ' તરીકે ઓળખાય છે. આ ટિકિટો ગોળાકાર હતી અને માત્ર ૨૦૦૦ની સંખ્યામાં છપાએલી. એમાંથી આજે ૬૦૦ જેટલી બચી છે, જેની ઘણી મોંઘી કિંમત અંકાય છે. —યશવંત મહેતા



મધુકરી

જડી જીવન સાથ જે સતત મા ધરા ગુર્જરી,
અહો અકથ બાલ શાં વિપથગામી તેનાં બન્યાં!
બમંત ભૂલી રાત દી', અસલ નૂર માનું હણે!
ક્ષણિક્ષણ અરે અમારું શીલ, સત્ત્વ ને શ્રી સરે!
અમારું ઉરપાત્ર આજ અતિ મ્લાન, ડ્હોળાયલું!
પિતા! તરતી મૂક ત્યાં તવ કૃપાતણી 'નિર્મળી'.

—બાલમુકુન્દ દવે

રવિશંકર મહારાજની ભોમકા: બહુરત્ના સરસવણી

વાત્રક નદીને કાંઠે આવેલું સરસવણી મહેમદાવાદ તાલુકાનું છેવાડાનું ગામ. સ્વરાજ મળ્યા પહેલાં ત્યાં આગળ ખેડા જિલ્લાની હદ પૂરી થતી ને સામે કાંઠેથી ઘોડાસર સ્ટેટની હદ શરૂ થતી. એક બાજુ વાત્રક નદી ને ત્રણ્ બાજુ કાંસને લીધે આ ગામ ચોમાસામાં બેટ જેવું બની જતું. સામાન્ય હલકી પ્રતની જમીન અને સિંચાઈની કોઈ સગવડ નહિ, શહેર કે કસ્બાનું ગામ બાર-ચૌદ ગાઉથી નજીક નહિ, એટલે ગામમાં ખાસ કોઈ વેપાર-ધંધો નહિ અને નજીકમાં કોઈ હાઈસ્કૂલ કે વિદ્યાધામ પણ નહિ. વસતી તમામ કોમની, તેમાં પણ લોકોની આર્થિક સ્થિતિ સામાન્ય ને રહેણીકરણી સાદી. વાત્રક નદીમાં વારંવાર આવતા પૂરને લીધે ને ચોમાસામાં થતા ધોવાણને લીધે ચારે બાજુ કોતરો પડી ગએલાં, જ્યાં અવારનવાર ચોર-બહારવટિયા ધામા નાખીને પડયા રહે. નજીકમાં જ દેશી રાજ્ય એટલે અંગ્રેજ હદમાંથી તેની હદમાં આસાનીથી સરકી જવાય.

પોણોસો-એંશી વર્ષ પહેલાંના આવા આ ગામ સરસવણીની ધૂળમાં ત્યારે કેટલાક સમવયસ્ક નરરત્નો ગામઠી નિશાળમાં એકડો ઘૂંટતાં રમતાં હતાં. વર્ષો પછી પોતાના પુણ્ય ચરિત્ર વડે એ સૌએ વતનનું નામ રોશન કર્યું. સરસવણીમાં જ તે સર્વેનું પ્રારંભિક શિક્ષણ અને કિશોરાવસ્થા વીતેલાં. નાની વયથી જ તેમની પરોપકારવૃત્તિ, હિંમત, સુધારક વૃત્તિ ને વિદ્યાવ્યાસંગ અદ્‌ભુત હતાં. સ્વામી દયાનંદ સરસ્વતીએ આર્ય સમાજની સ્થાપના કર્યા પછી ચેતનાનો જે જુવાળ દેશભરમાં ફરી વળ્યો તેની અસરથી આ ઊછરતી પેઢી અલિપ્ત રહી શકી નહિ. એમના ગ્રંથ 'સત્યાર્થપ્રકાશ'નાં અનુશીલન અને અન્ય સાહિત્યના અભ્યાસને લીધે તેમનામાં સાત્ત્વિક વૃત્તિનાં બીજ વવાયાં અને સમાજને ઉપકારક એવા ભિન્નભિન્ન ક્ષેત્રે વિકાસ પામી સમાજને માટે તે ફળદાયી બન્યાં.

આ ઉદાત્ત મહાનુભાવોમાં ગુજરાતના સંત તરીકે જેમની યશસૌરભ પ્રસરી છે તે શ્રી રવિશંકર મહારાજની સાત્ત્વિક વૃત્તિ શૈશવ ને કિશોરાવસ્થાથી જ રવિનાં ફૂટતાં તેજકિરણોની માફક પ્રસરતી હતી. ગામમાં કોઈ બીમાર હોય તો બાળક રવિશંકર તેની સારવારમાં પહોંચી જાય. કોઈ જગ્યાએ આગ લાગે તો આગ બુઝવનારામાં તેમનો ક્રમ આગળ જ હોય. નદીમાં પૂર આવ્યું હોય અને કોઈ તણાતું હોય તો તેને બચાવવા પૂરમાં ઝંપલાવનાર સૌથી પહેલા રવિશંકર જ હોય. એક વખત સંધ્યાકાળે તે નદીકાંઠે ફરતા હતા, ત્યાં ભેખડ પરથી કોઈ ધરામાં પડયું હોય તેવો ધબાકો સંભળાયો. રવિશંકર દોડયા અને વિચાર કર્યા વિના ધરામાં ઝંપલાવ્યું. ઘણા પ્રયત્ન પછી તેમણે ધરામાંથી એક બાઇને ખેંચી કાઢી. ઘરકંકાસને લીધે તેણે ધરામાં પડતું મૂકેલું. આવાં જીવના જોખમે તો તેમણે અનેક કાર્યો કરેલાં. આગળ જતાં અંગ્રેજ હકૂમતની સામે પાક ઝૂંટવવાની ખેડાની લડતમાં ડુંગળીચોર નામથી જાણીતા થએલા મોહનલાલ પંડયાના સંપર્કમાં તેઓ આવ્યા અને રાષ્ટ્રીય રંગે રંગાઈ ગયા. તેમના કુટુંબે રાષ્ટ્રીય ચળવળોમાં જે ભાગ આપ્યો છે અને તેમણે ગુજરાતની અને દેશની જે સેવા કરી છે તે ગુજરાતથી અપરિચિત નથી. રાષ્ટ્રીય શિક્ષણ ને ભારતીય સંસ્કૃતિથી આકર્ષાઈને તેમણે પોતાના પુત્ર દેવદત્તભાઇને ગુરુકુલ કાંગડીમાં ભણવા મૂકેલા. તેઓ પણ વૈદકના સ્નાતક થયા પછી સેવાભાવનાથી પ્રેરાઈ આજે બોચાસણમાં આયુર્વેદનું દવાખાનું ચલાવે છે.

આ જ રીતે મહારાજશ્રીના ભાઈ શ્રી અંબાલાલભાઇએ પણ સેવાપરાયણતા બતાવી જીવનને ઉજ્જ્વલ બનાવ્યું છે. રાષ્ટ્રીય ચળવળમાં જોડાવા માટે તેમણે નોકરી છોડી કારાવાસ વેઠેલો.

આયુર્વેદ વડે સામાન્ય રોગોપચાર-૩

આફરો

આફરો એ પેટમાં પવન ભરાવાનો રોગ છે. બાળકોમાં એ વધુ પ્રમાણમાં જોવા મળે છે. કબજિયાતને કારણે વાછૂટમાં અવરોધ થતાં, વાયુનું સમ્યક્ સંચરણ ન થવાથી પેટમાં તેનો સંચય થાય છે. પરિણામે: (૧) પેટ ફૂલીને ઢોલ જેવું થાય છે. (૨) (૨) તેના ઉપર આંગળીથી તાડન કરતાં અવાજ આવે છે. (૩) પેટ તથા પડખામાં દુખવા સાથે છાતીમાં ગભરામણ થાય છે. (૪) કોઈ વાર તાવ પણ આવી જાય છે તથા (૫) મળપ્રવૃત્તિ કે વાછૂટ થતી નથી.

ચિકિત્સા: (૧) વાછૂટ થવા માટે ડૂંટી અને તેની આજુબાજુ હીંગનો જાડો લેપ કરવો. (૨) મળપ્રવૃત્તિ કરાવવા માટે ગરમ પાણીમાં થોડું દીવેલ નાખી એનિમા આપવી. (૩) બાળકોને આ માટે નાની સાઈઝની ગ્લીસરીન સપોઝિટરી યોજવી. (૪) પડખાને કપડાના ગોટાથી શેકવું. (૫) થોડીથોડી વારે સંચળ કે સોડા-બાઈ-કાર્બ બાળકને ચટાડવું અને મોટાંને તે ફકાવવું. (૬) બાળકોને દર અરધા કલાકે સુવાનું પાણી, ગ્રાઈપ વૉટર, અજમાનો અર્ક કે ફુદીનાનો અર્ક પણ આપી શકાય.

વૈદ્ય નવીનભાઇ ઓઝા

આપમેળે અભ્યાસ કરી પ્રીવિયસની પરીક્ષા પસાર કરેલી અને 'સંસ્કૃત સહાયક' જેવાં વ્યાકરણનાં પુસ્તકોની રચના કરેલી. ગ્રામપંચાયતના સરપંચ તરીકે તથા સહકારી મંડળીના અધ્યક્ષ તરીકે તેમણે વર્ષો સુધી સેવા આપેલી. માધ્યમિક શાળાના આચાર્ય તરીકે તેમણે બબ્બે પેઢીમાં સંસ્કાર સીંચ્યા છે. આઝાદી પછી ગુજરાત સરકારે તેમને માનાર્હ મેજિસ્ટ્રેટ બનાવી તેમની સેવાની કદર કરેલી. તેમના એક પુત્ર ડૉ. વાસુદેવ વ્યાસ આજે ગાંધીનગર ગવર્નમેન્ટ કૉલેજમાં આચાર્યપદે છે.


સરસવણીના ત્રીજા એક નરરત્ન ડૉ. ઠાકોરભાઈ પંડયાને મહારાજા સયાજીરાવની માનવરત્ન-પારખુ દૃષ્ટિ કળી ગઈ હતી અને તેમને વડોદરા રાજ્યની શિષ્યવૃત્તિ આપી અમેરિકા મોકલેલા. ત્યાં શિકાગોમાં ડૉક્ટરેટ મેળવીને તે પાછા આવ્યા બાદ પાટણની ટ્રેઇનિંગ કૉલેજમાં તેમની નિયુક્તિ કરેલી. પ્રથમ વિશ્વયુદ્ધ પછી ઈન્ફ્લ્યુએન્ઝાની ભયંકર મહામારીમાં જ્યારે પાટણના નાગરિકો રોગનો ભોગ બની જીવનદોરી ટુંકાવતા જતા હતા ત્યારે સેવાવૃત્તિથી પ્રેરાઈ ખભે ઝોળી ભેરવી ઘેરઘેર ફરી ઠાકોરભાઈ લોકોની સેવાચાકરી કરતા હતા. છેવટે તેઓ પણ એ ચેપી રોગના ભોગ બન્યા ને સ્વર્ગવાસી થયા. મહારાજા સયાજીરાવે તેમની સેવાની કદર કરી તેમના કુટુંબને માસિક પેન્શન બાંધી આપેલું. પાટણની કદરદાન જનતાએ પણ તેમની યાદમાં 'પંડયા અભ્યાસગૃહ' વગેરે સંસ્થાઓ સ્થાપી તેમની યાદને જાળવી રાખી છે.

આ જ પેઢીના એક અન્ય મહાનુભાવ તે સદ્‌ગત કવિ છોટાલાલ સુખદેવ વ્યાસ. સ્વભાવે પાકા આર્યસમાજી. દેશી નાટક સમાજમાં તે લેખક તરીકે જોડાએલા અને જનશ્રુતિ પ્રમાણે ડાહ્યાભાઈ ધોળશાજીની પ્રેરણાથી તેમણે સતી દ્રૌપદી, જાલિમ ટુલિયા વગેરે નાટકોને આકાર આપેલો. કંપની માટે તે લખાણ તૈયાર કરી મોકલતા અને કંપની તેમને તે જમાનામાં માસિક ૩૫-૪૦ રૂપિયા પગાર આપતી. છોટાલાલ ખાસ કરીને સરસવણીમાં જ રહેતા અને રાત્રે ફાનસ લઇને આંબાવાડિયામાં લખવા જતા. સત્ય હકીકત માટે તેઓ હમેશાં આગ્રહી રહેતા. એક વખત ગામમાં બળિયાનો વાવર ચાલે. તેમના પુત્રને પણ બળિયા નીકળેલા. ગામના લોકો બાધા રાખે, પણ તેમણે સગાંના આગ્રહ છતાં બાધા રાખી નહિ. દુર્ભાગ્યે તેમનો પુત્ર એમાં મરણ પામ્યો. વ્યથિત હૃદયે તેમણે લોકોની ટીકા સહન કરી લીધી, પણ પ્રચલિત વહેમનો તો તેમણે સામનો કર્યો જ. આર્યસમાજના રંગે રંગાએલા આ કવિએ પોતાને ઘેર બીજો પુત્ર જન્મ્યો ત્યારે તેનું નામ પણ મરનાર પુત્રના નામેનામ જ રાખેલું.

આ ભૂમિનો પરિપાક કેવો અદ્‌ભુત હતો અને કેવી ખમીરવંત પ્રજા તે સમયે પાકી હતી તેનાં આવાં અનેક ઉદાહરણો છે. અત્યારના ઈન્સ્પેક્ટર જનરલ ઑાવ પ્રિઝન્સ ઘનશ્યામભાઈના પિતા શ્રી ઉમિયાશંકર ગોવિંદરામ પંડયાએ રાષ્ટ્રીય વિચારસરણી ધરાવવા માટે અધિકારીઓનો ખોફ વહોરી લીધેલો અને વહેલા નિવૃત્ત થવાની ફરજ પડેલી. નાગપુર ઝંડા સત્યાગ્રહ, ધરાસણાનો સત્યાગ્રહ કે ૧૯૪૨ની 'હિંદ છોડો' ક્રાંતિમાં આ ગામે પોતાના અનેક સપૂતો દેશને ચરણે ધર્યા છે.

—દીનાનાથ સોમેશ્વર વ્યાસ

વામન કારેલાં



કારેલાંની આમ તો ઘણી જાત થાય છે, પણ સૌરાષ્ટ્રમાં વેરાવળ-પાટણની વાડીઓમાં ઊગતી એક મનમોહક જાતનો પોરબંદરના પ્રાયોગિક બાગમાં ઉછેર કરી જે ફળ ઉતાર્યાં છે તેણે અનેક સ્થળેથી પ્રશંસા ને ઈનામો મેળવ્યાં છે. કદમાં નાનાં કોઠીંબડાં જેવડાં ને અણિયાળાં આ કારેલાંનો વેલો પણ ઝીણાં પાનવાળો ને નાજુક થાય છે, ને બી પણ બારીક. રંગે આ બી ધોળાશપડતાં પીળાં અને કારેલાં પણ ધોળાશ લેતી લીલી, પાતળી, સફેદ ટપકિયાળી છાલવાળાં. એક કારેલું ૮ થી ૧૦ ગ્રામનું થાય ને એ દરેકમાં આઠથી દસ ઝીણાં બી હોય છે. સામાન્ય રીતે કારેલાં કડવાં લાગે પણ આ વામન કારેલાં વિશિષ્ટ સ્વાદવાળાં હોય છે.

પાણીના નિતારવાળી ખાર રહિત કોઈ પણ જમીનમાં, માહ માસની આખરમાં ચાર ચાર ફૂટને અંતરે એનાં બી વાવ્યાં હોય તો એકાદ મહિને એને પીળાં ફૂલ આવે છે. આ ફૂલ પણ પુષ્કળ આવતાં હોઈ વેલા દીઠ સારો ફાલ ઊતરે છે. સામાન્ય રીતે છાણિયું ગળતિયું ખાતર નાખેલી પાળે પાળે વાવીને, અઠવાડિયે બે વાર પાણી આપી શકાય. નાના નાના વાંસ ખોડી માંડવી બાંધી એ વેલા ચડાવ્યા હોય તો સરસ ફાલ મળે. અને દર ત્રણ દિવસે કૂમળાં કારેલાં ઊતરે. પાકાં કારેલાંનાં બી સૂકવીને વાવવા માટે રાખી શકાય છે. આ કારેલાંમાં લોહ અને પ્રજીવક, અ, બ અને ક છે. કળતર મટાડવા માટે પણ એ ગુણકારી છે.

આ કારેલાંનું પદ્ધતિસરનું વાવેતર અને એનાં પરિણામોની જાહેરાત થયા પછી એનાં બીની માંગ ભારતના અગ્રગણ્ય બાગાયત સંશોધન કેન્દ્રોમાંથી જ નહિ, છેક અમેરિકાથી પણ આવી છે. ઘરઆંગણે શાકભાજી ઉગાડનારાઓએ આની પણ અજમાયશ કરવા જેવી છે.

(બાગાયાત નિષ્ણાત, પોરબંદર) —અમીલાલ ઢાંકી



અનુક્રમે : શશીકાન્ત ક. ભટ્ટ, કમળાશંકર મ. ભટ્ટ, જતનબેન રબારી, લાલજીભાઈ સવજીભાઈ અને પ્રવીણચંદ્ર છો. વાળંદ.

ગતવર્ષના પુરાણી-પારિતોષિક વિજેતાઓ

હરિ ૐ આશ્રમના શ્રી મોટાની પ્રેરણાથી મળેલી રૂ. ૨૫૦૦૦ની સહાયથી ગુજરાત વ્યાયામ પ્રસારક મંડળ દ્વારા વિવિધ ક્ષેત્રે ગુજરાતના વીરત્વને નવાજવાનો જે પ્રશંસનીય પ્રયાસ થાય છે તેમાં ગત ઈ. ૧૯૬૯–'૭૦ના વર્ષ માટે વિચારણા સારુ આવેલાં કુલ ૨૯ સાહસોમાંથી ચકાસણી કરીને પાંચ જણાને 'પુરાણી પારિતોષિક' અપાયાં છે. ગુજરાતના યુવાનોને એ પ્રેરણાદાયી બની રહો!

શશીકાન્ત ક. ભટ્ટ (રૂ. ૨૫૧) માંડવી (જિ. સૂરત)માં પેધા પડી ગએલા એક લોહીચટ્ટા વાઘને મારવા ગએલા ગ્રામજનો સાથે ટ્રક-ડ્રાઈવર શશીકાન્ત પણ ગયા અને એક હાથમાં માગેલું ધારિયું લઈ કેળના ઝૂંડ વચ્ચે એકલેપંડે વાઘને ખોળવા માંડયો. સંતાએલા વાઘે એકાએક તરાપ મારી પણ ધારિયાનો ઘા કરી શશીકાન્તે તેને પાડી દીધો, ને બીજો ઘા કરવા ધારિયું ઉગામ્યું, તે આંબાની ડાળમાં અથડાતાં હાથમાંથી છટકી ગયું. છંછેડાએલો વાઘ કૂદી આવ્યો ને બંને વચ્ચે ઝપાઝપી ચાલી. શશીકાન્તે વાઘના પાછલા પગ પકડી લઈ તેને ઢસડવા માંડયો. પણ વરસાદથી ચીકણી થએલી જમીન પર એ લપસી પડયા. વાઘે ફરી હુમલો કર્યો ત્યારે તેના મોંમાં હાથ નાખી તેનું ઉપલું જડબું સજ્જડ પકડી વાઘને નીચે પટકયો. ને તેના પાછલા પગ સાથે પોતાના પગની સજ્જડ આંટી મારી વાઘને પૂરી તાકાતથી જકડી રાખ્યો. દરમિયાન ગામલોકોએ ત્યાં પહોંચી જઈ વાઘને પૂરો કર્યો. આ જીવ સટોસટના દ્વંદ્વમાં શશીકાંતને પણ વાઘે નહોર ને દાંત પેસાડી સારી પેઠે ઘાયલ કરેલા. ઇસ્પિતાલની સારવારથી એ ઘા પણ અંતે રુઝાઈ ગયા, અને ગામ વાઘના ત્રાસથી બચી ગયું.

કમળાશંકર મ. ભટ્ટ (રૂ. ૧૫૧) દધાલિયા (સાબરકાંઠા)ની સીમમાં એક વાઘણે એક ગ્રામજનને મારી નાખ્યો. માણસનું લોહી ચાખી ગએલી એ વાઘણને મારવા લોકો દોડયા. વાઘણ બરૂના ઝૂંડમાં લપાઈ ગઈ અને લાગ મળતાં એક માણસ પર તૂટી પડી. કમળાશંકરે દોડી જઈને વાઘણ પર ધારિયાનો ઘા કર્યો, પણ ધારિયું ભાંગી ગયું. વાઘણ પેલા માણસને છોડી પાછલા પગે ઊભી થઈ કમળાશંકરની છાતી પર તોળાઈ, પણ એમણે એને કમરમાંથી પકડી નીચે પાડીને તેના મોંમાં પોતડી વીંટેલો હાથ ઘાલી દીધો ને તેના ઉપર ચડી બેસી પૂરી તાકાતથી ભીંસી રાખી. દરમિયાન એક રેવાશંકર નાયકે બંદૂક સાથે દોડી આવી કમળાશંકરની ભીંસમાં ધમપછાડા કરતી વાઘણને ગોળી મારી ઠાર કરી.

જતનબેન વાશીભાઈ રબારી (રૂ. ૧૫૧) મૂળ વીરમગામના નાથપરા ગામની પણ અમદાવાદમાં રહેતી ૧૯ વર્ષની આ બહેને પોતે જ્યાં ઘરકામ કરવા જતી એ ઘરનાં વીરમતીબેન ત્રિવેદી પર એક ગુંડાએ ખૂની હુમલો કર્યો ત્યારે એમની મદદમાં દોડી જઈને બહાદુરીથી ગુંડાનો સામનો કર્યો. વીરમતીબહેન તો બચી ન શકયાં, પણ ગુંડાને ખાલી હાથે નાસી જવું પડયું.

લાલજીભાઈ સવજીભાઈ (રૂ. ૧૦૧) સૌરાષ્ટ્રમાં વિસાવદર તાલુકાના. ઈશ્વરિયા ગામના આ સરપંચે અકસ્માત લાગેલી આગમાં ભડભડ બળતા મકાનની અંદર જોખમની પરવા કર્યા વિના કૂદી પડીને એક હરિજનની બે નાની બાળાઓને બચાવી લીધી હતી.

પ્રવીણભાઈ છો. વાળંદ (રૂ. ૫૧) ઉત્તરસંડા (ખેડા)ના ૧૫ વર્ષના આ વિદ્યાર્થીએ નડિયાદના સંતરામ મંદિરના મેળામાં પોતાને જડેલું કોઈનું એક કિંમતી પાકીટ હોમગાર્ડ્ઝ છાવણીમાં પહોંચાડીને નાની વયે સાહજિક પ્રામાણિકતાનું એક ઉમદા દૃષ્ટાંત પૂરું પાડયું હતું.

ગુજરાત વ્યાયામ પ્રચારક મંડળના ગ્રીષ્મ વ્યાયામવર્ગો

દર વર્ષની જેમ ચાલુ વર્ષે પણ ગુજરાત વ્યાયામ પ્રચારક મંડળ તરફથી મધ્યસ્થ ગ્રીષ્મ વ્યાયામ વર્ગ તા. ૧૦–૫–૭૧ થી તા. ૩૦–૫–૭૧ સુધી રાજપીપલામાં યોજાશે, જેમાં ૧૫ વર્ષ કે તેથી મોટી ઉમરના ભાઇઓ તથા બહેનો દાખલ થઈ શકશે. સંરક્ષણ તથા નાગરિક શિસ્ત તાલીમ અને વ્યાયામ-રમતોના પ્રકારોની તાલીમ આપનાર આ વર્ગો ખૂબ ઉપયોગી પુરવાર થયા છે. વર્ગને અંતે પરીક્ષા લઈ પ્રમાણપત્ર અપાય છે. એક વર્ષની સી. પી. એડ. કે ડી. પી. એડ. કોર્સની તાલીમ પૂરી કરી હોય તેઓ સીધા વિશારદ અભ્યાસક્રમમાં દાખલ થઈ શકે છે. પ્રવેશપત્ર મોકલવાની છેલ્લી તારીખ ૨–૫–૭૧ છે. પ્રવેશપત્ર તથા માહિતી માટે લખો : મંત્રી, ગુજરાત વ્યાયામ પ્રચારક મંડળ, રાજપીપળા વાયા અંકલેશ્વર.

ગુજરાતની મહિલાઓ માટે ગ્રીષ્મ તાલીમ-શિબિર

હરિૐ આશ્રમની પ્રેરણાથી સ્ત્રીઓમાં શારીરિક, માનસિક અને નૈતિક વિકાસના હેતુથી કાર્ય કરતા 'મહાજન શક્તિદળ'ના આશ્રયે ગુજરાત વ્યાયામ પ્રચારક મંડળ દ્વારા તા. ૧૦–૫–૭૧થી તા. ૩૦–૫–૭૧ સુધી ૨૧ દિવસની મુદતનો ગ્રીષ્મ તાલીમ શિબિર રાજપીપળામાં યોજાશે, જેમાં પી. ટી. પરેડ, શૂટિંગ વગેરે સંરક્ષણ પ્રવૃત્તિ ઉપરાંત વિવિધ રમત-ગમતો, આસન, નમસ્કાર જેવા સ્વાસ્થ્ય-વ્યાયામના પ્રકારો તથા સ્કાઉટિંગ હોમ નર્સિંગ, સાઈકલિંગ, તરવું વગેરેની વ્યવસ્થિત તાલીમ આપવામાં આવશે. ૧૩થી ૩૫ વર્ષની ઉમર સુધીની બહેનો દાખલ થઈ શકશે. પ્રવેશપત્ર મોકલવાની છેલ્લી તા. ૨–૫–૭૧ છે. અરજીપત્ર તથા વિગતવાર માહિતી માટે લખો: મહાજન શક્તિદળ, રાજપીપળા, વાયા અંકલેશ્વર.

બીજા વિશ્વયુદ્ધ પછી યે

'વર્લ્ડ આર્મામેન્ટ ઍન્ડ ડિસ આર્મામેન્ટ'ની ઈ. ૧૯૬૮–'૬૯ની ઈયરબુકમાં પ્રકટ થએલી વિગતો પ્રમાણે ઈ. ૧૯૪૫માં બીજું વિશ્વયુદ્ધ પૂરું થયા પછી ઈ. ૧૯૬૮ સુધીનાં ત્રેવીસ વર્ષમાં દુનિયાના એક યા બીજા ભાગમાં જુદાં જુદાં રાષ્ટ્રો, રાજ્યો ને પક્ષો વચ્ચે એક સો જેટલા નાના-મોટા સંઘર્ષો તારવી શકાય છે. નીચે તેના વિસ્તારવાર ઉલ્લેખ આપ્યા છે.

યુરોપમાં : ગ્રીક આંતરવિગ્રહો, બર્લિન, હંગેરી, ચેકોસ્લોવાકિયાની કટોકટી વગેરેના ૮; મધ્યપૂર્વ અને ઉત્તર આફ્રિકામાં : ઈરાન અને રશિયાના ઝઘડા, ઇજિપ્તનો સ્વાતંત્ર્ય વિગ્રહ, પૅલેસ્ટાઈનનો પ્રશ્ન, અરબ-ઇઝરાએલ, મૉરોક્કો ટ્યુનિશિયા અને અલ્જિરીઆની સ્વાતંત્ર્ય લડત, એડન-યમન સીમાનો ઝઘડો, સુએઝ પર ચડાઇ આદિ મળીને ૨૧; દૂર પૂર્વ અને દક્ષિણ એશિયામાં : ઇંડોનેશિયાની સ્વાતંત્ર્ય લડત, ઈંડો-ચાઈનાની લડાઈ, વિયેટનામનું યુદ્ધ, ચીનનો આંતરવિગ્રહ, તાઈવાન-ફોર્મોસાની લડાઈ, ભારત-હૈદરાબાદની અને ભારત-પાકિસ્તાન સંઘર્ષ તથા યુદ્ધ, હિંદુસ્તાનમાં કોમી હુલ્લડો, કોરીઅન યુદ્ધ, ફિલિપાઈન્સનો આંતરવિગ્રહ, બરમાનો આંતરવિગ્રહ, મલાયાનું બંડ, બરમાનો સીમા-ઝઘડો, ચીન-તિબેટની લડાઈ વગેરે મળીને ૩૩; લૅટિન અમેરિકામાં : બોલિવિયા અને પારાગ્વેમાં બંડ, કોસ્ટારિકા, હૉન્ડુરાસ, નિકારાગુઆમાં અશાંતિઓ, ક્યુબાની કટોકટીઓ, પેરૂમાં બળવો વગેરે મળીને ૧૨; આફ્રિકામાં : કેન્યાની માઉમાઉ ચળવળ, કામારૂન્સ અને રૂઆન્ડા-ઉરુન્ડીના બળવા, કૉંગોમાં ચળવળો, અંગોલાનો હુંકાર, સોમાલિયા-ઇથિયોપીઆનો ઝઘડો, કૉંગો-કિન્શાસા બળવો નાઇજિરીયા અને ઘાનાનો લશ્કરી બળવો, હોડેશિયાની કટોકટી વગેરે મળીને ૧૫; તથા પ્રકીર્ણ ૧૧ મળીને કુલ ૧૦૦.

આ માસ (એપ્રિલ) ઇતિહાસમાં

તા. ૨, ૧૮૪૦ પોતાની વાસ્તવદર્શી નવલકથાઓ અને તીખાં વિવેચનો વડે ફ્રેંચ સાહિત્યમાં ઊંડો આંક મૂકી જનાર સાહિત્યકાર એમિલ ઝોલાનો જન્મ. ઈ. ૧૮૬૪માં એની પહેલી નવલકથા બહાર પડી તેથી હિંમત પામી કારકૂની છોડી તેણે સાહિત્યક્ષેત્ર અપનાવ્યું ને છેક જીવનના અંત સુધી પોતાની કલમ ચાલુ રાખી. પણ જેનાથી તેને વ્યાપક ખ્યાતિ અને હાલાકી મળ્યાં તે તો, રાજકીય કાવાદાવાનો ભોગ બની દેશપાર થએલા ડ્રેફસ નામના એક નિર્દોષ કૅપ્ટનની સજા પાછી ખેંચાવી લેવા તેણે કલમ ઉઠાવી હતી તે કાર્ય હતું. 'આઈ એક્યુઝ'–'હું તહોમત મૂકું છું કે' નામનું એનું એ નિમિત્તનું નીડર લખાણ ઘણું જાણીતું છે. બબ્બે વાર તેને આ પ્રશ્નમાં નિષ્ફળતા મળેલી અને ઈંગ્લૅંડ જઈ વસવું પડેલું. પણ અંતે સત્ય બહાર આવ્યું ને એમિલ ઝોલાને વિજય મળ્યો. ૧૯૦૨ની ૨૮ સપ્ટેમ્બરે ઘરની સગડીમાંના ઝેરી વાયુથી ગૂંગળાઈ એ અવસાન પામ્યો.

તા. ૩, ૧૯૩૩ દુનિયાના સર્વોચ્ચ શિખર એવરેસ્ટ પરથી પહેલી વાર વિમાનનું ઉડ્ડયન થયું.


તા. ૫, ૧૮૫૬ અમેરિકન હબસીઓના પ્રથમ શૈક્ષણિક નેતા બૂકર ટાલિયાફેરો વૉશિંગ્ટનનો માતાના ગુલામી-કાળમાં **જન્મ.** અમેરિકાના



આંતરવિગ્રહ પછી એ ગુલામી તો ટળી પણ પછી સ્વાવલંબનના સમયમાં દિવસે સખત મજૂરી ને રાત્રે અભ્યાસ કરીને તથા ઘરનોકર તરીકે રહી કેટલીક સામાજિક રસમોનો ખયાલ મેળવીને, ભણવાને અતિ ઉત્સુક તેઓ પગે ચાલીને હૅમ્પ્ટન ઇન્સ્ટિટ્યૂટ નામની હબસી શાળામાં વધુ અભ્યાસ માટે જોડાવા ગયા. ખર્ચ કાઢવા તેમણે ત્યાં દ્વારપાલ તરીકે ને કડિયા તરીકે યે કામ કર્યું ને ૧૮૭૫માં ગ્રૅડ્યુએટ થઈ શિક્ષક બન્યા. હબસીઓમાં શિક્ષણ પ્રસારવાની પોતાની મહેચ્છા પાર પાડવા ૧૮૮૧માં ટસ્કીગીમાં મુક્ત થએલા હબસી ગુલામો માટેની એક ખખડધજ શાળામાં આચાર્ય બન્યા. ૧૯ વર્ષમાં તો ત્યાંના વિદ્યાર્થીઓના જ દ્વારા એમણે ૪૦ જેટલાં મકાનો બનાવ્યાં, આજે અમુક મકાન બાદ કરતાં એ જ રીતે સ્વાવલંબનથી બનાવેલાં સો ઉપરાંત મકાનો છે અને આડત્રીસ પ્રકારના ધંધાની ત્યાં તાલીમ અપાય છે. એમની આવી સેવાઓની કદર કરી હાર્વર્ડે એ. એમ. ને ડાર્ટમાઉથે એલએલ. ડી.ની માનદ્ ઉપાધિઓ એમને આપી હતી. પ્રેસિડેન્ટ થીઓડૉરે એમને વ્હાઈટ હાઉસમાં નિમંત્રીને એમનું બહુમાન કરેલું. પોતાની આત્મકથા 'અપ ફ્રોમ સ્લેવરી' સાથે હબસીઓ વિષે સમજદારી વધારતાં પ્રેરક અને માર્ગદર્શક લગભગ વીસેક પુસ્તકો લખ્યાં છે જેનાં અઢારેક ભાષામાં ભાષાંતરો થયાં છે.

તા. ૮, ૧૯૩૧ ભગતસિંહે ધારાસભામાં બૉંબનો ધડાકો કર્યો.

તા. ૧૦, ૧૮૭૫ સ્વામી દયાનંદ સરસ્વતીએ આર્ય સમાજની સ્થાપના કરી. પોતાના પરિભ્રમણમાં હિંદુ ધર્મનો જે વિનિપાત ને દેશની દુર્દશા જોયાં તેના નિવારણ અર્થે શુદ્ધ બલવાન વેદધર્મના પ્રચાર દ્વારા હિંદુ સમાજની પુનર્જાગૃતિનું આ એક મહાકાર્ય હતું. ગામેગામ વિવાદ સભાઓમાં પોતાની તીક્ષ્ણ બુદ્ધિથી બંધિયાર ધર્મમતનું ખંડન કરતા જઈને, અને બીજી બાજુથી સમાજના કુરિવાજોનો ધ્વંસ કરીને તેમણે ત્રીસ વર્ષમાં તો દેશને આર્ય ધર્મની હવાથી ચેતનવંતો બનાવી દીધો હતો.



ફૉર્ટ સુમ્ટર (Sumter)'ના કિલ્લા પર ગોલંદાજી સાથે અમેરિકન આંતરવિગ્રહનો આરંભ થયો.

તા. ૧૨, ૧૮૬૧ અમેરિકન સંયુક્ત રાજ્યોમાં આંતરવિગ્રહનો આરંભ તા. ૯, ૧૮૬૫માં જનરલ ગ્રાંટ સમક્ષ દક્ષિણ રાજ્યોના **જન. લીએ શરણાગતિ સ્વીકારતાં તેનો અંત (આ બંને પ્રસંગનાં ચિત્રો સાથે આપ્યાં છે.) અને યુદ્ધોત્તર ઉજવણીમાં એક નાટ્યગૃહમાં પ્રેસિડેન્ટ અબ્રાહમ લિંકન પર ગોળીબાર થતાં તા. ૧૫મીએ એમનું અવસાન.**

ઉત્તર અને દક્ષિણનાં રાજ્યો વચ્ચે ચાર વર્ષ સુધી યુદ્ધ ચાલ્યા બાદ વર્જિનિયામાં ઍપોમેટૉક્સમાં દક્ષિણના જનરલ રૉબર્ટ ઈ.લીએ ઉત્તરના જનરલ યુલીસિસ ગ્રાંટ સમક્ષ શરણાગતિ કબૂલી.



તા. ૧૮, ૧૮૫૯ કંપની સરકાર સામે જાગેલા વ્યાપક વિપ્લવના એક અગ્રણી બહાદુર નેતા તાત્યા ટોપેને શિપ્રીમાં ફાંસી અપાઈ.

તા. ૨૧, ૧૫૨૬ પાણીપતના યુદ્ધમાં બાબરે પઠાણોને હરાવ્યા. યુરોપ અને તુર્કસ્તાનમાં ત્યારે વપરાતી થએલી તોપોનો એણે અહીં હિંદુસ્તાનમાં પહેલી વાર ઉપયોગ કર્યો. વળી, સુલતાન ઈબ્રાહિમની સામે બાબરનું યુદ્ધકૌશલ અને યોજનાબદ્ધ આક્રમણ પણ ખાળી શકાય તેવું નહોતું. સાંજ સુધીમાં તો ઈબ્રાહિમ તેના હજારો સૈનિકો સાથે મરાયો અને બાબરની જીત થઈ દિલ્હી તેના કબજામાં ગયું.

તા. ૨૯, ૧૮૪૮ પૌરાણિક પાત્રો અને દેવ-દેવીઓનાં ચિત્રો દ્વારા દેશભરમાં ખ્યાતિ પામનાર ચિત્રકાર રાજા રવિવર્માનો જન્મ. **હિંદી ચિત્રકળાના મોટા અંધકાર યુગ પછી તેમની કળાએ પ્રથમ હિંદી ઘરોમાં સૌભાગ્ય અને દીપ્તિ વધારીને હિંદુ સંસ્કૃતિની ઉષ્મા સજીવન કરી હતી.**

અનુસંધાન] **દીનબંધુ ઍન્ડ્રુઝ** [પૃષ્ઠ ૧૨૨થી

ઈ. ૧૯૦૪થી ૧૯૪૦ સુધીનાં ૩૬ વર્ષ ભારત ખાતેનાં ગણાય. એ જ સ્ટીફન્સ કૉલેજમાં પાદરી-અધ્યાપક તરીકે આવ્યા. એના વાતાવરણમાં સમાનતા ને રાષ્ટ્રીયતાના રંગો પૂર્યા. કૉલેજના ભંગીને અછૂત ન ગણવાનું પગલું લીધું. અંગ્રેજોની ભારતીયો સામેની તુમાખી જોતાં પોતાના જાતભાઈઓ સામે જ યુદ્ધે ચડયા! કૉલેજનું આચાર્યપદ સુશીલકુમાર રુદ્રને જ ધરાર અપાવ્યું. સીમલામાં સ્ટોક્સ–સુંદરદાસ સ્થાપિત ભ્રાતૃ-સમાજનાં કામો કર્યાં. ભારતીય રાષ્ટ્રીયતા, કલા ને ઇતિહાસ પર લેખો લખ્યા ને વ્યાખ્યાનો આપ્યાં. તે વખતની આપણી રાષ્ટ્રીય એષણાથી યે આગળ વધીને સંપૂર્ણ સ્વરાજ્યની વકીલાત આપણી સાથે રહીને કરી. 'સ્પેક્ટેટર' જેવાં ઇંગ્લૅંડનાં પત્રોમાં એને પક્ષે લેખો લખ્યા. લજપતરાય છૂટયા ત્યારે એ સરકારી કૉલેજમાં દિવાળી મનાવી! રામાનંદ ચૅટરજી, હકીમ અજમલખાં, સ્વામી શ્રદ્ધાનંદ, ટાગોર ને ગાંધી જેવાનાં કામો સાથે એકરૂપ થયા. કાંગડી ગુરુકુળ ને શાન્તિનિકેતનના શિક્ષણ-પ્રયોગોમાં સક્રિય સાથ આપ્યો. લૉર્ડ હાર્ડિંજ જેવા વાઈસરૉયનાં યે દિલ જીત્યાં. ગાંધીજીને જરૂર પડી તો માંદી માતાને મૂકીને દક્ષિણ આફ્રિકા દોડી ગયા. કેવળ એક વાકય બાબતમાં ગાંધી-સ્મટ્સ કરાર ભાંગી પડત, તે ભંગાણ એમને કારણે જ અટકયું. ફીજીની કૂલી-પ્રથા ટાળવા બે વાર લથડેલી તબિયતે ત્યાં ગયા ને એ નાબૂદ કરાવીને જ જંપ્યા. લંડનની ગોળમેજી વખતે ગાંધીજીને મદદ કરી. આ બધાં સેવાકાર્યો દરમિયાન માતપિતા અવસાન પામ્યાં તેમને મળી પણ ન શકયા. પંજાબના અત્યાચારો વખતે નિર્ભીકરીતે એકલે હાથે તપાસ આદરી ધરપકડ પણ વહોરી. રવીન્દ્રનાથને 'સર'નો ઈલકાબ છોડવાની સલાહ આપી એમના એ વખતના પત્રને પ્રસિદ્ધિ અપાવી. મજૂરો, વિદ્યાર્થીઓ ને સ્ત્રીઓ માટે અનેકવિધ કાર્યો કર્યાં. રેલવેની હડતાળ વખતે મજૂરોને પક્ષે રહ્યા.

ગાંધી-ટાગોરના અંતરંગ આત્મજન, છતાં પોતાને સાચું લાગે એ બાબતમાં તો કોઈ સાથે બાંધછોડ ન કરી. જલિયાંવાલા સ્મારક, વિદેશી વસ્ત્રોની હોળી, યુદ્ધભરતી, વેરસાઈ(વર્સેલ્સ)ની સંધિ, લગ્ન ને બ્રહ્મચર્ય – એ બાબતોમાં ગાંધીજીથી દૃઢ રીતે ભિન્ન મત ધરાવતા ને તે વ્યક્ત કરતા: એટલે સુધી કે ભારતમાં કાયમ ખાદી ને ભારતીય પોશાક ધારણ કરનાર ઍન્ડ્રુઝ ગાંધીજીનું ધ્યાન ખેંચાય એ રીતે વિદેશી વસ્ત્ર-પોશાકે સજ્જ થઈને અમદાવાદ આવેલા!

આ છત્રીસ વર્ષના ગાળામાં પણ સતત પરિભ્રમણ કરતા જ રહ્યા. બે નાની જૂની બૅગ: એકમાં ખપથી યે થોડાં કપડાં ને ઝાઝાં પુસ્તકો; બીજીમાં લખાણની સામગ્રી, એક ડબરામાં ખજૂર ને ઈનોઝ ફ્રૂટસૉલ્ટની બાટલી. કપડાં ને અંગત સુખસગવડ પ્રત્યે બિલકુલ બેતમાં. સાચા ફકીર. એમના જીવનના કેટલા બધા પ્રસંગો દિલની અમીરાઈભર્યા ફકીર હાલને લગતા છે! કલકત્તાના છાપાનો ફેરિયો પણ, છાપું લઈ પૈસા આપવા ખિસ્સાં ફંફોસતા ઍન્ડ્રુઝને જોઇ હસીને કહે: 'રહેવા દો સાહેબ, રસ્તામાં મારા જેવા કોકને એ પહોંચી ગયા હશે એ હું જાણું છું. તમને ઓળખું છું.'

પરગામ જતાં સાથે લીધેલો ધાબળો રસ્તામાં મળેલી તાવલી બાઈને આપી દીધો. ફરીથી જરૂર પડતાં સુધાકાન્ત રાયચૌધરીનો લઈ ગયા. કામ પતી ગયા પછી! ઍન્ડ્રુઝનો નોકર ધાબળો પાછો આપવા ગયો, ત્યારે કિનાર પર નામ હતું S. K. Rudra, ને ધાબળો હતો ખૂબ કીમતી! સુધાકાંતે સૌ દેખતાં ઍન્ડ્રુઝને આ વાત કરી, ત્યારે ઍન્ડ્રુઝે જવાબ વાળ્યો: 'ધાબળો તો છે ને? એમાં વળી સારો-ખરાબ શું?' ને રવીન્દ્રનાથે ચુકાદો આપ્યો: 'ઍન્ડ્રુઝ તો નદીનો પ્રવાહ છે. એક તટને ભોગે બીજાને ન્યાલ કરી દે. તમારે કોઈ વસ્તુ ખોઈ નાખવી હોય તો એને આપો.'

દક્ષિણ આફ્રિકામાં એક ભારતીય હજામની દુકાને 'ફક્ત કાળાઓ માટે' પાટિયું વાંચીને, નહોતી જરૂર તો ય, ત્યાં જ હજામત કરાવેલી! શાન્તિનિકેતનમાં કાળા ઉનાળામાં આવેલા એક અંગ્રેજ અમલદારને મળવા ગયા ત્યારે એમને ધોતિયા ઝભ્ભા ને ટોપીમાં જોઈ પેલાએ ટીકા કરી: 'કેવું બિહૂદું! તમારે આ અપમાનજનક પોશાકથી શરમાવું જોઇએ.' ખાણા સમયે ફરી મળ્યા ત્યારે સાહેબે જોયું તો ઍન્ડ્રુઝે પહેરવેશમાં માત્ર આટલો જ ફેરફાર કર્યો છે: ઝભ્ભો નથી, કેવળ ધોતિયું ને ટોપી જ છે!

અનેક પરિભ્રમણો ને કડીતોડ કામગીરી વચ્ચે પણ એમણે સતત કલમ ચલાવ્યે રાખી છે. આત્મકથા, ચરિત્રો, પત્રો, લેખો વગેરેનાં પાંત્રીસ પુસ્તકો એમની વિદ્વત્તાની શાખ પૂરે છે. કેટલા યે લેખો હજી ગ્રંથસ્થ થયા વિનાના છે. એમનાં આ લખાણનો ને એમના જીવનસંગીતનો પણ સમ તો છે કરુણા જ. એમની નજર સામે સદા રહ્યા છે દરિદ્રનારાયણ.

દક્ષિણ આફ્રિકાનો એક પ્રસંગ છે. ઍન્ડ્રુઝ ને ગાંધીજી એક શેરડીના ખેતર પાસેથી પસાર થતા હતા. ત્યાં ખેતરમાંથી લપાતો-છુપાતો એક મજૂર એકાએક આવ્યો ને ગાંધીજીને ચરણે પડયો. એના બરડા પર સૉળ હતા અને ઘામાંથી લોહી વહેતું હતું. એ શરણ યાચતો આવ્યો ત્યારે ઍન્ડ્રુઝ ગાંધીજીની પાછળ હોઈ એમની નજર ગઈ નહોતી, પણ પછી એણે બરડો ખોલ્યો તે જોવા આગળ આવેલા આ અંગ્રેજને જોઇને પેલો છળી પડયો ને ભયત્રસ્ત આંખે એમની સામે જોઈ રહ્યો!

એ ચિત્ર એમના અસંપ્રજ્ઞાત મન પર અંકાઈ ગયું. વર્ષો વીત્યાં. શાન્તિનિકેતનમાં એમના પર થએલા કૉલેરાના હુમલા પછી સીમલામાં આરામ કરવા ગએલા ઍન્ડ્રુઝ ફીજીમાંના કૂલીઓની હૃદયદ્રાવક પરિસ્થિતિ વિષે પુસ્તક વાંચે છે. એ બંધ કરાવવા શ્રેણીબંધ લેખો લખે છે. એ દરમિયાન એક વાર ખુરસી પર બેઠા છે ને એક ચીંથરેહાલ મજૂરને આવતો જુએ છે. બરડા પર સૉળ છે, આંખો ભયવિહ્વળ છે. એને જોઇને એ ઊભા થાય છે. પેલો વધુ નજીક આવે છે. ઍન્ડ્રુઝની બન્ને આંખો આંસુથી છલકાઈ ઊઠે છે. એના ચહેરા સામે એ કરુણાસભર નેત્રે તાકી રહે છે, તો, ત્યાં એકાએક પરિવર્તન દેખાય છે! એ મજૂર નથી, ખ્રિસ્ત પોતે છે! એ રડતો નથી, હસે છે!...ને એ સ્થિતિમાં કયાંય સુધી એ દર્શનમુગ્ધ બનીને ઊભા રહે છે! અલબત્ત, પાછળથી વિચારતાં એમને લાગે છે કે એ તો પેલા દક્ષિણ આફ્રિકામાં જોએલા મજૂરનું જ સ્મરણ.

એવા સાધુચરિત ઍન્ડ્રુઝ ૧૯૪૦ના એપ્રિલની ૫મીએ કલકત્તામાં અવસાન પામ્યા. એ છેલ્લો દિવસ તો નવપ્રભાત હશે એવી એમણે જીવતાં જ કલ્પના કરેલી. એમની ને પ્રભુની વચ્ચે કોઈ પડદો નહિ હોય:

'The shadow and the veil shall pass away,
Death shall make true my dreaming.'

The Indentured Coolie	**ગિરમીટિયો**
There he crouched,	નતાંગ ત્યાં તે
Back and arms scarred,	ક્ષતચિહ્ન કારમાં પીઠે
Like a hunted thing,	અને હાથ પરે, બચે ય તે!
Terror-stricken.	કો વ્યાધ કેરું શરલક્ષ્ય બાપડું.
All within me	બિબાકળી, ભીતિ થકી ધ્રૂજંતું!
surged towards him,	મારો બધો અંતરલોઢ ઊછળ્યો
While the tears rushed.	એના ભણી; ને જળનેન ઢાળ્યાં.
Then, a change!	ત્યાં કો પરિવર્ત!
Through his eyes	એને દગેથી મુખ ભવ્ય તારું
I saw His glorious face,	દીઠું, મહા વિસ્મયકારી, મીઠું,
Ah, the wonder!	પ્રશાન્ત, ને કો પરદા વિનાનું
Calm, unveiled	સ્વરૂપ, જે ના ચીમળાય કો દી';
in deathless beauty,	અક્ષુણ્ણ, કેવું રૂપ! હે દયાનિધિ!
Lord of Sorrow!	—અનુવાદ: કo

ઍન્ડ્રુઝ કવિ પણ હતા. 'ધ મધરલૅન્ડ' નામક એમનો કાવ્યસંગ્રહ પણ છે. ૧૯૧૫માં સીમલામાં રચાએલી આ રચનાવાળો પ્રસંગ ઉપર આપ્યો છે.

વ્હાલા શું વેર ન કીજિયે ઊલટીને નવ દઇએ ગાળ,
ધીમે ધીમે તેને છાંડીએ જેમ સરવર છોડે પાળ.


સમર્થ રામદાસ સ્વામીનો નિર્વાણકાળ પાસે આવતાં એમના એક શિષ્યે એમને એમના સ્થાન ચાફળ ગામે જવા કહ્યું, જેથી ત્યાં એમણે બંધાવેલા શ્રીરામ મંદિરના સાન્નિધ્યમાં જ એમનો દેહોત્સર્ગ થાય. જવાબમાં સમર્થે કહ્યું કે, 'તો તો એ મંદિર પાસે મારી સમાધિ ચણાવી તમે મારો મહિમા એટલો બધો વધારી મૂકો કે રામપ્રભુનું તો કશું મહત્ત્વ જ ના રહે.'

કહેવતોના અર્થ: 'બાપના થાન જેવું'–જેમાંથી કશો જ લાભ કે તત્ત્વ ન નીકળે એ માટે વપરાતી આ કહેવત સાથે 'બકરીના ગળાના આંચળ જેવું' એમ પણ બોલાય છે–જેમાંથી દૂધ નીકળે જ નહિ. એવી બીજી ઉક્તિ 'ચાંચડની ચરબી ને માખીનું મગજ'–જે કાઢયાં નીકળે જ નહિ.

અનેકાર્થી શબ્દ: **અવતાર**=જન્મ; જિંદગી (અવતાર એળે ગયો); ઈશ્વરના ૨૪ અને ૧૦ અવતાર ગણાતા હોઈ ૨૪ કે ૧૦ની સંખ્યા; સ્વરૂપ-પલટો, તરજુમો; નીચે ઊતરવું તે; નદીમાં ઊતરવા માટે બાંધેલાં પગથિયાં; તળાવ, તીર્થ.

પૃથ્વીની સપાટી પર જેટલું પાણી છે તે બધું ભેગું કરીને તેનો એક થાંભલો સૂર્ય સુધી પહોંચે તેવડો (૯ કરોડ ૩૦ લાખ માઈલ લાંબો) રચવામાં આવે તો એ થાંભલો અઢી માઈલના વ્યાસની જાડાઈનો થાય!

ગણિતગમ્મત: ૨ અને ૩ એ જેમ પાસપાસેની સંખ્યા છે તેમ $૨^{૩}$ અને $૩^{૨}$ એ પણ પાસપાસેની સંખ્યા થાય છે જુઓ: $૨^{૩}=૮$ અને $૩^{૨}=૯$.
—મ. ના. ખત્રી



આપણા દેશમાં પ્રથમ વસ્તીગણતરી થયાને આ સાલ સો વર્ષ થતાં હોવા નિમિત્તે નીકળેલી ખાસ ટિકિટ. (પ્રેષક: ડાહ્યાલાલ પરમાર-અમદાવાદ)

પૃથ્વીની સૌથી ગરમ વસ્તુ છે જ્વાળામુખીનો લાવા, જેનું ઉષ્ણતામાન ૩૦૦૦ અંશ હોય છે.

મચ્છરના ઉપદ્રવ વખતે ડુંગળીના રસને પથારીની આસપાસ છાંટી જોજો.



કૉમ્પ્યુટર્સ જેવાં ઇલેક્ટ્રૉનિક યંત્રોમાં વપરાતા કેટલાક દીવા એટલા તો સૂક્ષ્મ હોય છે કે તે સોયના નાકામાંથી પણ પસાર થઈ શકે. સામાન્યત: એની લંબાઈ ૦·૧૨૫ ઇંચ અને તેનો વ્યાસ ૦-૦૪ ઇંચનો હોય છે.



ફુવારો બનાવો: (ચિત્ર ૧) મોટા મોંની એક શીશીમાં ૩/૪ ભાગ પાણી ભરીને તેના બૂચ સોંસરું કાણું પાડી, તે સોંસરી કાચની નળી કે મજબૂત ભૂંગળી પાણીમાં ડુબાડો. પછી બ્લૉટિંગ પેપરનો ઠીકઠીક કદનો ટુકડો પાણીથી ભીંજવી તેના ઉપર શીશી મૂકો. હવે કાચની એક બરણીને દેવતા આગળ ધરીને સહેજસાજ ગરમ કરી પેલી શીશી ઉપર ઊંધી કરીને બ્લૉટિંગ ઉપર મજબૂત રીતે દબાવી દો (ચિત્ર ૨), એટલે થોડી મિનિટ બાદ (ચિત્ર નં. ૩માં બતાવ્યા મુજબ) નળીમાંથી પાણી ફુવારા માફક ઊડવા લાગશે.



ફીલો માર્ગ (ફોટો · અશ્વિન મહેતા) હિમાલયના ઉચ્ચ પ્રદેશમાં આંખને આંજી દેતી વિસ્તૃત બરફીલી ભૂમિના ગોપિત સૌન્દર્યને
ાર આણવા ફોટોકલાકારે અહીં તેજછાયાની ભાતથી એની એકવિધ સફેદીને તોડી છે, તો દૂર જતાં માનવપાત્રો દ્વારા જોનારની નજરને
ક્ષિતિજ પ્રતિ વાળીને અન્યથા તદ્દન સૂમસામ જણાતા આ હિમવિસ્તારમાં સજીવતા આણી છે.